
દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 134 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ સુદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 June 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૭ જૂન ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



**બે ઐતિહાસિક રેલવે બ્રિજ:** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ચિનાબ નદી પરના વિશ્વના સૌથી ઊંચા કમાનવાળા રેલવે બ્રિજ અને અંજી નદી પરના દેશના સૌપ્રથમ કેબલ-સ્ટેડ બ્રિજનું ઉદ્ઘાટન કર્યું હતું. ચિનાબ પુલ પરથી કટરા-શ્રીનગર વંદે ભારત ટ્રેન દોડાવાઈ હતી. (એજન્સી)

# દેશના બે ઐતિહાસિક રેલવે બ્રિજ રાષ્ટ્રને સમર્પિત

## ચિનાબ બ્રિજ વિશ્વનો સૌથી ઊંચો અંજી પુલ દેશનો પ્રથમ કેબલ-સ્ટેડ બ્રિજ

કટરા (જમ્મુ) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ અને કાશ્મીરની ચિનાબ નદી પરનો વિશ્વનો સૌથી ઊંચો કમાનવાળો રેલવે પુલ શુક્રવારે રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો, કટરાથી શ્રીનગર સુધીની વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી, દેશના પ્રથમ કેબલ-સ્ટેડ રેલવે પુલ (અંજી પુલ)નું ઉદ્ઘાટન કર્યું હતું અને રૂપિયા ૪૬,૦૦૦ કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટસનો શિલાન્યાસ કે ઉદ્ઘાટન કર્યું હતું. નરેન્દ્ર મોદીએ કટરા-શ્રીનગર વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી દાખવી ત્યારે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે શુક્રવારે ઉધમપુર-શ્રીનગર-બારેમુલ્લા રેલ લિન્ક (યુએસબીઆરએલ) પ્રોજેક્ટના મહત્ત્વના આઠ પાસાંની જાણ કરી હતી. એક્સ પર એક પોસ્ટમાં રેલવેપ્રધાન વૈષ્ણવે આ પ્રકલ્પને ઈજનેરીની એક મહત્ત્વની ઉપલબ્ધી ગણાવી હતી. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે આ પ્રકલ્પમાં ભારતની સૌથી લાંબી પરિવહન ટનલ ટી-૫૦નો સમાવેશ થાય છે જે ૧૨.૭૭ કિલોમીટર લાંબી છે અને ખરી તથા સંબર વચ્ચે આવેલી છે. તદુપરાંત આમાં ભારતની બીજા નંબરની લાંબી પરિવહન ટનલ ટી-૮૦નો સમાવેશ થાય છે. આ ટનલ પિર પંજાલ રેલવે ટનલના નામે ઓળખાય છે અને તે બનિહાલ અને કાઝીગુંડ વચ્ચે આવેલી છે અને તેની લંબાઈ ૧૧.૨૨ કિલોમીટર છે. ભારતની ત્રીજી લાંબી ટનલ ટી-૪૪ ૧૧.૧૩ કિલમીટરની છે અને તે સ્વાલકોટ અને સંગલદાન વચ્ચે આવેલી છે.

વૈષ્ણવે એ વાત પર ભાર મૂક્યો હતો કે આ પ્રકલ્પમાં ૩૬ મુખ્ય ટનલ જેની મુખ્ય લંબાઈ ૧૧૯.૬ કિલોમીટરની છે અને આઠ એસ્કેપ ટનલ જેની લંબાઈ ૬૬.૪ કિલમીટરની છે એનો સમાવેશ થાય છે.

તેમણે વિશ્વના સૌથી ઊંચા ચિનાબ પુલની પણ માહિતી આપી હતી. આ પુલની લંબાઈ ૧.૩ કિલોમીટર છે અને તેની ઊંચાઈ ૩૫૯ મીટર છે. આ પુલ એફીલ ટાવર કરતાં ૩૫ મીટર ઊંચો છે. આમાં જમ્મુથી દિલ્હી સુધીના રેલવે ટ્રેકથી પણ વધારે લંબાઈનું એટલે કે ૬૦૦ કિલોમીટરનું સ્ટિલ વેલ્ડિંગ કરવામાં આવ્યું હતું. વૈષ્ણવે પ્રતિષ્ઠિત અંજી બ્રિજની લાક્ષણિકતા વર્ણવી હતી. આ પુલ ભારતનો પ્રથમ કેબલ સ્ટેડ રેલવે બ્રીજ છે. તેની લંબાઈ ૭૨૫.૫ મીટર છે. આ પુલ મધ્યમાં મીનારા જેટલા ઊંચા થાંબલા પર ઊભો છે. આ થાંભલાની ઊંચાઈ ફાઉન્ડેશનની ટોચ પરથી ૧૯૩ મીટર છે. બધા જ ૯૬ સ્ટે કેબલ ફક્ત ૧૧ મહિનામાં ઊભા કરવામાં આવ્યા હતા. જેની કુલ લંબાઈ ૬૫૩ કિલોમીટર છે જે જમ્મુથી દિલ્હીના અંતરથી વધારે છે.

હિમાલયના સંકીર્ણ ભૌગોલિક, ભૂસ્તરશાસ્ત્રીય અને હવામાનશાસ્ત્રીય પડકારોને ધ્યાનમાં રાખીને આધુનિક બાંધકામ ટેક્નિક હિમાલયન ટનલિંગ મેથડ અપનાવવામાં આવી હતી.

વૈષ્ણવે કહ્યું હતું કે વંદે ભારત ટ્રેનમાં પાટા પરના હિમને સાફ કરવા 'આઈસ કટર' ગોઠવવામાં આવ્યું છે, જેથી દરેક હવામાનમાં વિશ્વાસપાત્ર ટ્રેન સેવા ચાલુ રહે.

જમ્મુ અને કાશ્મીરના ઉપ રાજ્યપાલ મનોજ સિંહાએ કહ્યું હતું કે આ રેલ લિન્ક જમ્મુ અને કાશ્મીરને નવા યુગમાં લઈ જશે અને વેપાર તથા વ્યવસાય માટે આદર્શ વાતાવરણનુ સર્જન કરશે. આ રેલ લાઈનને લીધે સમૃદ્ધિ આવશે.

પહલગામ આતંકવાદી હુમલા પછી આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પહેલી વાર જમ્મુ અને કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા છે. પીએમ મોદીએ વિશ્વના સૌથી ઊંચા રેલવે પુલ ચિનાબનું ઉદ્ઘાટન કર્યું. પીએમ મોદીએ પુલના ઉદ્ઘાટન બાદ પુલ પર તિરંગો લહેરાવ્યો હતો. પીએમ મોદી ત્યારબાદ તે જ ટ્રેક પર બનેલા અંજી પુલનું પણ ઉદ્ઘાટન કરશે.

આ પૂર્વે પીએમ મોદીએ ચેનાબ

(જુઓ પાનું ૨) ▸▸

# પાકે 'ઈન્સાનિયત' પર હુમલો કર્યો હતો: મોદી

શ્રીનગર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચિનાબ બ્રિજનું ઉદ્ઘાટન કર્યા બાદ જનસભાને સંબોધન કર્યું હતું. જેમાં તેમણે ફરી પાકિસ્તાન પર પ્રહાર કર્યા હતા. વડા પ્રધાન મોદીએ કહ્યું, પાકિસ્તાન માનવતા અને ગરીબોનું વિરોધી છે. પાકિસ્તાનની કોશિશ કાશ્મીરને બરબાદ કરવાની હતી. પાકિસ્તાને કાશ્મીરની અનેક પેઢીને બરબાદ કરી છે. કાશ્મીરે આતંકને તેનું ભાગ્ય માની લીધું છે. અહીંયાની હાલત બદલાઈ રહી છે.

પીએમ મોદીએ કહ્યું, પહલગામમાં માનવતા અને કાશ્મીરિયત પર હુમલો થયો હતો. પાકિસ્તાન ટૂરિઝમનું વિરોધી છે. પાકિસ્તાન જ્યારે પણ ઓપરેશન સિંદૂરનું નામ લેશે ત્યારે ભારત સામે થયેલા કારમા પરાજયની યાદ આવશે. પીએમ મોદીએ ઑપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરીને કહ્યું, ૬ મેની રાત આતંકીઓ માટે કાળ હતી. રઘવાયા બનેલા પાકિસ્તાને કાશ્મીરમાં આમ આદમી પર હુમલા કર્યા. કાશ્મીરમાં ગુરુદ્વારા અને મસ્જિદને પણ નિશાન બનાવ્યા હતા.

આ ઉપરાંત વડા પ્રધાન મોદીએ કહ્યું, આ નવા ભારતની તાકાત છે. પીએમ મોદીએ કહ્યું, ચિનાબ બ્રિજના ઉદ્ઘાટનથી જમ્મુ-કાશ્મીરમાં લાખો લોકોનું સપનું પૂરું થયું છે. ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લાઇન પરિયોજના માત્ર એક નામ નથી, તે જમ્મુ-કાશ્મીરની નવી તાકાતની ઓળખ છે. આજે જમ્મુ-કાશ્મીરને બે નવી વંદે ભારત ટ્રેન મળી છે. ૪૬ હજાર કરોડ રૂપિયાની યોજનાએ કાશ્મીરના વિકાસને વેગ આપશે.

આજનો કાર્યક્રમ ભારતની એકતા અને ઈચ્છા શક્તિનો ખૂબ મોટો ઉત્સવ છે. માતા વૈષ્ણોદેવીના આશીર્વાદથી આજે કાશ્મીર ઘાટી ભારતના રેલ નેટવર્ક સાથે જોડાયું છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી રેલ નેટવર્ક છે. પીએમ મોદીએ કહ્યું કે આપણો પડોશી દેશ માનવતાનો દુશ્મન છે. પાકિસ્તાને ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં માનવતા અને કાશ્મીરિયત બંને પર હુમલો કર્યો હતો. પાકિસ્તાન આપણા દેશમાં સાંપ્રદાયિક હિંસા ભડકાવવા માંગે છે. ભારત તેમના ઘરમાં ઘૂસીને બદલો લેશે તેમ પાકિસ્તાન સેના અને આતંકીએ વિચાર્યું નહીં હોય. વર્ષોથી આતંકીઓએ જે માળખું તૈયાર કર્યું હતું, તે ગણતરીની મિનિટોમાં જ ખંડેર બની ગયું હતું.

પાકિસ્તાન કાશ્મીરના મહેનતું લોકોને આજીવિકાથી દૂર કરવા માંગે છે. આતંકીઓને પડકારનારો યુવક આદિલ પણ ત્યાં મહેનત મજૂરી કરવા ગયો

(જુઓ પાનું ૨) ▸▸

# વ્યાજદર ઘટ્યો: લોન સસ્તી થશે




મુંબઈ: ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઈ)એ વ્યાજદરમાં અડધો ટકો ઘટાડવાની જાહેરાત કરતા લોન સસ્તી થશે. આરબીઆઈએ સતત ત્રીજીવાર વ્યાજદરમાં ઘટાડો કર્યો છે. ટૅરિફ વૉર અને જીઓપોલિટિકલ અનિશ્ચિતતા વચ્ચે આરબીઆઈએ દેશના અર્થતંત્રને ટેકો આપવા અને નાણાકીય પ્રવાહિતા વધારવા કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)માં પણ ૧૦૦ બેઝિસ પૉઈન્ટનો ઘટાડો કર્યો છે. આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાના વડપણ હેઠળની

(જુઓ પાનું ૨) ▸▸

# ગુજરાત કૉંગ્રેસના મહામંત્રી રાજેશ સોનીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત કૉંગ્રેસના મહામંત્રી રાજેશ સોનીની સ્ટેટ સાયબર ક્રાઈમ દ્વારા ગુરુવાર મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હતી. સીઆઈડી ક્રાઇમ ગાંધીનગરની કચેરી દ્વારા અટકાયત કરવામાં આવી હતી. રાજેશ સોનીની ધરપકડ થતાં રાજ્યના રાજકારણમાં ખળભળાટ મચી ગયો હતો. રાજેશ સોનીની સ્ટેટ સાયબર ક્રાઈમ દ્વારા મોડી રાત્રે ધરપકડ અંગેની માહિતી કૉંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આપવામાં આવી હતી, જેના પગલે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, 'ઑપરેશન સિંદૂર' અંગે વિવાદિત પોસ્ટ મામલે કૉંગ્રેસ નેતા રાજેશ સોની સામે સાયબર સેલમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ઓપરેશન સિંદૂર અને સેના અંગે વિવાદિત પોસ્ટ કરતાં મામલો વણસ્યો હતો, જે બાદ કાયદાકીય તપાસ હાથ ધરવામાં આવી હતી. રાજેશ સોનીએ ફેસબુક પર સેના અંગે વાંધાજનક પોસ્ટ કરી હતી, જેને પગલે રાજેશ સોની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ તરફ, સાયબર સેલના એસપી ધર્મેન્દ્ર શર્માએ કહ્યું હતું કે, ભારતીય સેના અને 'ઑપરેશન સિંદૂર' મામલે ખોટા શબ્દોનો ઉપયોગ કરાયો હતો. જેને કારણે રાજેશ સોની સમક્ષ કાયદાકીય કડક પગલા લેવામાં આવ્યા છે.

અમદાવાદથી રાજેશ સોનીની સીઆઈડી સાયબર ક્રાઈમે ધરપકડ કરી હતી. એક તરફ ભારતે દુશ્મન દેશને જડબાતોડ જવાબ આપ્યો હતો. ત્યાં જ આપણા દેશના નેતા ભારતીય સેના અને તેમની ક્ષમતા પર સવાલ ઊભા કરી રહ્યા હતા. આ પ્રકારની વિવાદિત ટિપ્પણી ભારતીય સેનાનું મનોબળ તોડવા સમાન છે. કૉંગ્રેસ નેતા રાજેશ સોનીની ટિપ્પણી નિંદનીય સાબિત થઈ છે. કૉંગ્રેસ દ્વારા રાજકીય દબાણમાં ફરિયાદ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. આ આક્ષેપ મામલે સીઆઈડીના સાયબર ક્રાઇમ ડીસીપી ધર્મેન્દ્ર શર્માએ કહ્યું હતું કે સેના વિરુદ્ધ પોસ્ટને લઈને ગુનો નોંધાયો હતો.

રાજેશ સોનીએ ૨૨ મેના રોજ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, સૌનિકોને શ્રેય મળશે નહીં. એની ખાસ નોંધ લેશો. ઑપરેશન સિંદૂરમાં

(જુઓ પાનું ૨) ▸▸

# ભારતમાં કોવિડના ૫૦૦૦થી વધુ સક્રિય કેસ

નવી દિલ્હી: કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના શુક્રવારે જાહેર કરાયેલા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ ભારતના સક્રિય કોવિડ કેસોની સંખ્યા ૫૦૦૦નો આંકડો વટાવી ગઈ છે, જેમાં કેરળ સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્ય રહ્યું છે, ત્યારબાદ ગુજરાત, પશ્ચિમ બંગાળ અને દિલ્હીનો ક્રમ આવે છે.

કેસોમાં વધારાને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર કોવિડ-૧૯ માટે સુવિધા-સ્તરની તૈયારી ચકાસવા માટે મોકડ્રિલ કરી રહ્યું છે.

ભારતમાં ૫૩૬૪ સક્રિય કેસ છે અને છેલ્લા ૨૪ કલાકમાં ચાર નવા મૃત્યુ નોંધાયાં છે.

કોવિડના વધતા કેસોને ધ્યાનમાં રાખીને તમામ રાજ્યોને ઓક્સિજન, આઇસોલેશન બેડ, વેન્ટિલેટર અને આવશ્યક દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે કે મોટાભાગના કેસ હળવા છે અને ઘરે સારવાર હેઠળ તેનું સંચાલન કરવામાં આવે છે.

આ વર્ષે જાન્યુઆરીથી, દેશમાં ૫૫ મૃત્યુ નોંધાયાં છે. ૨૨ મેના રોજ દેશમાં કુલ ૨૫૭ સક્રિય દર્દીઓ હતા.

બે અને ત્રણ જૂનના રોજ આરોગ્ય સેવા મહાનિર્દેશક (ડીજીએચએસ) ડો. સુનીતા શર્માની અધ્યક્ષતામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, ઇમરજન્સી મેનેજમેન્ટ રિસ્પોન્સ (ઇએમઆર) સેલ, નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (એનસીડીસી), ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર), ઇન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ (આઈડીએસપી) અને દિલ્હીમાં કેન્દ્ર સરકારની હોસ્પિટલોના પ્રતિનિધિઓ સાથે શ્રેણીબદ્ધ ટેક્નિકલ સમીક્ષા બેઠકો યોજાઈ હતી.

ચાર જૂનના રોજ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે આઈડીએસપી હેઠળ રાજ્ય અને જિલ્લા સર્વેલન્સ એકમો ઇન્ફ્લુએન્ઝા જેવી બીમારી (આઈએલઆઈ) અને ગંભીર તીવ્ર શ્વસન બીમારી (એસએઆરઆઈ) પર નજીકથી નજર રાખી રહ્યા છે.

''માર્ગદર્શિકા અનુસાર દાખલ થયેલા તમામ એસએઆરઆઈ કેસ અને પાંચ ટકા આઈએલઆઈ કેસ માટે પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે અને આઈસીએમઆર વીઆરડીએલ નેટવર્ક દ્વારા પોઝિટિવ એસએઆરઆઈ નમૂનાઓ સંપૂર્ણ જીનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવે છે,'' એમ એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું.

# સુરતમાં ગુજરાતના સૌથી મોટા સાયબર ફ્રોડનો પર્દાફાશ

અમદાવાદ: ગુજરાતમાં સૌથી મોટા સાયબર ફ્રોડનો પર્દાફાશ થયો હતો. જેને પગલે પોલીસ પણ ચોંકી ગઈ છે. સુરત શહેરમાં ગત ૨૭ મેના રોજ ઉધના પોલીસે વાહન ચેકિંગમાં બે શખ્સોને પકડી પાડી સાયબર ક્રાઇમની ઓનલાઇન ચીટીંગનું ઇન્ટરનેશનલ રેકેટ પકડી પાડ્યું હતું. આ કેસમાં નવો ઘટસ્ફોટ થયો હતો. તપાસ દરમિયાન પોલીસને ૧૬૪ બૅન્ક એકાઉન્ટ મળ્યાં છે. આ બૅન્ક એકાઉન્ટમાંથી આરબીએલ બૅન્કમાં ખોલેલા ૯૦ બૅન્ક એકાઉન્ટમાંથી માત્ર છ મહિનામાં કુલ ૧,૪૪૫ કરોડનાં ટ્રાન્ઝેક્શન મળ્યાં છે. જ્યારે હજુ ૭૫ બૅન્ક એકાઉન્ટનું વેરિફિકેશન કરવાનું બાકી છે. આ આંકડો વધી શકે છે. તમામ બૅન્ક એકાઉન્ટ સુરત શહેરમાં ખોલવામાં આવ્યા હતા. આ બેંક એકાઉન્ટની વિગતોમાં સિંગાપોર, મલેશિયા, ક્યુબા અને થાઈલેન્ડના મોબાઈલ નંબરો આપવામાં આવ્યા હતા.

આ સમગ્ર મામલે ડીસીપી ભગીરથસિંહ ગઢવીએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં આ ગુનામાં બે આરોપી કિરાત જાદવાણી અને મિત ખોખર સહિત મયુર ઇટાલિયાની ધરપકડ કરાઈ હતી. ત્યાર બાદ અન્ય એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આ આરોપીઓ અન્ય લોકો પાસેથી તમામ વિગતો મેળવી બૅન્ક એકાઉન્ટ ખોલાવતા હતા. દર એકાઉન્ટ દીઠ તેમને અલગ અલગ લિમિટ આધારે એક લાખ રૂપિયાથી લઈને સાત લાખ સુધીનું કમિશન મળતું હતું.

સમગ્ર કેસમાં દિવ્યેશ વિનીત સહિત રિચ પે આઈડીધારક નામના આરોપીઓ પણ મુખ્ય આરોપી હોવાનું બહાર આવ્યું છે. મોટાભાગના બેન્ક એકાઉન્ટ પૈસાની જરૂરિયાતમંદ લોકોને લોન આપવાના બહાને ખોલાવેલા હોવાનો પણ તપાસમાં ખુલાસો થયો છે. પૈસાની જરૂરિયાતમંદ લોકોને બૅન્ક લોન આપવાના બહાને ડોક્યુમેન્ટ લઈને બૅન્ક એકાઉન્ટ ખોલી નાખવામાં આવતા હતા. બાદમાં ડોક્યુમેન્ટ ખૂટે છે જેના કારણે બૅન્ક એકાઉન્ટ નહીં ખુલે તેવું કહીને આ ભેજાબાજો બૅન્ક એકાઉન્ટ ખોલી નાખતા હતા. બાદમાં બૅન્ક એકાઉન્ટ ધારકની જાણ બહાર તે ખાતામાં સાયબર ફ્રોડના નાણા ટ્રાન્સફર કરવામાં આવતા હતા. સુરતની ઉધના પોલીસ દ્વારા તપાસમાં હજુ મોટા ખુલાસા થાય તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે.

# 'ક્રિપ્ટોકરન્સીથી નાણાકીય સ્થિરતા જોખમાશે'

મુંબઈ: 'ક્રિપ્ટોકરન્સીથી નાણાકીય સ્થિરતા જોખમાશ' અને તેને કારણે રિઝર્વ બૅન્ક ચિંતિત છે, એમ આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ શુક્રવારે કહ્યું હતું. ગયા મહિને સુપ્રીમ કોર્ટે ક્રિપ્ટોકરન્સીને મામલે કરેલા નિરીક્ષણને ધ્યાનમાં રાખીને આરબીઆઈની નાણાવિષયક નીતિ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નનો ઉત્તર આપતાં મલ્હોત્રાએ કહ્યું હતું કે ક્રિપ્ટોકરન્સીને કારણે નિર્માણ પામનારી પરિસ્થિતિ પર સરકારી સમિતિ ધ્યાન આપી રહી છે. સરકાર ક્રિપ્ટોકરન્સીને મામલે ચિંતિત છે કેમ કે તેને કારણે દેશની આર્થિક સ્થિરતા અને નાણાકીય નીતિ પર અસર થઈ શકે એમ હોવાનું તેમણે કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે બિટકોઈનના ટ્રેડને ગેરકાયદે લેખાવી તેની સરખામણી 'હવાલા' સાથે કરી હતી. (એજન્સી)

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મસ્કને ટ્રમ્પના સેક્સ ક્રાઈમ અચાનક કેમ યાદ આવ્યા?

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલન મસ્ક વચ્ચેના ઝગડાએ ધાર્યા કરતાં વધારે વરવું સ્વરૂપ ધારણ કરી લીધું છે. મસ્કે ટ્રમ્પનો સાથ છોડ્યો પછી ટ્રમ્પના વન બિગ બ્યુટીફુલ બિલ એક્ટનો વિરોધ કરેલો તેથી લાગતું હતું કે, બંને વચ્ચે વૈચારિક મતભેદો છે પણ હવે બંને જાહેરમાં એકબીજા પર અંગત આક્ષેપો કરવા માંડ્યા છે તેના પરથી સ્પષ્ટ છે કે, બંનેના સંબંધો સાવ બગડી ગયા છે અને બંને એકબીજાનું બોર્ડ પતાવી દેવા માટે આરપારની લડાઈના મૂડમાં છે.

મસ્કે ટ્રમ્પને અમેરિકાના પ્રમુખપદેથી હટાવીને વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વેન્સને પ્રમુખ બનાવવાની માગ કરી છે. મસ્કે એપસ્ટેઈન ફાઈલમાં ટ્રમ્પનું નામ હોવાનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, ટ્રમ્પનું નામ સેક્સ અપરાધી સાથે જોડાયેલું છે તેથી ટ્રમ્પ સામે ઈમ્પીચમેન્ટ મોશન લાવીને તેમને તગેડી મૂકવા જોઈએ. ટ્રમ્પનું નામ એપ્સટિનની ફાઇલોમાં છે. આ જ કારણ છે કે તેને જાહેર કરવામાં આવી નથી. સામે ટ્રમ્પનું કહેવું છે કે, પોતે મસ્કની કંપનીઓને અમેરિકાની સરકાર દ્વારા અપાતી સરકારી સબસિડી કરાર અને કરાર બંધ કરવાનું નક્કી કર્યું તેમાં મસ્ક સાવ પાગલ થઈ ગયો છે.

અમેરિકામાં જેફરી એપ્સટેઈન વિકૃતિનો પર્યાય મનાય છે. આ હાઇ-પ્રોફાઇલ ક્રિમિનલ કેસમાં અમેરિકાના ઘણા ધનિકો અને સેલિબ્રિટીઓનાં નામ બહાર આવ્યાં હતાં. અમેરિકન અબજોપતિ જેફરી એપ્સટિન સામે સગીર છોકરીઓનું જાતીય શોષણ અને ધનિકોની સેક્સ ભૂખ સંતોષવા તેમને સગીર છોકરા-છોકરીઓ સપ્લાય કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

એપ્સ્ટેઈનને વેશ્યાવૃત્તિ અને સગીરોને બળજબરીથી સેક્સની ફરજ પાડવાના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યો હતો પણ સરકાર સાથે સોદાબાજી કરી લેતાં ફક્ત ૧૩ મહિનાની જેલ થઈ હતી. ૨૦૧૯માં ફ્લોરિડા અને ન્યૂ યોર્કમાં એપ્સ્ટેઈનની ફરીથી ધરપકડ કરવામાં આવી હતી. ૧૦ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ એપસ્ટેઈને જેલમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

મસ્કે આ કેસની વાત કરીને ટ્રમ્પને ભીંસમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે પણ તેનાથી ટ્રમ્પને ઝાઝો ફરક નહીં પડે કેમ કે ટ્રમ્પનો ભૂતકાળ બધાંને ખબર છે. બલ્કે મસ્ક પોતે હાસ્યાસ્પદ ઠરી રહ્યો છે કેમ કે આ બધી વાતો જગજાહેર હોવા છતાં મસ્ક ટ્રમ્પની સાથે હતો.

ટ્રમ્પ સામેના બળાત્કારના કેસો, મહિલાએ સાથે બળજબરીથી સેક્સ સંબંધો બાંધવા, પોર્ન સ્ટાર્સ સાથે રંગરેલિયાં મનાવવા, મોડલો સાથે અય્યાશીઓ વગેરેની વાતો નવી નથી. ટ્રમ્પને એક લેખિકા પર મોલના ટ્રાયલ રૂમમાં બળાત્કાર કર્યા પછી તેના વિશે જૂઠાણા ફેલાવવા બદલ કરોડોનો દંડ પણ થયો છે. બીજા આ પ્રકારના કેસોમાં પણ ટ્રમ્પ દોષિત ઠરેલા છે.

મસ્ક જેની વાત કરે છે એ એપસ્ટેઈનનાં કુકર્મોમાં ટ્રમ્પ ભાગીદાર હતા એ વાત પણ નવી નથી. બલ્કે ડોનલ્ડ ટ્રમ્પ ૨૦૧૬માં પહેલી વાર પ્રમુખપદની ચૂંટણી લડ્યા ત્યારે પણ તેમની સામેના પ્રચારમાં આ મુખ્ય મુદ્દા હતા. ૨૦૨૪ની ચૂંટણીમાં મસ્ક જ્યારે ટ્રમ્પની સભાઓમાં નાચી નાચીને પ્રચાર કરતો હતો, વાંદરાની જેમ ઠેકડા લગાવતો હતો ત્યારે પણ આ બધા મુદ્દા હતા જ.

મસ્કને એ વખતે ટ્રમ્પ સામેના કેસો, ટ્રમ્પની નીચ હરકતો કે એપસ્ટેઈન કેસમં સંડોવણી સામે પણ વાંધો નહોતો. ડોનલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા પછી મસ્ક તેમની સાથે રહેવા માટે વ્હાઈટ હાઉસમાં જતો રહેલો ને છેલ્લા અઠવાડિયાને બાદ કરતાં ચારેક મહિના લગી ટ્રમ્પની આગળપાછળ ફર્યા કરતો, ટ્રમ્પનો પટાવાળો હોય એમ ટ્રમ્પ ખુરશીમાં બેઠાં બેઠાં મીડિયાને જ્ઞાન પિરસતા ત્યારે અદબ વાળીને તેમને સાંભળતો. હવે અચાનક તેને ટ્રમ્પ સેક્સ અપરાધી લાગવા માંડ્યા છે અને ટ્રમ્પ પોતાના બચાવ માટે એપસ્ટેઈન ફાઈલો જાહેર કરતા નથી તેનું બ્રહ્મજ્ઞાન લાધ્યું છે તેના કારણે મસ્કને દ્રાક્ષ ખાટી લાગી હોવાની છાપ પડી રહી છે.

મસ્કને આ બ્રહ્મજ્ઞાન કેમ લાધ્યું તેનો આડકતરો ખુલાસો ડોનલ્ડ ટ્રમ્પે કરી જ દીધો છે. મસ્કે પોતાનું સામ્રાજ્ય ટેસ્લાના જોરે ઊભું કર્યું છે. ટેસ્લા અમેરિકામાં ટોચની ઓટોમોબાઈલ કંપની છે અને ઈલેક્ટ્રિક કાર બનાવે છે તેથી ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપે છે એ બહાને અમેરિકાની સરકાર દ્વારા ટેસ્લા કારની ખરીદી પર સબસિડી આપે છે તેથી ટેસ્લાનો ધંધો ધૂમ ચાલે છે. અમેરિકાની સરકાર મસ્કની કંપનીને બીજી પણ કરરાહતો આપે છે.

મસ્કની સ્પેસ ક્ષેત્રે કામ કરતી કંપની સ્પેસએક્સ સાથે અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસાના કરાર છે. આ કરાર હેઠળ અમેરિકા દ્વારા હાથ ધરાતાં તમામ સ્પેસ મિશનમાં સ્પેસએક્સનાં જ સ્પેસક્રાફ્ટ વપરાય છે. મસ્કની કંપનીનું ડ્રેગન સ્પેસક્રાફ્ટ સ્પેસ સ્ટેશનને સપ્લાય પૂરું પાડે છે. મસ્ક આ કરારોમાંથી અમેરિકાની સરકાર પાસેથી અબજો ડૉલર મેળવે છે.

ડોનલ્ડ ટ્રમ્પ મસ્કની કંપનીઓ સાથેના સરકારી કરાર સમાપ્ત કરી દેવા માગે છે ને સબસિડી બંધ કરી દેવા માગે છે. મસ્કે ટ્રમ્પને સરકારી ખર્ચ ઓછો કરવા માટે સરકારી સબસિડી બંધ કરવી, કર્મચારીઓ ઘટાડવા વગેરે ગોળીઓ ગળાવી હતી. ટ્રમ્પે એ પ્રમાણે કર્યું પણ તેનાં ધાર્યાં પરિણામો મળ્યાં નહીં. મસ્કે વરસે ૨ ટ્રિલિયન ડૉલરનો ખર્ચ ઘટાડવાની મોટી મોટી વાતો કરેલી પણ વાસ્તવિક રીતે બહુ ઓછો ખર્ચ ઘટ્યો છે અને સાથે સાથે ટ્રમ્પની લોકપ્રિયતા પણ ઘટી છે.

આ કારણે ધૂંધવાયેલા ટ્રમ્પે મસ્કને તેની જ દવાનો ડોઝ આપીને સરકારી ખર્ચ ઘટાડવા માટે મસ્કની કંપનીઓ સાથેના કોન્ટ્રાક્ટ રદ કરવા ને ટેસ્લાની સબસિડી પણ બંધ કરવાનું સૂચન કર્યું. પોતાના પગ તળે રેલો આવતાં ઊભા થયેલા મસ્કે વિરોધ કર્યો પણ ટ્રમ્પ કોઈનું સાંભળવા ટેવાયેલા નથી એટલે એ દિશામાં આગળ વધવાનું નક્કી કર્યું તેમાં ફારગતિ થઈ ગઈ. ટ્રમ્પ એ દિશામાં આગળ વધવાના જ છે કેમ કે ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું જ છે કે, આપણા બજેટમાં અબજો ડૉલર બચાવવાનો સૌથી સહેલો રસ્તો ઈલોન મસ્કની કંપનીને મળતી સરકારી સબસિડી અને કોન્ટ્રેક્ટ્સ બંધ કરવાનો છે. જોન બાઇડને આવું કેમ ન કર્યું તેનું મને આશ્ચર્ય છે.

ટ્રમ્પ મસ્કને મોટો ફટકો મારી દેશે તેમાં બેમત નથી કેમ કે ટ્રમ્પ પાસે સત્તા છે અને પોતાની સામે પડે તેને પતાવી દેવા માટે સત્તાનો દુરૂપયોગ કરવામાં પણ ટ્રમ્પને કોઈ છોછ નથી. સામે ટ્રમ્પને મસ્ક બહુ નુકસાન કરી શકે તેમ નથી. બહુ બહુ તો ટ્રમ્પનું બિગ બ્યૂટીફુલ બિલ યુએસ સેનેટમાં પસાર ના થવા દે એવું બને.

ટ્રમ્પનું 'વન બિગ બ્યૂટીફુલ' બિલ યુએસ સંસદના નીચલામાં માત્ર ૧ મતની બહુમતી એટલે કે ૨૧૫-૨૧૪ના ના માર્જિનથી પસાર થયું હતું. ઉપલા ગૃહ એટલે કે સેનેટમાં ૧૦૦ સભ્યો છે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાસે સેનેટમાં ૫૩ સાંસદ છે. મસ્ક નાણાંના જોરે ટ્રમ્પની પાર્ટીના ૪ સાંસદોને બિલની વિરુદ્ધ મતદાન કરાવીને ટ્રમ્પની આબરૂનો ફજેતો કરી શકે પણ તેનાથી કશું વળશે નહીં. બલ્કે ધૂંધવાયેલા ટ્રમ્પ મસ્કને પતાવી દેવા પૂરી તાકાત લગાવી દેશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, શનિવાર, તા. ૭-૬-૨૦૨૫, નિર્જળા ભાગવત એકાદશી


- ભારતીય દિનાંક ૧૭, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૧મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર ચિત્રા સવારે ક. ૦૯-૩૯ સુધી, પછી સ્વાતિ.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ઘ

- ભરતીઃ સવારે ક. ૧૦-૦૫, રાત્રે ક. ૨૧-૨૧
- ઓટઃ બપોરે ક. ૧૫-૪૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૯ (તા. ૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – દ્વાદશી. નિર્જળા ભાગવત એકાદશી (કેરી), ભીમ એકાદશી, દ્વાદશી વૃદ્ધિતિથિ છે. ચંપક દ્વાદશી (બંગાલ), બકરી ઈદ (મુસ્લિમ), બુધ પશ્ચિમમાં ઉદય થાય છે. • શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-શનિ, વાયુ દેવતાનું પૂજન, બીલીનું વૃક્ષ વાવવું, એકાદશી વ્રત ઉપવાસ. વાયુદેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, શનિદેવતાનું પૂજન, હનુમાનજીનું પૂજન, રત્નધારણ, બી વાવવું, ખેતીવાડી, વૃક્ષરોપવા, ઉપવાટિકા બનાવવી, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ પ્રમાણિક, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, મંગળ મઘા પ્રવેશ, ચંદ્ર પૃથ્વીથી દૂર જાય છે. બુધનો પશ્ચિમમાં ઉદય થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.



**ટ્રેનની સફરઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જમ્મુ-કાશ્મીરમાં કટરા-શ્રીનગર વચ્ચે વંદે ભારત ટ્રેનસેવાનું ઉદ્ઘાટન કર્યું હતું અને ટ્રેનમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. જમ્મુ અને કાશ્મીર ખીણ પ્રદેશ વચ્ચે આ પ્રથમ ટ્રેન જોડાણ છે. (એજન્સી)



**સુરક્ષાઃ** જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લાના સાંગલદાન ખાતે ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિન્ક પર વંદે ભારત ટ્રેનનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ઉદ્ઘાટન કર્યું તે અગાઉ સુરક્ષાની ચકાસણી કરવામાં આવી હતી. (એજન્સી)

# મેહુલ ચોક્સીના અકાઉન્ટને ટાંચ કરાઈ

નવી દિલ્હીઃ ગીતાંજલિ જેમ્સના શેરમાં ઇનસાઇડર ટ્રેડિંગ સંબંધિત નિયમોના ઉલ્લંઘનના કિસ્સામાં બજાર નિયમનકાર સેબીએ ૨.૧ કરોડ રૂપિયાની બાકી રકમ વસૂલવા માટે એક મોટું પગલું ભર્યું છે. નિયમનકારે ફરાર હીરા વેપારી મેહુલ ચોક્સીના બૅન્ક ખાતાઓ, શૅર અને મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડિંગ્સ જપ્ત કરવાનો આદેશ આપ્યો છે.

આ તાજેતરની કાર્યવાહી ૧૫ મેના રોજ ચોક્સીને ડિમાન્ડ નોટિસ જાહેર કર્યા બાદ કરવામાં આવી છે જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે જો તે ૧૫ દિવસની અંદર ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો તેની મિલકતો તેમ જ બેન્ક ખાતાઓ જપ્ત કરવામાં આવશે. જાન્યુઆરી ૨૦૨૨માં ગીતાંજલિ જેમ્સ લિમિટેડના શૅરમાં ઇનસાઇડર ટ્રેડિંગ નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા લાદવામાં આવેલ દંડ ચૂકવવામાં ચોક્સી નિષ્ફળ ગયા પછી ડિમાન્ડ નોટિસ જાહેર કરવામાં આવી હતી.

ગીતાંજલિ જેમ્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તેમ જ પ્રમોટર ગ્રૂપનો ભાગ રહેલા ચોક્સી, નીરવ મોદીના મામા છે. બંને પર સરકારી માલિકીની પંજાબ નેશનલ બૅન્ક (પીએનબી) સાથે ૧૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરવાનો આરોપ છે. ૨૦૧૮ની શરૂઆતમાં પીએનબી કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ ચોક્સી અને મોદી બંને ભારત છોડીને ભાગી ગયા હતા.

ભારતીય તપાસ એજન્સીઓ દ્વારા પ્રત્યર્પણની વિનંતીને પગલે એપ્રિલમાં ચોક્સીની બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી હતી. ગયા વર્ષે જ્યારે તે સારવાર માટે બેલ્જિયમ ગયો હતો ત્યારે તે બેલ્જિયમમાંથી ઝડપાયો હતો. ભારત છોડ્યા પછી તે ૨૦૧૮થી એન્ટિગુઆમાં રહેતો હતો.

## યુદ્ધની અર્થતંત્ર પર નજીવી અસરઃ રિઝર્વ બૅન્ક

મુંબઈઃ ૨૬ નિર્દોષ નાગરિકોનો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા યુદ્ધની દેશના અર્થતંત્ર પર નજીવી અસર થઈ હોવાનું રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ શુક્રવારે કહ્યું હતું.યુદ્ધને કારણે દેશની આર્થિક પ્રવૃત્તિઓ, વિકાસ અને ફુગાવા પર કોઈ માઠી અસર જોવા નહોતી મળી.

બાવીસ એપ્રિલે કરવામાં આવેલા પહલગામ આતંકવાદી હુમલાની પ્રતિક્રિયાના ભાગરૂપ ભારતીય સેનાએ 'ઑપરેશન સિંદૂર' હાથ ધર્યું હતું અને પાકિસ્તાન તેમ જ પીઓકેસ્થિત આતંકવાદીઓનાં તાલીમ કેન્દ્રો અને છાવણીઓનો નાશ કર્યો હતો.

ભારતીય સેનાએ સાતમી મેએ મુરિદકેસ્થિત લશ્કરે તૈયબા અને બહાવાલપુરસ્થિત જૈશ-એ-મોહમ્મદની છાવણી સહિત પાકિસ્તાન અને પીઓકેસ્થિત આતંકવાદીઓની નવ છાવણીને નિશાન બનાવીને મિસાઈલ હુમલો કર્યો હતો. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### ગુજરાત કૉંગ્રેસના

રાફેલ ઉડાવવાના ખર્ચ કરતા હવે ડબલ ખર્ચ આવનાર સમયમાં એમના ફોટા અને આ પ્રચાર પાછળ ખર્ચ કરી નાખશે.

રાજેશ સોનીની ધરપકડના વિરોધમાં શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા પર લખ્યું હતું, જેમ કોઈ આતંકવાદીને પકડવો હોય તે રીતે ચાર વાગે એક સામાજિક આગેવાન અને રાજકીય કાર્યકર્તા રાજેશભાઈ ટી. સોનીની સાયબર ક્રાઈમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. તેમના દ્વારા મુકાયેલી પોસ્ટને જોઈએ તો એમાં સ્પષ્ટ વાત માત્ર એટલી જ છે કે આપણી બહાદુર સેનાના સૈનિકોને તેમણે બતાવેલી બહાદુરીનો શ્રેય મળવો જોઈએ અને જે પ્રજાની તિજોરીના પૈસા છે એ પબ્લિસિટીમાં વાપરવા જોઈએ નહીં અને રાજકીય લાભ સિંદૂર ઑપરેશનના નામે લેવો જોઈએ નહીં. દેશના તમામ નાગરિકોના મનમાં આ વાત પડી છે કે જે બહાદુરીપૂર્ણ કામ આપણી સેના કરે છે તેનો શ્રેય સેનાને જ મળવો જોઈએ. જે રીતે સરકાર પબ્લિસિટી કરે છે તે જોતા સૈનિકોને શ્રેય મળશે નહીં તેની ચિંતા વ્યક્ત કરી છે. માત્ર સેના માટે અવાજ ઉઠાવે અથવા તો એમને શ્રેય નહીં મળે એની ચિંતા વ્યક્ત કરે તો એનાથી ગુનો કેવી રીતે બને? ગુજરાત પોલીસની જે સરકાર દ્વારા દુરુપયોગીતાથી કેસો કરાવવાની નીતિ રહી છે તેનો તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટે ખૂબ ઉધડો લીધો હતો અને પોલીસની ભયંકર ટીકા કરી હતી. આશા રાખું છું કે પોલીસ ડહાપણ વાપરે અને રાજેશભાઈ સોની એ કોઈ આતંકવાદી નથી, એમની ભાવના સેનાને શ્રેય મળવો જોઈએ એ સ્પષ્ટ છે ત્યારે તેમને તાત્કાલિક મુક્ત કરવા જોઈએ. સેનાની પડખે સમગ્ર દેશ અને કૉંગ્રેસ છે. જો માત્ર સેનાની તરફેણ કરવાથી ગુનો બનતો હોય તો મારા સહિત તમામ કૉંગ્રેસી કાર્યકર્તાઓ સેનાની તરફેણમાં પોસ્ટ પણ મૂકશે અને અવાજ પણ ઉઠાવશે, તાકાત હોય તો અમને બધાને સરકાર જેલમાં નાખે. કૉંગ્રેસનાં સૂત્રો અને નેતાઓ દ્વારા એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે રાજેશ સોનીની ધરપકડ પાછળ રાજકીય દબાણ જવાબદાર છે. જોકે, સ્ટેટ સાયબર ક્રાઈમ દ્વારા આ મામલાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને આગામી સમયમાં વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે.

રાજેશ સોનીની ધરપકડ થતા કૉંગ્રેસના નેતાઓ અને લીગલ ટીમના સભ્યો ગાંધીનગર સીઆઈડી ક્રાઇમ કચેરી પહોંચ્યા હતા. રાજકીય પોસ્ટ મૂકવા બદલ ધરપકડ કરાઈ હોવાનો કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો. રાજકીય કિન્નાખોરી રાખીને કૉંગ્રેસ નેતાની ધરપકડ કરાઈ હોવાનો કૉંગ્રેસે આક્ષેપ મૂક્યો હતો. આ ઘટના ગુજરાતના રાજકારણમાં વધુ તણાવ ઊભો કરી શકે છે.

### દેશના બે ઐતિહાસિક

પુલનું નિરીક્ષણ કર્યું હતું. આ પુલ નદીથી ૩૫૯ મીટરની ઊંચાઈ પર સ્થિત ચેનાબ રેલ પુલ વિશ્વનો સૌથી ઊંચો રેલવે કમાન પુલ છે. તે ૧૩૧૫ મીટર લાંબો સ્ટીલ કમાન પુલ છે. પીએમ મોદીએ જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે પણ વાત કરી હતી. આ દરમિયાન રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ હાજર હતા.

વડા પ્રધાન તેની બાદ તેઓ બે વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપશે. મોદી ત્રિકુટા ટેકરીઓ પર સ્થિત વૈષ્ણોદેવી મંદિરની મુલાકાત લેતા યાત્રાળુઓ માટેનો આધાર શિલાન્યાસ કટરા ખાતે રૂ. ૪૬,૦૦૦ કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે.

કાશ્મીરને દેશના બાકીના ભાગ સાથે રેલ દ્વારા જોડવાના પ્રોજેક્ટ પર કામ ૧૯૯૭ માં શરૂ થયું હતું. જોકે, ભૂસ્તરશાસ્ત્રીય અને હવામાનશાસ્ત્રીય પડકારોને કારણે, પ્રોજેક્ટ પૂર્ણ કરવાની સમયમર્યાદા ઘણી વખત લંબાવવામાં આવી હતી, જેના કારણે તેનો ખર્ચ વધી ગયો હતો અને તે રૂ. ૪૧,૦૦૦ કરોડથી વધુમાં પૂર્ણ થયો હતો.

કુલ ૨૭૨ કિમી લાંબા યુએસબીઆરએલ પ્રોજેક્ટમાંથી ૨૦૯ કિમી પર કામ વિવિધ તબક્કામાં પૂર્ણ થયું હતું. ૧૧૮ કિલોમીટર લાંબા કાઝીગુંડ-બારામુલ્લા સેક્શનનો પ્રથમ તબક્કો ઓક્ટોબર વર્ષ ૨૦૦૯માં પૂર્ણ થયો હતો. ત્યારબાદ, ૧૮ કિલોમીટર લાંબો બનિહાલ-કાઝીગુંડ સેક્શન જૂન ૨૦૧૩માં ૨૫ કિલોમીટર લાંબો ઉધમપુર-કટરા સેક્શન જુલાઈ ૨૦૧૪ માં અને ૪૮.૧ કિલોમીટર લાંબો બનિહાલ-સાંગલદાન સેક્શન ગયા વર્ષે ફેબ્રુઆરીમાં પૂર્ણ થયો હતો.૪૬ કિલોમીટર લાંબો સાંગલદાન-રિયાસી સેક્શન પણ ગયા વર્ષે જૂનમાં પૂર્ણ થયો હતો, જ્યારે રિયાસી અને કટરા વચ્ચેનો બાકીનો ૧૭ કિલોમીટરનો સેક્શન આખરે ગયા વર્ષે ડિસેમ્બરમાં પૂર્ણ થયો હતો. (એજન્સી)

### પાકે 'ઈન્સાનિયત'

હતો. પોતાના પરિવારના ભરણપોષણ માટે તે મહેનત કરતો હતો, પરંતુ આતંકીઓએ આદિલને પણ છોડ્યો નહોતો.

પીએમ મોદીએ ફ્રાંસના એફિલ ટાવરનો ઉલ્લેખ કરીને કહ્યું, વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ આર્ચ છે. લોકો પેરિસમાં એફિલ ટાવર જોવા જાય છે અને આ બ્રિજ એફિલ ટાવરથી પણ ખૂબ ઊંચો છે. હવે લોકો કાશ્મીર ફરવા આવશે ત્યારે ચિનાબ બ્રિજ જોવા પણ જશે. તેનાથી તે આકર્ષક ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બનશે. લોકો સેલ્ફી પોઇન્ટ પર જઇને સેલ્ફી લેશે. આપણો અંજી બ્રિજ પણ એન્જિનિયરિંગનો શ્રેષ્ઠ નમૂનો છે. તે ભારતનો પ્રથમ કેબલ સપોર્ટેડ બ્રિજ છે. આ બંને બ્રિજ માત્ર ઈંટ, સીમેન્ટ, સ્ટીલ અને લોખંડના માળખા નથી, પરંતુ પીર પંજાલની પહાડોમાં ઊભેલા ભારતની શક્તિનું પ્રતીક છે. આ ભારતના ઉજ્જવળ ભવિષ્યની તસવીર છે.

### વ્યાજદર ઘટયો

છ સભ્યની બનેલી નીતિવિષયક સમિતિ તેમ જ બહારના અન્ય ત્રણ સભ્યએ રેપોરેટ પચાસ બેઝિસ પૉઈન્ટ ઘટાડીને ૫.૫ ટકા કરવાની તરફેણમાં મત આપ્યો હતો. સીઆરઆર ૧૦૦ બેઝિસ પૉઈન્ટનો ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેને કારણે બૅન્કિંગ સિસ્ટમમાં વધુ અઢી લાખ કરોડ રૂપિયાનો ઉમેરો થશે અને નાણાકીય પ્રવાહિતા વધશે. (એજન્સી) રિઝર્વ બૅન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઈ)એ સતત ત્રીજી વાર રેપો રેટમાં ઘટાડો કર્યો છે. આજે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટના ઘટાડાની જાહેરાત કરી છે. આરબીઆઇની મોનિટરી પોલિસી કમિટી (એમપીસી) ની બેઠક ૪ જૂનથી શરૂ થઈ હતી અને શુક્રવારે તેનો છેલ્લો દિવસ હતો. બેઠકના છેલ્લા દિવસે શુક્રવારે ભારતીય રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રા નિર્ણયોની જાહેરાત કરી હતી. રેપો રેટ વધુ ઘટતા સામાન્ય લોકોને ફાયદો થશે, ખાસ કરીને લોનના ઈએમઆઈ સસ્તા થશે. છેલ્લી એમપીસી બેઠકમાં આરબીઆઈએ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ એટલે કે ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. આનાથી રેપો રેટ ૬.૨૫ થી ઘટીને ૬ ટકા થયો હતો, આ બેઠક ૨૦૨૫ માં ૭, ૮ અને ૯ એપ્રિલના રોજ યોજાઈ હતી. ફેબ્રુઆરી ૨૦૨૫માં પણ વ્યાજ દરમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આનાથી રેપો રેટ ૬.૫ થી ઘટીને ૬.૨૫ ટકા થયો.

મોનિટરી પોલિસીમાં આરબીઆઈના ત્રણ સભ્યો અને સરકાર દ્વારા નિયુક્ત ત્રણ બાહ્ય સભ્યોનો સમાવેશ થાય છે. આરબીઆઈના સભ્યોમાં ગવર્નર સંજય મલ્હોત્રા, ડેપ્યુટી ગવર્નર એમ રાજેશ્વર રાવ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રાજીવ રંજન છે, જ્યારે બાહ્ય સભ્યોમાં નાગેશ કુમાર, સૌગત ભટ્ટાચાર્ય અને પ્રોફેસર રામ સિંહનો સમાવેશ થાય છે. આ કમિટી દર બે મહીને બેઠક કરે છે અને મોનિટરી પોલિસી અંગે મહત્ત્વના નિર્ણયો લે છે.

#### મહત્ત્વના મુદ્દા

૧) રેપોરેટ પચાસ બેઝિસ પૉઈન્ટ ઘટાડીને ૫.૫ ટકા કરવામાં આવ્યો. ૨) નાણાકીય નીતિનું વલણ અનુકૂળને બદલે તટસ્થ કરાયું ૩) સીઆરઆરમાં પણ ૧૦૦ બેઝિસ પૉઈન્ટનો ઘટાડો કરવામાં આવતાં બૅન્કિંગ સિસ્ટમમાં વધુ અઢી લાખ કરોડ રૂપિયાનો ઉમેરો થશે અને નાણાકીય પ્રવાહિતા વધશે. ૪) વર્ષ ૨૦૨૬ના નાણાકીય વર્ષ માટે રિટેલ ફુગાવાના દરમાં ૩૦ બીપીએસનો ઘટાડો કરી ૩.૭ ટકા કરવામાં આવ્યો. ૫) વર્ષ ૨૦૨૬ માટે જીડીપીનો દર ૬.૫ ટકા રાખવામાં આવ્યો ૬) વર્ષ ૨૦૨૬નો સીએડી ટકાઉ સ્તરે રહેશે એવી ધારણા છે. ૭) ફૉરેન એક્સચેન્જ રિઝર્વ ૩૦મી મેએ અગાઉના ૬૯૨.૭ અબજ ડૉલરથી ઘટીને ૬૯૧.૫ અબજ ડૉલર થઈ ગયું હતું. ૮) મોનેટરી પૉલિસી કમિટી (એમપીસી)ની હવે પછીની બેઠક ચારથી ૬ ઑગસ્ટ દરમિયાન મળશે. (એજન્સી)

# રાજયની નવરચિત છ મહાનગરપાલિકાઓ, પાંચ નગરપાલિકાઓ અને બે મહાનગરોમાં ₹૧૭૦૦ કરોડથી વધુનાં કામો મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫માં શહેરીજન સુખાકારી વધુ સુવિધાસભર બનાવવાનો મહત્ત્વપૂર્ણ અભિગમ અપનાવ્યો છે. આ સંદર્ભમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે છ નવરચિત મહાનગર પાલિકાઓ, પાંચ નગરપાલિકાઓ અને અમદાવાદ તથા ગાંધીનગર મહાનગર પાલિકાઓમાં વિવિધ વિકાસ કામો માટે એક સાથે એક જ દિવસમાં ૧૭૦૦.૫૭ કરોડ રૂપિયાથી વધુનાં કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

ભૂપેન્દ્ર પટેલે વિકાસ કામો માટે મંજૂર કરેલી આ રકમમાંથી અમદાવાદ મહાનગરપાલિકાને ૫૪૬ કરોડ, ગાંધીનગરને ૩૨ કરોડ તેમજ નવરચિત મહાનગરપાલિકાઓમાં આણંદ ૧૪૮ કરોડ, મોરબી ૨૭૦.૦૮ કરોડ, સુરેન્દ્રનગર ૨૫૭.૬૦ કરોડ, નડિયાદ ૭૧.૯૧ કરોડ તથા વાપી ૨૫૧.૯૧ કરોડ અને નવસારીને ૯૦.૩૫ કરોડ રૂપિયા મળશે. આ ઉપરાંત વડનગર નગરપાલિકાને ૧૬.૩૭ કરોડ, હિંમતનગરને ૭.૩૩ કરોડ, સિદ્ધપુરને ૩.૭૪ કરોડ, હળવદને ૪.૦૨ કરોડ અને ભરૂચ નગરપાલિકાને ૮૫.૫૨ લાખ રૂપિયા વિકાસ કામો માટે પ્રાપ્ત થશે.

મુખ્ય પ્રધાને સ્ટ્રીટલાઇટ, સોલાર સુવિધા, સિટી બ્યુટીફિકેશન, ડેવલપમેન્ટ ઓફ પબ્લિક ગાર્ડન, ડ્રેનેજ, ટ્રાફિક સર્કલ, રેન વોટર હાર્વેસ્ટિંગ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇન, સિટી સિવિક સેન્ટર, ફાયર ઉપકરણો વગેરે મળીને આંતરમાળખાકીય સુવિધાના ૨૪૭ જેટલાં કામો છ નવરચિત મહાનગર પાલિકાઓમાં હાથ ધરવા માટે ૬૭૬.૨૮ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રોડ નવીનીકરણ, રીસરફેસિંગ, વ્હાઇટ ટોપિંગ તથા ૬૦ ફુટથી મોટા માર્ગોના રિપેરિંગ માટે તેમણે આણંદ, સુરેન્દ્રનગર, વાપી અને મોરબીની નવરચિત મહાનગર પાલિકાઓ તેમજ અમદાવાદ અને ગાંધીનગર મહાનગર પાલિકા માટે કુલ ૬૫૨.૭૮ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

એટલું જ નહીં, ફિલ્ટર પ્લાન્ટ રિપેરિંગ, રોડ-રસ્તા, ગટર અને સ્ટોર્મ ડ્રેન તથા પાણીની સુવિધા જેવા મૂળભૂત માળખાકીય સુવિધાનાં કામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે કુલ ૧૯૧.૯૧ કરોડ રૂપિયાના કામો મુખ્ય પ્રધાને સુરેન્દ્રનગર, વાપી અને આણંદ મહાનગર પાલિકાઓ માટે મંજૂર કર્યા હતા. તેમણે આણંદ અને સુરેન્દ્રનગર મહાનગર પાલિકાઓને આઇકોનિક રોડના નિર્માણ માટે ૩૧ કરોડ રૂપિયા તથા ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના હેઠળ ભરૂચ નગરપાલિકા વિસ્તારની સોસાયટીઓમાં કોમન પ્લોટ પેવર બ્લોકના કામો માટે ૮૫.૫૨ લાખ રૂપિયાના કામોની અનુમતિ આપી હતી.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી પાણીપુરવઠાનાં કામો માટે હિંમતનગર અને સિદ્ધપુર નગર પાલિકા તથા મોરબી મહાનગરપાલિકાને કુલ ૬૭.૩૫ કરોડ રૂપિયા મુખ્ય પ્રધાને મંજૂર કર્યા હતા. આ ઉપરાંત, આઉટગ્રોથ વિસ્તારોમાં પીવાના પાણીની લાઇન, ભૂગર્ભ ગટર, ડામર રોડ, સીસી રોડ, ફાયર સ્ટેશન નિર્માણ જેવા કામો માટે પણ મોરબી અને વાપી મહાનગર પાલિકા તથા હળવદ નગર પાલિકાને કુલ મળીને ૬૪.૦૨ કરોડ રૂપિયાના કામોની મંજૂરી આપવામાં આવી હતી.

# ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ વર્ષ દરમિયાન ૧૯૦થી વધુ રેડ કરીને ₹૧૦.૫ કરોડની કિંમતનો ૩૫૧ ટન શંકાસ્પદ ખાદ્ય પદાર્થનો જથ્થો જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરક્ષિત ખોરાક એ માત્ર સ્વાસ્થ્ય માટે જ નહીં, પરંતુ આર્થિક સ્થિરતા અને ટકાઉ વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. જ્યારે દૂષિત ખોરાક અનેક ગંભીર બીમારીઓને નોતરે છે. એટલા માટે જ, ખાદ્ય સુરક્ષા અને તેના મહત્વ વિશે જાગૃતિ કેળવવા માટે દર વર્ષે તા. સાત જૂનને વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસની થીમ, ખોરાકની સલામતી માટે વિજ્ઞાનની જરૂરિયાત અને મહત્ત્વતાને ધ્યાનમાં રાખીને સાયન્સ ઈન એક્શન રાખવામાં આવી છે.

ખાદ્ય સુરક્ષા પર વિશેષ ધ્યાન આપીને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર રાજ્ય સરકારના નિર્ધારને ખરા અર્થમાં સાર્થક કરી રહ્યું છે. ગુજરાતના નાગરિકોને આરોગ્યપ્રદ ખાદ્ય જથ્થો ઉપલબ્ધ થાય તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વિશેષ કાળજી રાખવામાં આવે છે. જે મુજબ વર્ષ દરમિયાન તંત્ર દ્વારા ચકાસણી બાદ કુલ ૧.૨૮ લાખથી વધુ ફૂડ સેફ્ટી લાઇસન્સ અને રજિસ્ટ્રેશન આપવામાં આવ્યાં છે, જેમાં તંત્ર દ્વારા ૨૩,૫૭૦ ઇન્સ્પેક્શન અને ૧૨,૩૩૪ હાઇ-રિસ્ક ઇન્સ્પેક્શન કરવામાં આવ્યા છે.

ગત વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન તંત્રની પ્રયોગશાળા દ્વારા કુલ ૬૦,૪૪૮ ખાદ્ય નમૂનાની ચકાસણી કરવામાં આવી હતી, જેમાંથી ૧.૪૫ ટકા નમૂના નાપાસ અને ૦.૧૭ ટકા નમૂના અસુરક્ષિત જાહેર થયા હતા. આ ચકાસણી માટે તંત્ર દ્વારા કુલ ૧૬,૧૬૩ એન્ફોર્સમેન્ટમ તેમજ ૪૪,૨૮૫ જેટલા સર્વેલન્સના નમૂના લેવામાં આવ્યા હતા.

નાગરિકોની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તંત્ર દ્વારા વર્ષ દરમિયાન આવતા વિવિધ તહેવારોને ધ્યાને લઇ કુલ ૧૮ સ્પેશિયલ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન ૧૯૦થી વધુ રેડ કરીને તંત્ર દ્વારા જાહેર જનતાના હિતમાં રૂ. ૧૦.૫ કરોડ જેટલી બજાર કિંમત ધરાવતો ૩૫૧ ટનથી વધુ શંકાસ્પદ ખાદ્ય પદાર્થનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો તેમ જ કુલ ૨૯,૫૧૫ નમૂના લેવામાં આવ્યા હતા. આ જથ્થામાં સૌથી વધુ ઘી, મીઠાઈ, માવો, અનાજ તથા અન્ય ખાદ્યપદાર્થનો સમાવેશ થાય છે. આ સ્પેશિયલ ડ્રાઈવ સમયે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રૂ. ૨૬ લાખથી વધીની કિંમત ધરાવતા ૧૫.૩ ટનથી વધુ બગડી અને સડી ગયેલા ખાદ્ય પદાર્થનો નાશ કરાવવામાં આવ્યો હતો.

નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા ઇસમો સામે તંત્ર દ્વારા ફૂડ સેફ્ટી એન્ડસ સ્ટાન્ડાર્ડસ એક્ટ-૨૦૦૬ ઉલ્લંઘન બદલ વર્ષ દરમિયાન ૯૮૦ એડજ્યુડિકેશન કેસ દાખલ કરવામાં આવ્યા છે. જે પૈકીના ૮૬૪ કેસોનો સફળતાપૂર્વક નિકાલ કરીને દોષિતોને કુલ રૂ. ૬.૨૧ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત અસુરક્ષિત ખાદ્ય પદાર્થના કિસ્સામાં પણ વર્ષ દરમિયાન કુલ ૮૭ કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં દોષિત પુરવાર થયેલા ઇસમોને રૂ. ૫૪.૪૨ લાખનો દંડ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા છેલ્લા એક વર્ષ દરમિયાન અખાદ્ય ખોરાક બાબતે કોર્ટમાં દાખલ કરવામાં આવેલા કુલ ૪૬ કેસોમાં ૬૭ આરોપીઓને કોર્ટે ગુન્ગાર ઠરાવીને રૂ. ૨૪,૨૬,૦૦૦ નો દંડ તેમજ છ માસની સજાના હુકમો પણ કરવામાં આવ્યા છે.

ખાદ્ય પદાર્થોની સ્થળ પર જ પ્રાથમિક ચકાસણી થઇ શકે તે માટે તંત્ર દ્વારા રાજ્યભરમાં કુલ ૩૨ ફૂડ સેફ્ટી ઓન વ્હિલ્સ કાર્યરત છે. વર્ષ દરમિયાન આ ફૂડ સેફ્ટી ઓન વ્હિલ્સ દ્વારા પણ ખાદ્ય પદાર્થોના કુલ ૧.૨૪ લાખથી વધુ નમૂનાની સ્થળ પર જ ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ફૂડ સેફ્ટી ઓન વ્હિલ્સ દ્વારા રાજ્યના સામાન્ય નાગરિકો અને ખાદ્ય પદાર્થોના વેપારીઓ માટે ૫,૩૭૦ અવેરનેશ કાર્યક્રમ અને ૪૩૫૨ ટ્રેનિંગ કાર્યક્રમનું પણ આયોજના કરવામાં આવ્યું હતું.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની સરાહનીય અને મહત્ત્વપૂર્ણ કામગીરીને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં વધુમાં-વધુ નમૂનાની ચકાસણી કરવા માટેની જરૂરિયાતને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર/અમદાવાદ, મહેસાણા, જૂનાગઢ અને વલસાડ એમ વધુ ચાર નવી લેબોરેટરી મંજૂર કરવામાં આવી છે. આ લેબ કાર્યરત થવાથી તંત્ર દ્વારા બમણી ક્ષમતા અને ઓછા સમયમાં ખાદ્ય નમૂનાનું પરીક્ષણ થઇ શકશે.

# ગોંડલ પોલીસની કામગીરીના વિરોધમાં આગામી ૧૮મીએ દલિત સંમેલન યોજાશે, એક લાખથી વધુ લોકો રહેશે હાજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા કેટલાક મહિનાથી ગોંડલમાં એક બાદ એક વિવાદ ચાલી રહ્યા છે. જેને લીધે ગોંડલ ચર્ચામાં પણ છે. ત્યારે ગોંડલમાં એલસીબી અને તાલુકા પીઆઈ સામે ગુનો દાખલ કરવાની માગ દલિત સમાજના અગ્રણીઓ દ્વારા કરાવામાં આવી છે.

આ સાથે જ આગામી તારીખ ૧૮ના રોજ ગોંડલમાં દલિત સંમેલન યોજાશે. જેમાં ગુજરાતભરમાંથી એક લાખથી વધુ લોકો ઉમટી પડશે એવી જાહેરાત કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, ગોંડલમાં બન્ની ગજેરાકાંડમાં મદદગારી અંગે જેની સામે ચાર ફરિયાદ નોંધાઈ હતી તે વકીલ દિનેશભાઈ પાતર સામે પોલીસે ખોટા ગુના નોંધ્યા હોવાનું અને આ માટે એલસીબી પીઆઈ વી. વી. ઓડેદરા તથા તાલુકા પીઆઈ એ. ડી. પરમારે કાવતરું ઘડ્યાનું જણાવી આ મુદ્દે આક્રોશ સાથે ગોંડલ ખાતે આગામી તારીખ ૧૮ બુધવારના દલિત સંમેલનનું એલાન કરાયું છે.

જૂનાગઢ જિલ્લા સમસ્ત અનુસુચિત જાતી સમાજ પ્રમુખ દેવદાનભાઈ મૂછડિયાએ જણાવ્યું હતું કે, ગોંડલના એડવોકેટ દિનેશભાઈ પાતરને એલસીબી પીઆઈ ઓડેદરા તથા તાલુકા પીઆઈ પરમારે ચાર ચાર ખોટા ગુનામાં ફીટ કરી દિનેશભાઇની કારકિર્દી પૂરી કરી દેવાનું ષડ્યંત્ર રચ્યું છે. આ બન્ને પીઆઈ સામે ગુન્હા દાખલ કરવા તથા દિનેશભાઈ સામેનાં ખોટા ગુનો રદ કરવાની માંગ સાથે ગોંડલમાં ડૉ. આંબેડકરની પ્રતિમા પાસે દલિત સંમેલનનું આયોજન કરાયું છે. જેમાં સૌરાષ્ટ્રનાં બારેય જિલ્લામાંથી યુવાનો બાઇક લઇ ઊમટી પડશે. આ ઉપરાંત ગુજરાતભરમાંથી દલીત સમાજ મોટી સંખ્યામાં સંમેલનમાં ઉપસ્થિત રહેશે. સંમેલનમાં એક લાખ લોકો હાજરી આપશે.

# ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૬૭ કેસ નોંધાયા, એક્ટિવ કેસનો આંક ૬૦૦ને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોરોનાના વધતા જતા કેસો હવે એક ચિંતાનો વિષય બન્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૬૭ કેસ નોંધાયા હતા. હવે કોરોનાના કુલ એક્ટિવ કેસનો આંક ૬૦૦ને પાર થયો છે. હાલ રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૬૧૫ છે. જ્યારે હોસ્પિટલમાં દાખલ કરવા પડતા દર્દીઓની સંખ્યા વધીને ૧૫ થઈ છે. જ્યારે ૬૦૦ દર્દીઓ ઘરમાં જ રહીને સારવાર લઈ રહ્યા છે.

રાજ્યમાં મોટા ભાગના જિલ્લાઓમાં કોરોનાના કેસ ચિંતાનું કારણ બન્યા છે. ભાવનગરમાં છ કેસ, વડોદરામાં ૬ કેસ, સુરતમાં સાત કોરોનાના કેસ નોંધાયા હતા. જ્યારે રાજકોટમાં પણ સાત કેસ નોંધાયા હતા. રાજકોટમાં કોરોનાના એક્ટિવ કેસનો આંક ૪૩ પર પહોંચ્યો છે. જોકે ગુજરાતમાં સૌથી વધારે કેસ અમદાવાદમાં જોવા મળ્યા હતા. શહેરમાં કુલ ૭૧ કેસ નોંધાયા હતા અને અમદાવાદમાં હાલ એક્ટિવ કેસનો આંકડો ૨૮૧ પર પહોંચ્યો છે.

અમદાવાદ શહેરમાં કોરોનાએ ફરી ચિંતા વધારી છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૦ કેસ નોંધાયા હતા. જ્યારે સોલા સિવિલમાં પાંચ ડૉક્ટર પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. સોલા સિવિલમાં સ્કીન વિભાગના ચાર અને ગાયનેક વિભાગના એક મળી પાંચ ડૉક્ટરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. હાલ તમામ હોમ આઈસોલેશનમાં છે. અમદાવાદ પશ્ચિમ ઝોનમાં હાલ ૧૦૭ એક્ટિવ કેસ છે. જ્યારે ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ૯૪, દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ૫૫, દક્ષિણ ઝોનમાં ૨૬, પૂર્વ ઝોનમાં ૧૯, ઉત્તર ઝોનમાં ૧૩ અને મધ્ય ઝોનમાં છ કેસ નોંધાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં જે કોરોનાના કેસ નોંધાયા છે, તેમાં અડધા જેટલા કેસ તો માત્ર અમદાવાદમાં નોંધાયા છે.

રાજ્યમાં હાલ જે કોરોના વાઇરસ ફેલાઈ રહ્યો છે તે ઓમિક્રોનનો પેટા ટાઈપ વેરિઅન્ટ એલએફ ૭.૯ અને એક્સએફજી રિકોમ્બિનન્ટ હોવાનો આરોગ્ય વિભાગ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો. આ વાયરસને કારણે શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુખાવો જેવી સમસ્યાઓ સર્જાતી હોય છે.

# ગુજરાત રાજ્ય શૈક્ષણિક વિભાગની આગામી તા. ૯ જૂનના ઓનલાઈન પુનઃશાળાની પસંદગી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી - ૨૦૨૪ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તા.૧૩ થી ૧૭ મે, ૨૦૨૫ દરમિયાન ઉમેદવારોને શાળા પસંદગી કરવાની હતી તેમજ તા. ૨૧ મે, ૨૦૨૫ના જે-તે ઉમેદવારોને શાળા ફાળવીને ઉમેદવારોના હિતને ધ્યાનમાં રાખીને રદ જાહેર કરવામાં આવી હતી. ત્યારે હવે તમામ ઉમેદવારોએ આગામી તા. ૦૯ જૂનના રોજ રાત્રે ૧૨ વાગ્યા પહેલા પોર્ટલ પર ઓનલાઇન પુનઃશાળા પસંદગી કરવાની રહેશે. આ ઉપરાંત બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે પણ ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને વાંધા અરજી બાદ લાયક તમામ ઉમેદવારોએ આગામી તા. ૦૯ જૂનના રોજ રાત્રે ૧૨ વાગ્યા પહેલા પોર્ટલ પર ઓનલાઇન શાળા પસંદગી કરવાની તેવું સમિતિની યાદીમાં જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી માટે ગત તા. ૨૬ મે અને તા. ૦૫ જૂન, ૨૦૨૫ના સમિતિની બેઠક મળી હતી. જેમાં વધુમાં વધુ ઉમેદવારોને રોજગારીની તકો મળે, સરકારી શાળાઓમાં મહત્તમ સંખ્યામાં શિક્ષકો ઉપલબ્ધ થાય તેમ જ શાળા પસંદ કરવામાં ઉમેદવારોને વધુ વિકલ્પો મળી રહે તે હેતુથી આ ભરતી માટે પુનઃવિચારણા કરી ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને વાંધા અરજી બાદ લાયક તમામ ઉમેદવારોને શાળા પસંદગીની તકો મળે તે માટે નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ અન્વયે અગાઉ શાળા પસંદગી કરી હોય કે ના કરી હોય તેમ જ શાળા ફાળવણીમાં ફેરફાર કરવાના હોય તેવા તમામ ઉમેદવારોએ નવેસરથી શાળા પસંદ કરવાની તક મળશે. શાળા પસંદગી પ્રક્રિયામાં ભાગ ન લેનાર ઉમેદવારોને સંબંધિત ભરતી

# અમદાવાદની ત્રણ સ્કૂલે બુક-સ્ટેશનરી માટે વાલીઓને દબાણ કરતા ડીઈઓએ નોટિસ આપી દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્કૂલોમાં આગામી અઠવાડિયાથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે. એ પહાલાં સ્કૂલો દ્વારા પોતાના કેમ્પસમાંથી પુસ્તકો કે સ્ટેશનરીનું વેચાણ કરી શકે નહીં તેવો ડીઈઓનો આદેશ હતો. જોકે, અમદાવાદની વધુ ત્રણ સ્કૂલોને જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ)એ નોટિસ ફટકારી હતી. જેમાં મણિનગરની સ્વામિનારાયણ ટેક્નો સ્કૂલ, દાણીલીમડાની લાઇફ લાઇન સ્કૂલ અને ખોખરાની જય સોમનાથ સ્કૂલનો સમાવેશ થાય છે.

આ સ્કૂલો દ્વારા પુસ્તકો અને સ્ટેશનરીનું વેચાણ કરવામાં આવતું હોવાની ફરિયાદ મળ્યા બાદ અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા ત્રણેય સ્કૂલોને નોટિસ મોકલી નિયમ ભંગ બદલ રૂપિયા ૧૦ હજારનો દંડ કેમ ન કરવો તે અંગે એકથી બે દિવસમાં ખુલાસો રજૂ કરવા માટે આદેશ આપ્યો હતો. આ સાથે જ છેલ્લા ૩ દિવસમાં આવી કૂલ છ સ્કૂલોને નોટિસ ફટકારવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

# ગુજરાત સરકારના અધિકારીઓ માટે બે અઠવાડિયાંની તાલીમ ફરજિયાત

## બઢતી અને ઉચ્ચ પગાર ધોરણ મેળવતા પહેલા તાલીમ લેવી જરૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારના વિવિધ સેવાઓના વર્ગ એક અને બે ના અધિકારીઓ માટે તાલીમ ફરજિયાત બનાવવામાં આવી છે. સામાન્યક વહીવટ વિભાગના નાયબ સચિવ રાજેન્દ્રિસિંહ રાઠોડની સહીથી આ અંગે ૫ જૂન ૨૦૨૫ ના દિવસે પરિપત્ર પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

પરિપત્રમાં જણાવાયું હતું કે રાજ્યન સરકારની વિવિધ સેવાઓના વર્ગ-૧ અને વર્ગ-૨ના ફરજરત અધિકારીઓએ તેઓની સેવાના સમયગાળાના બઢતી / ઉ.પ.ધો.ના તબક્કે રાજ્યમ સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નિવાસી/ સંસ્થા કીય તાલીમ મેળવવાની રહેશે. સંબંધિત અધિકારીઓએ તેઓની બઢતી / ઉ.પ.ધો. મેળવતા પહેલાં ૦૨(બે) અઠવાડિયાની તાલીમ મેળવવાની રહેશે.

સંબંધિત અધિકારી આ ૦૨(બે) અઠવાડિયાની તાલીમ નિવાસી / સંસ્થારકીય લઈ શકશે અથવા ૦૨(બે) અઠવાડિયા પૈકી ૦૧(એક) અઠવાડિયાની તાલીમ નિવાસી/ સંસ્થાવકીય (૩ થી ૫ દિવસની) અને ૦૧(એક) અઠવાડિયાની ઓનલાઈન તાલીમ લઈ શકશે. પરંતુ આ ૦૨(બે) અઠવાડિયાની તાલીમમાં ૦૧(એક) અઠવાડિયાની તાલીમ ફરજીયાતપણે નિવાસી / સંસ્થાયકીય (૩ થી ૫ દિવસની) મેળવવાની રહેશે. રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ અન્ય કોઈ ઓનલાઈન પ્લેટફોર્મ પર મેળવેલ ઓછામાં ઓછી ૨૦ (વીસ) કલાકની ઓનલાઈન તાલીમને પણ ઉપરોક્ત હેતુ માટે ૦૧ એક અઠવાડિયાની ઓનલાઇન તાલીમ તરીકે માન્ય ગણવાની રહેશે. આગામી તા. ૧ એપ્રિલ ૨૦૨૬ બાદથી બઢતી-ઉચ્ચ પગાર ધોરણ મેળવનાર અધિકારીઓના કિસ્સામાં ઉપરોક્ત જોગવાઇઓ અચૂક અમલ કરવાનો રહેશે.

# આરટીઈ પ્રવેશના ત્રીજા રાઉન્ડ હેઠળ ૨,૨૩૧ બાળકને પ્રવેશ ફાળવાયોઃ હજુ ૬,૯૪૬ બેઠક ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઈ) એક્ટ-૨૦૦૯ અન્વયે ગુજરાતની બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત તા. ૦૬ જૂન, ૨૦૨૫ના રોજ યોજાયેલ આરટીઈ પ્રવેશ પ્રક્રિયાના ત્રીજા રાઉન્ડ બાદ વધુ ૨,૨૩૧ જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે.

આ ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓએ આગમી તા. ૧૩, જૂન, ૨૦૨૫ - શુક્રવાર સુધીમાં જે તે શાળામાં શાળા સમય દરમિયાન રૂબરૂ હાજર થઈ જરૂરી આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે.

આરટીઈ પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઉપલબ્ધ જગ્યાઓ પૈકી ત્રીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ અરજદારો દ્વારા ઓનલાઈન ફોર્મમાં પસંદ ન કરેલી હોઇ, પસંદગીના અભાવે સમગ્ર રાજ્યમાં ગુજરાતી માધ્યમની ૬૨૪, અંગ્રેજીની ૪,૨૩૮, હિન્દીની ૧,૯૧૯ અને અન્ય માધ્યમની ૧૬૫ એમ કુલ ૬,૯૪૬ જેટલી જગ્યાઓ ખાલી છે.

રાજ્ય સરકારનાં સઘન પ્રયાસોથી વાલીઓમાં જાગૃતિ આવતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં રાજયની કુલ ૯,૮૧૪ જેટલી બિનઅનુદાનિત પ્રાથમિક શાળામાં જુદા જુદા માધ્યમમાં કુલ ૯૪,૭૯૮ જેટલી જગ્યાઓ આરટીઈ હેઠળ ઉપલબ્ધ હતી. જે પૈકી વિદ્યાર્થીઓની પસંદગી અને છ કિમીની ત્રિજ્યાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઇ પ્રથમ અને બીજા રાઉન્ડમાં કુલ ૯૩,૨૭૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જેમાંથી નિયત સમયમર્યાદામાં બંને રાઉન્ડ બાદ કુલ ૮૫,૭૪૪ જેટલા વિદ્યાર્થીઓએ જે-તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લીધો છે.

બીજા રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલ ૯,૧૫૭ જગ્યાઓ પર વધુને વધુ નબળા અને વંચિત જૂથના બાળકોને આરટીઈ હેઠળ પ્રવેશનો લાભ મળી રહે તે હેતુથી પ્રથમ તથા બીજા રાઉન્ડમાં પ્રવેશથી વંચિત રહેલા અને માન્ય અરજી ધરાવતા ૮૨,૪૪૮ અરજદારોને શાળાઓની પુનઃપસંદગીની તક તા. ૦૨ થી ૦૪ જૂન, ૨૦૨૫ દરમિયાન આપવામાં આવી હતી. આ સમયગાળામાં કુલ ૩૧,૩૯૧ અરજદારોએ શાળાઓની પુનઃપસંદગી કરી હતી, જ્યારે બાકીના ૫૧,૦૫૭ અરજદારોએ અગાઉ પસંદ કરેલ શાળાઓ યથાવત્ રાખી હતી. ■

# વડોદરાની આરટીઓ ઓફિસમાં બે દિવસ સર્વર ઠપ થતા અરજીઓ રદ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા આરટીઓ ઓફિસમાં બે દિવસથી ટેક્નિકલ કારણોસર સર્વર ડાઉન થયું હતું. જેના કારણે અનેક લોકોનાં કામો અટકાયાં હતાં. શુક્રવારે પણ અરજદારોની તમામ અપોઈન્ટમેન્ટ રદ કરાઈ હતી. હાલ પણ આરટીઓની ડ્રાઈવિંગની કામગીરી બંધ છે.

વડોદરાની આરટીઓ ઓફિસમાં ઓટોમેટેડ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક સોફ્ટવેર જી-સ્વાન માધ્યમથી સારથી સોફ્ટવેર સાથે સંકલન સાંધી પ્રોસેસ કરે છે. ટેકનિકલ કારણોસર બે વખત કામગીરી ખોરવાઈ હતી. શુક્રવારે સવારથી ડ્રાઇવિંગ ટેસ્ટની કામગીરી બંધ કરવાની ફરજ પડી હતી. આ સિવાય ગુરુવારે પણ આરટીઓમાં ૫૦થી વધુ અરજદારોની અરજી રદ કરાઈ હતી. લોકો કામ-ધંધા બંધ રાખીને ડ્રાઈવિંગ ટેસ્ટ અને પાર્સિંગ સહિતની કામગીરી માટે જતા હોય છે, પરંતુ આરટીઓનું સર્વર ડાઉન થતા મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. શુક્રવારે અંદાજે ટૂ વ્હિલર ૧૮૦ અને ફોર વ્હિલર ૧૨૦ મળી કુલ ૩૦૦ જેટલી વાહનોની અરજીઓને રીશેડ્યુલ કરાઈ હતી.

અરજી રીશેડ્યુલ થતા અરજદારોને મેસેજ થકી સમગ્ર બાબતની જાણકારી આપવામાં આવી હતી. આરટીઓના સર્વરમાં અવારનવાર ખામી સર્જાતા સિસ્ટમ બંધ થાય છે પરંતુ આ સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું નથી. વડોદરા સિવાય ભરૂચ આરટીઓ ખાતે પણ આ સમસ્યા સર્જાઇ હોવાનું જાણવા મળ્યું હતું.■

# મહેસાણા, અરવલ્લી જિલ્લા સહિતની ચાર ગ્રામ પંચાયત સમરસ બની

અમદાવાદઃ મહેસાણાના ફતેપુરા ગ્રામ પંચાયત સમરસ બની છે. સતત બીજી વખત મહિલા સરપંચ તરીકે ભાવનાબેન ચૌધરીની પસંદગી કરવામાં આવી છે. બનાસકાંઠાના વડગામમાં પણ ચૂંટણી યોજાય તે પહેલા ગ્રામ પંચાયત સમરસ બની છે. આ યોજના ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. સમરસ ગ્રામ પંચાયતમાં કોઇ એક જ ઉમેદવારની લોકોની સંમતિથી પસંદ કરીને ચૂંટવામાં આવે છે. તેમાં ચૂંટણી યોજવામાં આવતી નથી. બધાનો એકમત હોય તો ઉમેદવારની સર્વાનુમતે વરણી કરવામાં આવે છે. ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાય તે પહેલા બનાસકાંઠાના વડગામ તાલુકાની જોઈતા ગ્રામપંચાયત સમરસ બની છે. જોઈતા ગામની ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે મંજુલાબા ચાવડા તેમ જ ઉપસરપંચ તરીકે મનીષાબા ચાવડાની વરણી કરાઈ છે. ગ્રામજનોની સર્વસંમતિથી સરપંચ-ઉપ સરપંચની પસંદગી કરવામાં આવી છે અને વોર્ડના સભ્યોની અગાઉ બિનહરીફ વરણી કરાઈ હતી. અરવલ્લી જિલ્લમાં બાયડ તાલુકાની રૂપનગર ગ્રામ પંચાયત પણ સમરસ બની છે. ■

# ભાજપના ઉમેદવાર કિરીટ પટેલની મુશ્કેલીમાં વધારો, આમ આદમી પાર્ટીની ચૂંટણી પંચમાં ફરિયાદ

અમદાવાદઃ વિસાવદરમાં ભાજપના ઉમેદવાર કિરીટ પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે. આમ આદમી પાર્ટી દ્વારા તેમના વિરુદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીના નેતા પ્રણવ ઠક્કરે જણાવ્યું હતું કે, વિસાવદરમાં ભાજપના ઉમેદવાર દ્વારા ફોર્મ નંબર ૨૬નું જે એફિડેવિટ છે તેમાં ૮.૨ નંબરનો પેરેગ્રાફ ડીલીટ કરી દીધો છે. આ અંગે અમે ઇલેક્શન કમિશન ઓફ ઇન્ડિયામાં ફરિયાદ કરી છે. આના વિરુદ્ધમાં અમે આરઓ ઓફિસરને ફરિયાદ કરી હતી, પરંતુ તેમણે અમને જવાબ આપ્યો તેનાથી અમે સંતુષ્ટ નથી એટલા માટે આમ આદમી પાર્ટીએ ઇલેક્શન કમિશન ઓફ ઇન્ડિયામાં ફરિયાદ કરી હતી. હકીકતમાં ભાજપના દબાણ હેઠળ ચૂંટણી અધિકારીઓ કામ કરી રહ્યા છે તે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે પરંતુ અમે દરેક પ્રકારની કાયદાકીય લડત લડવા માટે તૈયાર છીએ.

બીજી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ભાજપના ઉમેદવાર પાસે ફોર્ચ્યુનર કાર છે જેનો નંબર છે જીજે ૧૮ બીજી ૧૬૦૨. આ ગાડી ભાજપના ઉમેદવારના નામે બોલે છે અને આરટીઓમાં અમે આ વેરીફાઇ કર્યું છે. આ ગાડી વિશે ભાજપના ઉમેદવારે માહિતી છુપાવી છે. આ વિશે અમે સુપ્રીમ કોર્ટના નિર્ણયોને પણ ચકાસ્યા તો અમને જાણવા મળ્યું હતું કે અગાઉ એવા પણ નિર્ણયો લેવામાં આવ્યા છે કે જેમાં માહિતી છુપાવનાર વ્યક્તિને ચૂંટણી જીત્યા પછી પણ ડીસ્કોલીફાઈ કરાવવામાં આવ્યા હતા. કોઈપણ સંપત્તિ છુપાવી એ ગુનો છે માટે આ મુદ્દે પણ અમે ઇલેક્શન કમિશન ઓફ ઇન્ડિયામાં ફરિયાદ કરી છે. ■

# સાબરમતી નદીના સફાઈ અભિયાન અંતર્ગત ૯૦૧ મેટ્રિક ટન કચરો કાઢ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની સાબરમતી નદીમાં ચાલતી સફાઈની કામગીરી પૂર્ણ થઈ છે. નદીને સ્વચ્છ કરવા માટે ૯૦૭૫૩ સ્વંયસેવકો જોડાયા હતાં. ૩૧૪ જેટલા વાહનો સાથે સાબરમતી નદીની સફાઈ કરવામાં આવી છે. નદીની સફાઈ દરમિયાન ૯૦૧ મેટ્રિક ટન કચરો બહાર કાઢવામાં આવ્યો હતો. આગામી એકાદ બે દિવસમાં ફરી સાબરમતી નદીમાં પાણી જોવા મળશે. વાસણા બેરેજના દરવાજા રીપેરિંગ કરવાના હોવાથી સાબરમતી નદીને ખાલી કરવામાં આવી હતી. તેની સાથે સાથે નદીની પણ સફાઈ કરવામાં આવી હતી. સાબરમતી નદીમાંથી કચરાને બહાર કાઢવા માટે અમદાવાદ મહાનગરપાલિકાએ મહાઅભિયાન શરૂ કર્યું હતું. આ મહાઅભિયાનમાં નદીમાંથી ૯૦૧ મેટ્રિક ટન કચરો બહાર કાઢવામાં આવ્યો છે. આ અભિયાન દરમિયાન નદીમાંથી પ્લાસ્ટિક, પૂજાપા સહિતની વિવિધ વસ્તુઓ બહાર કાઢવામાં આવી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગેરરીતિ અટકાવવા સીઈટીની પરીક્ષા રાજ્યમાં જ લેવાશે

મુંબઈ: ગેરરીતિ અટકાવવા આગામી શૈક્ષણિક વર્ષથી મહારાષ્ટ્રમાં પ્રોફેશનલ કોર્સ માટેની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (સીઈટી)રાજ્યમાં જ પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવશે, એમ મહારાષ્ટ્રના પ્રધાન ચંદ્રકાંત પાટીલે જણાવ્યું હતું.

આ નિર્ણયને કારણે મહારાષ્ટ્ર બહાર કોઈ શૈક્ષણિક સંસ્થામાં કોર્સ કરી રહેલા વિદ્યાર્થીએ સીઈટી આપવા રાજ્યના પરીક્ષા કેન્દ્ર પર જવું પડશે. મહારાષ્ટ્રની બહારના કેટલાક પરીક્ષા કેન્દ્રો પર કથિત ગેરરીતિઓને પગલે આ જાહેરાત કરવામાં આવી છે.

આ સ્પષ્ટતા કરતી વખતે પ્રધાને તાજેતરમાં બિહારમાં થયેલા એક કિસ્સાનો ઉલ્લેખ કર્યો હતો. બિહારના પટના શહેરમાં એક જ પરીક્ષા કેન્દ્રના ચાર ઉમેદવારોએ પાંચ વર્ષના એલએલબી કોર્સ માટે મહારાષ્ટ્ર સીઈટીમાં સંપૂર્ણ ૧૦૦ પર્સેન્ટાઇલ મેળવ્યા હતા. આ મામલે હવે રાજ્યના ક્રાઇમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી) દ્વારા તપાસ ચાલી રહી છે.

સીઈટીમાં માર્ક વધારવાનું વચન આપીને વિદ્યાર્થીઓ પાસેથી પૈસા પડાવતા એડમિશન રેકેટ સામે અગાઉ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે કાર્યવાહી કરી હતી. આ સંબંધમાં દિલ્હીના ત્રણ જણની ધરપકડ કરવામાં આવી હતી. દર વર્ષે ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ વિવિધ સીઈટીની પરીક્ષા આપે છે, જેમાંથી ૨૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ મહારાષ્ટ્રની બહારના કેન્દ્રો પસંદ કરે છે. (પીટીઆઈ)

# દીકરીનું સરનામું ભૂલી ગયેલી અમદાવાદની ગુજરાતી વૃદ્ધાનો પોલીસે કરાવ્યો મેળાપ

## ત્રણ દિવસ કેઈએમ હૉસ્પિટલ બહાર વિતાવ્યા: પર્સમાં બે લાખ રૂપિયા હતા

**યોગેશ સી. પટેલ**

મુંબઈ: દીકરીને મળવા માટે બે લાખ રૂપિયા લઈને છેક અમદાવાદથી આવેલી ગુજરાતી વૃદ્ધા નબળી યાદશક્તિને કારણે દીકરીનું સરનામું ભૂલી ગઈ હતી, જેને કારણે ત્રણ દિવસ તેણે કેઈએમ હૉસ્પિટલની બહાર વિતાવ્યા હતા. વૃદ્ધાના પર્સમાંથી મળી આવેલા એક કાગળના ટુકડા પર લખેલા ફોન નંબરને આધારે પોલીસે પૂરતી વિગતો મેળવી હતી અને વૃદ્ધાનો મેળાપ પરિવારજનો સાથે કરાવ્યો હતો.

ભોઈવાડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો કોન્સ્ટેબલ સંજય પોટે ચોથી જૂને રાઉન્ડઅપ પર નીકળ્યો ત્યારે તેની નજર કેઈએમ હૉસ્પિટલની બહાર ફૂટપાથ પર બેસેલી વૃદ્ધા પર પડી હતી. સારા ઘરની દેખાતી વૃદ્ધાની પોટેએ પૂછપરછ કરતાં તેને કંઈ યાદ નહોતું. આખરે પોટેએ નિર્ભયા પથકને જાણ કરી હતી.

નિર્ભયા પથકની અધિકારીઓ વૃદ્ધાને ભોઈવાડા પોલીસ સ્ટેશને લઈ આવી હતી. વૃદ્ધાને તેનું નામ પ્રમીલાબહેન અને તે સંસ્કાર નગરમાં રહેતી હોવાનું યાદ હતું. જોકે સંસ્કાર નગર ક્યાં આવ્યું તેની પણ તેને જાણ નહોતી. આ સિવાયની વિગતો પૂરી પાડવામાં અક્ષમ પ્રમીલાબહેનના પર્સમાં પોલીસે ચકાસણી કરી હતી. અધિકારીઓના આશ્ચર્ય વચ્ચે પર્સમાંથી બે લાખ રૂપિયા મળી આવ્યા હતા.

પર્સમાંથી પોલીસને કાગળનો ટુકડો મળ્યો હતો, જેના પર મોબાઈલ નંબર લખ્યો હતો. એ નંબર પર પોલીસે કૉલ કર્યો તો અમદાવાદના કેબલ ઑપરેટરનો હોવાનું જણાયું હતું. કેબલ ઑપરેટરની મદદથી વૃદ્ધાના અમદાવાદમાં રહેતા પુત્રનો સંપર્ક થયો હતો. વૃદ્ધાની કોઈ ભાળ ન મળતાં અમદાવાદમાં મિસિંગની ફરિયાદ નોંધાવાઈ હતી.

વૃદ્ધાની ઓળખ પ્રમીલાબહેન વ્યાસ (૭૪) તરીકે થઈ હતી. તે મુલુંડમાં રહેતી દીકરીને મળવા માટે અમદાવાદથી નીકળી હતી, પરંતુ બોરીવલી પહોંચ્યા પછી નબળી યાદશક્તિને કારણે તે દીકરીનું નામ-સરનામું સહિત બધી વિગતો ભૂલી ગઈ હતી. તે કેઈએમ હૉસ્પિટલ કઈ રીતે પહોંચી તેની પણ જાણ નહોતી.

પોલીસને પ્રમીલાબહેનની મુલુંડમાં રહેતી દીકરી નીતાનો મોબાઈલ નંબર મળતાં તેને વીડિયો કૉલ કરવામાં આવ્યો હતો. નીતાએ માતાને ઓળખી કાઢતાં અધિકારીઓએ તેને પોલીસ સ્ટેશને આવવાનું કહ્યું હતું. ભોઈવાડા પોલીસ સ્ટેશન પહોંચેલી નીતા તેની માતાને મળી શકી હતી.

નવમા પાનાનું ચાલુ

## બકરી-ઈદના

(પશ્ચિમ)થી જુહુ વચ્ચે ત્રણ, સાંતાક્રુઝ ડેપોથી મલાવણી ડેપો વચ્ચે ત્રણ, અંધેરી સ્ટેશન પશ્ચિમથી મિલ્લત નગર વચ્ચે બે, મલાડ સ્ટેશન પશ્ચિમથી મઢ જેટી માટે વધારાની બે, કુર્લા બસ સ્ટેશન (પૂર્વ)થી શિવાજી નગર ડેપો માટે ત્રણ, શિવાજી નગર બસ સ્ટેશનથી બાન્દ્રા બસ સ્ટેશન પશ્ચિમ વચ્ચે વધારાની બે, માહિમથી શિવાજી નગર વચ્ચે વધારાની બે અને સાંતાક્રુઝ (પૂર્વ)થી વાશી ડેપો માટે વધારાની બે બસ દોડાવવામાં આવશે.

## ભાજપના સર્વેથી

છે. આમાંથી, શિવસેના શિંદે જૂથ અત્યાર સુધી ૧૦૭ બેઠકો પર પોતાના ઉમેદવારોને ચૂંટણી લડાવવાની તૈયારી કરી રહ્યું હોવાનો સંકેત આપી રહ્યું છે. શિવસેના શિંદે જૂથના મુખ્ય નેતા એકનાથ શિંદેએ ભાજપના નેતા અને ગૃહ પ્રધાન અમિત શાહને મુંબઈની મુલાકાત દરમિયાન મળ્યા હતા.

આ બેઠકમાં શિંદેએ કહ્યું હતું કે તેમની પાસે ૧૦૭ ઉમેદવારો તૈયાર છે. જેમાં ઠાકરે જૂથ, કૉંગ્રેસ અને અન્ય પક્ષોના કોર્પોરેટરોનો સમાવેશ થાય છે.

શિવસેના શિંદે જૂથે બીએમસીની ચૂંટણી માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે, તેણે ઠાકરે જૂથના ભૂતપૂર્વ કોર્પોરેટરોને પાર્ટી સાથે જોડ્યા છે. શિંદેએ છેલ્લી ચૂંટણીમાં જીતેલા લગભગ પચાસ કોર્પોરેટરોને પાર્ટીમાં લીધા છે. આ ઉપરાંત, તેણે કોંગ્રેસ અને અન્ય પક્ષોના કોર્પોરેટરોને પણ પાર્ટીમાં સ્થાન આપ્યું છે.

## ઘોડબંદર પર

વિરુદ્ધ દિશામાં જઈ વાઘબીલ બ્રિજ પહેલાં ખોલવામાં આવેલા કટમાંથી પસાર થશે અને પછી મુખ્ય માર્ગ દ્વારા ઇચ્છિત સ્થાને જઇ શકશે.

▶ થાણે ઘોડબંદર લાઇનની વિરુદ્ધ દિશામાં સ્ટીલ ગર્ડર પરિવહન કરવાના હોવાથી પાટલીપાડા ફ્લાયઓવરને અડીને આવેલા સ્લિપ રોડ દ્વારા હીરાનંદાની એસ્ટેટ તરફ જતા તમામ વાહનો માટે પાટલીપાડા ફ્લાયઓવર પર ચઢવામાં 'નો એન્ટ્રી' રહેશે.

▶ થાણે ઘોડબંદર ચેનલથી વિરુદ્ધ દિશામાં સ્ટીલ ગર્ડરનું પરિવહન કરતી વખતે હીરાનંદાની એસ્ટેટ તરફ જતા બધા વાહનો પાટલીપાડા ફ્લાયઓવર પરથી પસાર થશે અને વાઘબીલ ફ્લાયઓવર નીચેથી ઇચ્છિત સ્થાને જશે.

▶ થાણે ઘોડબંદર લાઇનથી વિરુદ્ધ દિશામાં સ્ટીલ ગર્ડરનું પરિવહન કરતી વખતે માનપાડા બ્રિજ પાસેના સ્લિપ રોડથી માનપાડા પરથી ટીકુજીનીવાડી તરફ જતા બધા પ્રકારના વાહનોને માનપાડા પુલ ચઢાણ નજીક 'નો એન્ટ્રી' કરવામાં આવી છે.

▶ થાણે ઘોડબંદર લાઇનથી વિરુદ્ધ દિશામાં સ્ટીલ ગર્ડરનું પરિવહન કરતી વખતે, માનપાડા બ્રિજ નીચેથી જતા બધા વાહનો પાટલીપાડા ફ્લાયઓવર નીચેથી જશે અને ટીકુજીનીવાડી તરફ જતા બધા વાહનો મુલ્લા બાગ થઈને તેમના ઇચ્છિત સ્થાને જશે. આ ટ્રાફિક ફેરફારો શનિવારે સવારે પાંચ વાગ્યા સુધી અમલમાં રહેશે.

## રેપો રેટમાં

શક્યતા આ પગલાંથી નિર્માણ થઈ હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

એમસીએચઆઈ-ક્રેડાઈ, થાણેના ઈમિડિયેટ પાસ્ટ પ્રેસિડેન્ટ જિતેન્દ્ર મહેતાએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે આનાથી હોમલોનના દર ઘટવાની અપેક્ષા છે, જેને કારણે ઘર ખરીદનારાઓને રાહત મળી શકે છે. વૈશ્વિક અનિશ્ચિતતાની સ્થિતિઓમાં દેશમાં વૃદ્ધિદરને જાળવી રાખવાનો હેતુ આ દર ઘટાડા પાછળ હોવાનો મત વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે આરબીઆઈ વિકસતી મેક્રોઇકોનોમિક પરિસ્થિતિઓનો પ્રતિભાવ આપવા માટે સુગમતા જાળવી રાખશે, જેથી પ્રવાહિતા જળવાઈ રહેશે.

એમસીએચઆઈ-ક્રેડાઈના પ્રમુખ ડોમનિક રોમેલે જણાવ્યું હતું કે, 'રેપો રેટ અને સીઆરઆર બંને ઘટાડવાની આ બેવડી કાર્યવાહી સ્પષ્ટ સંકેત આપે છે કે બજારમાં લિક્વિડિટી આવશે અને પરવડે તેવી તક પ્રાથમિકતા છે. હોમ લોન પર ઓછા વ્યાજ દરો એમએમઆર અને તેનાથી આગળના હજારો પ્રથમ વખતના ખરીદદારો માટે ઘર ખરીદવું વધુ સુલભ બનાવશે. આ પગલું અંતિમ-વપરાશકર્તાની લાગણીને ઉર્જા આપી શકે છે, પ્રોજેક્ટની કાર્યક્ષમતામાં સુધારો કરી શકે છે અને ઘણા લોકો માટે ઘર પહોંચમાં લાવી શકે છે.'

એમસીએચઆઈ-ક્રેડાઈના સેક્રેટરી ધવલ અજમેરે જણાવ્યું હતું કે, 'અમે બેંકો અને ધિરાણ સંસ્થાઓને દર ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી ઝડપથી પહોંચાડવા વિનંતી કરીએ છીએ.

વર્તમાન આર્થિક વાતાવરણ - ઓછી ફુગાવો, સુધારેલી લિક્વિડિટી અને સ્થિર માગણી રિયલ એસ્ટેટ માટે મજબૂત પાયો બનાવે છે. મહત્વાકાંક્ષી ઘર ખરીદદારો માટે કૂદકો મારવાનો આ આદર્શ સમય છે.'

એમસીએચઆઈ-ક્રેડાઈએ પણ ભાર મૂક્યો હતો કે સીઆરઆરમાં ઘટાડો એનબીએફસી અને બેંકોને વિકાસકર્તાઓને વધુ ધિરાણ આપવામાં મદદ કરશે, ખાસ કરીને એમએમઆરના ઉભરતા વિકાસ કોરિડોર જેમ કે પનવેલ, ડોમ્બિવલી, વસઈ-વિરાર અને કલ્યાણમાં કાર્યરત લોકો, જ્યાં પરવડે તેવા આવાસ મુખ્ય પ્રેરક બળ છે.

સંસ્થાએ આ નાણાકીય સરળતાના લાભો કાર્યક્ષમ અને પારદર્શક રીતે પસાર થાય તે સુનિશ્ચિત કરવા માટે હિસ્સેદારો સાથે સહયોગથી કામ કરવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી, જે ભારતની સમાવેશી આવાસ અને ટકાઉ શહેરી વિકાસ તરફની સફરને વેગ આપે છે.

## કસારામાં ઝાડીઝાંખરામાં

પરિસરમાં નાળા પાસેના ઝાડીઝાંખરામાં ગુરુવારની બપોરે એક મહિલા ગાયોને ચરાવવા લઈ ગઈ હતી ત્યારે તેની નજર કાર પર પડી હતી. અતિશય દુર્ગંધ આવતી હોવાથી મહિલાએ નજીક જઈને જોયું તો કારમાં શબ દેખાયાં હતાં. તેણે તાત્કાલિક ગામવાસીઓને આ અંગે જાણ કરી હતી.

બનાવની જાણ થતાં કસારા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જેસીબી મશીનની મદદથી કારને બહાર કાઢવામાં આવી હતી. કચ્ચરઘાણ વળી ગયેલી હાલતમાં કાર મળી હતી. કારમાં ત્રણ યુવકના મૃતદેહ હતા, જે કોહવાવા લાગ્યા હતા. પોલીસના અંદાજ મુજબ ત્રણથી ચાર દિવસ અગાઉ યુવકોનાં મૃત્યુ થયાં હશે. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે વાઘેલા તેના બનેવીની કાર લઈને બારથી નીકળ્યો હતો. ત્ર્યંબકેશ્વર જઈ રહ્યો હોવાનું તેણે પરિવારને કહ્યું હતું. ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં સીસીટીવી કેમેરા ન હોવાથી ઘટના કયારે બની તે જાણી શકાયું નહોતું.

ઈન્સ્પેક્ટર ગાવિતે જણાવ્યું હતું કે ઘટનાસ્થળનું નિરીક્ષણ જોતાં માલૂમ થાય છે કે કાર પૂરપાટ વેગે આવી હશે અને નાના વળાંક પાસે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. અકસ્માત મધરાતે અથવા પરોઢિયે થયો હશે, જેને કારણે કોઈને તેની જાણ થઈ નહોતી.

કાર એટલા જોશથી ફંગોળાઈ હતી કે સાગના ઝાડની મોટી ડાળી તૂટી ગઈ હતી. કાર એવા સ્થળે ઝાડીઝાંખરામાં ફસાઈ હતી કે રસ્તા પરથી પસાર થનારી વ્યક્તિને તે નજરે પડતી નહોતી, એમ પોલીસે જણાવ્યું હતું.

## ભાજપને દૂર રાખવા

ઠાકરે ભાઈઓ હાથ મિલાવી શકે છે.

રાજ્ય કૉંગ્રેસના પ્રવક્તા અતુલ લોંઢેએ જણાવ્યું હતું કે, 'શિવસેના (યુબીટી) અને મનસે બંને તરફથી એવી વાત થઈ છે કે તેઓ મહારાષ્ટ્રના હિતોનું રક્ષણ કરવા અને ભાજપને દૂર રાખવા માટે હાથ મિલાવશે. જો બંને પક્ષો આ માટે સાથે આવી રહ્યા છે, તો અમે આ પગલાનું સ્વાગત કરીશું.'

રાજ ઠાકરેએ અગાઉ કહ્યું હતું કે મરાઠી માણસો (મરાઠીભાષી લોકો)ના હિતમાં એક થવું મુશ્કેલ નથી, જ્યારે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે તેઓ નાના ઝઘડાઓને બાજુ પર રાખવા તૈયાર છે, જો મહારાષ્ટ્રના હિતોની વિરુદ્ધ કામ કરનારાઓને સાથ ન આપવામાં આવે.

લોંઢેએ કહ્યું હતું કે, 'જે લોકો સત્તામાં છે અને બંધારણીય પદો પર છે તેઓ જાતિ અને સાંપ્રદાયિક વિભાજન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આપણા પ્રતિષ્ઠિત ચિહ્નો - છત્રપતિ શિવાજી મહારાજ, શાહુ મહારાજ, મહાત્મા ફૂલે અને ડો. બાબાસાહેબ આંબેડકર - ની વિચારધારાને દરરોજ કચડી નાખવામાં આવે છે. જો તેઓ (સેના યુબીટી અને મનસે) આ વિચારધારાના રક્ષણ માટે એકસાથે આવે છે, તો કોંગ્રેસ તેનું સ્વાગત કરશે.' જો આવું થાય, તો તે છત્રપતિ શિવાજી મહારાજને યોગ્ય શ્રદ્ધાંજલિ હશે, એમ તેમણે ઉમેર્યું હતું. મરાઠા સામ્રાજ્યના સ્થાપકનો રાજ્યાભિષેક સમારોહ ૧૬૭૪માં છઠી જૂને યોજાયો હતો. દરમિયાન, ભાજપના એમએલસી પ્રવીણ દરેકરે ઉદ્ધવ ઠાકરેની ટીકા કરતા એવો દાવો કર્યો હતો કે તેમના વિચારો અને જનતાનો અભિપ્રાય સમજવાની ક્ષમતા ખતમ થઈ ગઈ છે. 'મને તે આછકલું લાગે છે. લોકોના મંતવ્યો અને મત ચૂંટણી દરમિયાન વ્યક્ત થાય છે,' એમ દરેકરે પત્રકારોને જણાવ્યું હતું. તેમણે મનસેના નેતા સંદીપ દેશપાંડે દ્વારા કરવામાં આવેલી ભૂતકાળની ટિપ્પણીનો ઉલ્લેખ કર્યો હતો, જેમણે કહ્યું હતું કે ૨૦૧૪ અને ૨૦૧૭ (મુંબઈ પાલિકા) ચૂંટણીઓમાં, મહારાષ્ટ્રના લોકોએ પોતાનું મન બનાવી લીધું હતું, પરંતુ ઉદ્ધવ ઠાકરેએ એવું થવા દીધું નહોતું. 'ઉદ્ધવ ઠાકરેના મનમાં ખરેખર શું છે તે વધુ મહત્વનું છે. હું જાણું છું કે લોકોના મનમાં શું છે,' એમ દેશપાંડેએ તે સમયે કહ્યું હતું. દરેકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ બે પિતરાઈ ભાઈઓના એક સાથે આવવાની વાતથી ઈર્ષ્યા કરતા નથી કારણ કે તે 'પારિવારિક પુનઃમિલન' છે.

'પરંતુ મને શંકા છે કે આવું જોડાણ રાજકીય રીતે કેવી રીતે કાર્ય કરશે,' એમ દરેકરે દાવો કર્યો હતો. દરેકરે કહ્યું કે ઉદ્ધવ ઠાકરે દિવંગત બાળ ઠાકરેની વિચારધારાથી દૂર ગયા હતા અને કોંગ્રેસની લાઇન અપનાવી હતી. 'ઠાકરે એમવીએમાં ફસાઈ ગયા છે. મને નથી લાગતું કે રાજ ઠાકરે ઉદ્ધવ સાથે હાથ મિલાવશે કેમ કે તેઓ હજુ પણ કોંગ્રેસ સાથે જોડાયેલા છે,' એમ ભાજપના નેતાએ દાવો કર્યો હતો. વધુમાં, શિવસેના (યુબીટી) અને મનસેના કાર્યકરો લાંબા સમયથી કટ્ટર હરીફ રહ્યા છે અને તેનો ઉકેલ લાવવો મુશ્કેલ બનશે, એમ પણ દરેકરે જણાવ્યું હતું. 'આવા અનેક સમીકરણો સંકળાયેલા છે. આ પૃષ્ઠભૂમિ સામે, મને નથી લાગતું કે તેઓ એક સાથે આવશે,' એમ તેમણે કહ્યું હતું.

## 'મહારાષ્ટ્રના લોકો

મનમાં પણ કોઈ મૂંઝવણ નથી. અમે કોઈ સંકેત નહીં આપીએ, અમે સીધા સમાચાર આપીશું,' એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું.

ઉદ્ધવની તાજેતરની આ ટિપ્પણીએ રાજકીય સુમેળની અટકળોને વધુ વેગ આપ્યો છે. અહીં ઉલ્લેખનીય છે કે મનસે નેતા અમિત ઠાકરેએ તાજેતરમાં કહ્યું હતું કે મીડિયા નિવેદનો દ્વારા ગઠબંધન સાકાર થતું નથી અને સૂચન કર્યું હતું કે જો દળોમાં જોડાવામાં કોઈ ખરો રસ હોય તો ઉદ્ધવ અને રાજે સીધા વાત કરવી જોઈએ. અગાઉ, શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ પણ આ બાબતે ટિપ્પણી કરતા કહ્યું હતું કે, 'જો કોઈ મહારાષ્ટ્રના હિતોનું રક્ષણ કરવા માટે સાથે આવવા માગે છે, તો અમે તેમને સાથે લઈશું.' ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન મનસેએ મહારાષ્ટ્રમાં ભાજપને ટેકો આપ્યો હતો. જો કે, માત્ર છ મહિના પછી, બંને પક્ષોએ રાજ્ય વિધાનસભાની ચૂંટણી અલગથી લડી હતી.

# હિન્દુ મરણ

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

મુળ ગામ વસ્તડી નિવાસી હાલ મુંબઈ, ગં. સ્વ. ભારતીબેન રસિકલાલ ત્રિવેદી તા. ૫ જૂન ૨૦૨૫ ગુરુવારના અક્ષરવાસી થયા છે. તે શિયાણી નિવાસી સ્વ. ગૌરીશંકર વિદ્યારામ દવેના સુપુત્રી. મુરારીના માતુશ્રી. ભારતીના સાસુ. જશના દાદી. મનસ્વી, યુવાનના વડદાદી. બેસણું તા. ૮ જુન ૨૦૨૫ રવિવારના ૧૦ થી ૧૨. રામજરુખા કો. ઓ. હાઉસિંગ સોસાયટી અંધેરી ફ્લાય ઓવર સામે, એસ વી રોડ, અંધેરી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

સતીશભાઈ ઠક્કર તે જયશ્રીના પતિ. કેશવલાલના પુત્ર. જમનાદાસ કારિયાના જમાઈ. ઉમાબહેન સુરેશભાઈ ગાંધીનાં ભાઈ. ભક્તિ પ્રથમેશ ચવ્હાણના પપ્પા. તા. ૫-૬-૨૫ એ દેવલોક પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ મોસાડા વાગડ**

હાલ બોરીવલી મુંબઈ મુકુંદ પંડ્યા અને મીનાબેન પંડ્યાના સુપુત્ર ચિંતન પંડ્યા (ઉં.વ. ૩૧) તા. ૪-૬-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે નીરવ પંડ્યાના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૮-૬-૨૫ના રોજ ૪થી ૬ સોનીવાડી શિંપોલી બોરીવલી.

**ગિરિનારાયણ બ્રાહ્મણ**

મૂળ વતન જૂનાગઢ હાલ વિરાર, અ.સૌ. વાસંતીબેન (ઉં.વ. ૮૨) તે ઘનશ્યામ ઈ. પંડ્યાના પત્ની. સૌ. નિતા, સૌ. છાયા, સૌ. નિલીમા, જોય, બિનયના માતુશ્રી. સ્વ. ભાનુમતી ઈચ્છાશંકર પંડ્યાના પુત્રવધૂ. સ્વ. ગુણવંતી વૃન્દાવન પુરોહિતના પુત્રી. સૌ. પૂર્ણિમા, સૌ. કાનનના સાસુ તા. ૫-૬-૨૫, ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વે પ્રકારની લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**શ્રીમાળી સોની**

શિહોરવાળા હાલ મુંબઇ મધુકાંતાબેન (ઉં. વ. ૯૧) કનૈયાલાલ સોની (લંગાળીયા) તા. ૫-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ભરત, જયંત, શશી અને કલ્પનાબેનના માતુશ્રી. તે હરીશભાઇ જોષી, સ્વ. શીલાબેન, સ્મિતા અને છાયાના સાસુ. સુજલ, નીખીલ, ઝીંકલ, ચાર્મી, પ્રીયંકા, કૃષીકાના દાદી. ઉર્વશીના દાદીસાસુ. વિશાલ અને વિવેકના નાની. પ્રાર્થનાસભા તા. ૯-૬-૨૫ સોમવારના ૫થી ૭. ઠે. શ્રી હાલાઇ લોહાણા મહાજન વાડી, ૬/૧૦, ઠાકુરદ્વાર રોડ, કુંભાર ટુકડા પાસે, મુંબઇ-૪૦૦૦૦૨. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

મતીરાળાવાળા, સ્વ. મુળજીભાઈ જેઠાભાઇ મોદીના પુત્રવધૂ અ.સૌ. હંસાબેન (ઉં.વ. ૭૨) તે રમણીકભાઈના ધર્મપત્ની બુધવાર તા. ૪/૬/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. ફાલ્ગુની ચંદ્રેશ મહેતા, બીજલ જીગ્નેશ પારેખના માતુશ્રી. કનુભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. પ્રફુલભાઈ, હર્ષદભાઈ, શરદભાઈ પ્રકાશભાઈ, રાજુભાઈ, પ્રદીપભાઈ, રંજનબેન કિશોરકુમાર, નીરૂબેન ભુપેન્દ્રકુમાર, ચંદ્રિકાબેન મહેશકુમાર પારેખ, પારુલબેન શૈલેષકુમાર સંઘવી, મધુબેન યોગેશકુમારના ભાભી. પિયરપક્ષે સ્વ. નાથાલાલ નારણદાસ શેઠના દીકરી. પ્રાર્થનાસભા તા. ૭/૬/૨૫ના શનિવાર ૫ થી ૭. લોહાણા

## મીઠી નદી કૌભાંડ

કંપનીઓમાંની એક મેટપ્રોપ ટેક્નિકલ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ કોચીમાં સ્થિત છે. મહાપાલિકાને ૬૫.૫૪ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન પહોંચાડવા બદલ આર્થિક ગુના શાખાએ ૧૩ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ ગુનાને આધારે ઇડીએ એન્ફોર્સમેન્ટ કેસ ઇન્ફોર્મેશન રિપોર્ટ (ઇસીઆઇઆર) દાખલ કરીને મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી હતી.

એફઆઇઆરમાં આરોપી તરીકે પાલિકાના આસિસ્ટન્ટ એન્જિનિયર પ્રશાંત રામુગડે, ડેપ્યુટી ચીફ એન્જિનિયર ગણેશ બેન્દ્રે અને પ્રશાંત તાયશેટ્ટી સહિત મેટપ્રોપ કંપનીના દીપક મોહન, કિશોર મેનન, મે. વિરગો સ્પેશ્યાલિટીસ પ્રા. લિ.ના જય જોશી, વ્હોડર ઇન્ડિયા એલએલપીના કેતન કદમ અને કોન્ટ્રેક્ટર ભૂપેન્દ્ર પુરોહિતના નામ અપાયાં હતાં.

પ્રારંભિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે નદીમાંથી ગાળ કાઢવાના કરાર સંબંધિત વિવિધ નાણાકીય ગેરરીતિઓ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ વચ્ચે કરવામાં આવી હતી. બાદમાં પોલીસને જાણવા મળ્યું હતું કે કોન્ટ્રેક્ટરોએ નવ નકલી એમઓયુ રજૂ કર્યા હતા.

એફઆઇઆરમાં જણાવાયું છે કે પાલિકાના અધિકારીઓએ ડિસિલ્ટિંગ કોન્ટ્રેક્ટ માટે ટેન્ડર એવી રીતે તૈયાર કર્યું હતું કે તેનાથી કામ માટે જરૂરી મશીનરીના ચોક્કસ સપ્લાયરને ફાયદો થયો. વધુમાં કોન્ટ્રેક્ટરોએ ગાળને મુંબઈ બહાર લઇ જવા માટે બોગસ બિલ બનાવ્યા હતા. તપાસ અનુસાર મેટપ્રોપના દીપક મોહન અને કિશોર મેનને પાલિકાને ૩.૦૯ કરોડ રૂપિયાના ખર્ચે સિલ્ટ પુશર અને મલ્ટિપર્પસ એમ્ફિબિયસ પેટૂન મશીનો ઓફર કર્યાં.

દરમિયાન આર્થિક ગુના શાખાએ આ કેસમાં વચેટિયા જય જોશી અને કેતન કદમની ધરપકડ કરી હતી. કેતન કદમ પાસેથી જપ્ત કરાયેલા ઇલેક્ટ્રોનિક ડિવાઇસમાં પાલિકાના વરસાદી પાણીનાં નિકાલ વિભાગના અધિકારીઓની પોસ્ટિંગના આદેશની નકલ તેમ જ ટેન્ડર સંબંધી ઓરિજિનલ રેકોર્ડની ફોટોકોપી અને અન્ય દસ્તાવેજો મળી આવ્યાં હતાં. કદમને અભિનેતા ડિનો મોરિયા અને તેનો ભાઇ પચીસ વર્ષથી ઓળખતા હતા અને કદમે કરેલા કેટલાક વ્યવહારો શંકાસ્પદ જણાયા બાદ મોરિયાને સમન્સ પાઠવાયા હતા.

# પારસી મરણ

સામ બમન બાથેના (ઉં. વ. ૭૩) તે બેહરોઝ શ્રોફના પતિ. તે મરહુમ બમન બાથેના અને મરહુમ ખોરશેદ બાથેનાના પુત્ર. રે. ઠે. ફ્લેટ નં.૧૧૦૧, ૧૧મે માળે, ધ પ્રિમોર્ડિઅલ હાઉસ, ૬૨ ઓગસ્ટ ક્રાન્તિ માર્ગ, ગોવાલિયા ટેન્ક, મુંબઇ-૪૦૦૦૨૬.

રતનશી જમશેદજી ખંભાતા (ઉં. વ. ૯૧) તે મરહુમ રોશન રતનજી ખંભાતાના પતિ. તે મરહુમ જમશેદજી ખંભાતા અને મરહુમ ગુલબાઇ ખંભાતાના પુત્ર. તે ઝર્લિના અને યેઝદીના પિતા. તે મરહુમ નરગીસ ખંભાતા, ખોરશેદ બલસારાના ભાઇ. તે ફારોખ, યેઝદી, હોશી, કૈરસ સિંગાપોરીયા, દિનશૉ બલસારા, શેરનાઝ ધોન્ડ, ચિરાગ બલસારાના આન્ટી, તે મરહુમ સોરાબજી સિંગાપોરીયા, મરહુમ અલામાઇના જમાઇ.

નાદીર અરદેશીર મોદી તે મરહુમ હોમય મોદીના ધની. તે મરહુમો પેરીન અરદેશીર મોદીના દીકરા. તે પેશોતન ને નવાઝના પપા. તે જમશેદ અરદેશીર મોદીના ભાઇ. (ઉં. વ. ૯૫) રે. ઠે. મોદી લોજ, ૧૩ વાચ્છા ગાંધી રોડ, વસત સાઇદની ગામદેવી, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાની ક્રિયા : તા. ૭-૬-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

---

બાળાશ્રમ, અતુલ ટાવરની બાજુમાં, મથુરાદાસ રોડ, કાંદીવલી વેસ્ટ.

**ખંભાતી દશા પોરવાડ વણિક**

મૂળગામ અગાશી હાલ દહિસર, શીલાબેન પરીખ (ઉં.વ. ૭૪) તે સ્વ. રણછોડભાઈના પત્ની. કલ્પેશ તથા નિતેશના માતુશ્રી. વૈશાલીના સાસુ. શોર્યના દાદી. ગં. સ્વ. નલિનીબેનના બહેન. ૩/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી ૮/૬/૨૫ના ૫ થી ૭. ગ્રેન્ડ્નેસ મારુતિ મોલ પાસે, શિવવલ્લભ રોડ, અશોકવન, દહિસર ઈસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી**

મૂળ ગામ મહુવા હાલ મુંબઈ સ્વ. શાંતિલાલ વલ્લભદાસના જયેષ્ટપુત્ર સુશીલભાઈ (ઉં.વ. ૯૫) તે ભારતીબેન, પ્રવિણાબેન, ભક્તિ તથા યોગેશ, બિપીનભાઈના પિતા. હરગોવિંદાસ પાતાણીના જમાઈ, ૫/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ વિલેપાર્લે, સ્વ. લીલાવતી ઇન્દુલાલ ચિતલીયાના પુત્ર અશ્વિનભાઇ (ઉં.વ. ૮૧) તે કિરણના પતિ. સ્વ. અપૂર્વ તથા સ્વ. રોનકના પિતા. હર્ષદ-પૌલોમી, સ્વ. હરેશ-નીલમ, સરોજ જીતેન્દ્રભાઈ દોશી તથા જ્યોતિ જતીનભાઈ મહેતાના ભાઈ. સ્વ. કુંદનબેન મનુભાઈ મહેતાના જમાઈ. વર્ષા મુકુલ મહેતા, ભારતી મહેશભાઈ દોશી, હિના જનક શાહ તથા સ્વ. અજિતના બનેવી. ૫/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૭/૬/૨૫ના ૫ થી ૭. સન્યાસ આશ્રમ હોલ, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**લેઉવા પટેલ**

મૂળ ગામ નાના ભમોદરા હાલ બોરીવલી, ગોકુળભાઇ પટેલ (હિરપરા) (ઉં.વ. ૭૨) તા. ૪/૬/૨૫ના શ્રીચરણ પામેલ છે. તે સ્વ. સાકરબા મોહનભાઇ પટેલ (હિરપરાના) પુત્ર. જયાબેનના પતિ. તુષાર તથા હેમલના પિતા. નીતા તથા મિતાલીના સસરા. આનંદ નરશીભાઈ હિરપરાના કાકા. સાસરાપક્ષે, સ્વ. રળિયાતબેન ગોરધનભાઈ ઝાલાવાળીયા ચારોળીયાવાળાના જમાઈ. પ્રાર્થનાસભા ૭/૬/૨૫ના ૪ થી ૬. સૌરાષ્ટ્ર પટેલ વાળી, અશોકવન હનુમાન ટેકરી, દહિસર પૂર્વ.

**કપોળ**

પાલીતાણાવાળા, ગુલાબરાય દુલેરાય પારેખ (ઉં.વ. ૯૮) તા. ૫-૬-૨૫ના અમદાવાદ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ભાનુબેનના પતિ. સ્વ. ધનજીભાઈ લક્ષ્મીદાસ દેસાઇના જમાઇ. ગં. સ્વ. મૃદુલાબેન વિપિનચંદ્ર ભુતા, જતીન ગુલાબરાય પારેખ, હિતેન ગુલાબરાય પારેખ, સ્વ. પરેશ ગુલાબરાય પારેખના પિતાશ્રી. રેણુકાબેન હિતેનભાઈ પારેખના સસરા. અમીષા, નિકુંજ, વિશાલ, ઇશાન, ઉત્સવીના દાદાજી. કાનન અને પાયલના નાનાજી. પ્રાર્થનાસભા તા. ૮-૬-૨૫ના ૯.૦૦ થી ૧૧.૦૦, લાયન્સ હોલ, મીઠાખળી, અમદાવાદ ખાતે રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ ભાઠાણાવાળા હાલ કાંદિવલી, અ.સૌ. ચેતના ઠક્કર (ઉં.વ. ૫૦) તે દિવ્યેશ ઠક્કર નથવાણીના ધર્મપત્ની. તે પ્રતિભાબેન પુરુષોત્તદાસ નથવાણીના પુત્રવધૂ. મીત અને રિદ્ધિના માતુશ્રી. હરિદાસ અને મથુરાદાસ લાલજીના ભત્રીજાવહુ. નિશા મયુરભાઈ વોરાના ભાભી. ગં.સ્વ. ભારતી વિનોદભાઈ આડઠક્કરના દિકરી, તા. ૫-૬-૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮/૬/૨૫ ને રવિવારના ૪.૦૦ થી ૬.૦૦. શ્રી કાંદિવલી લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, શંકરમંદિર પાસે, કાંદિવલી, જેઠવા નગર, કાંદિવલી પશ્ચિમ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ જૂનાગઢ હાલ ગોરાઇ મુંબઇ સ્વ. હિરાગૌરી રૂગનાથભાઇ મણિયારના પુત્ર અનિલ મણિયાર (ઉં. વ. ૬૫) તે ભાવનાબેનના પતિ. વિરલ, હર્ષના પિતા. ઇંદિરા, ભારતી, જયશ્રી, તરુણ અને દીલીપના ભાઇ. સ્વ. બાલકૃષ્ણ ભાઇલાલ નિર્મળના જમાઇ. શબનમના સસરા. તા. ૪-૬-૨૫ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૬-૨૫ શનિવારના ૪થી ૬. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી (પશ્ચિમ).

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

માંડવી નિવાસી હાલ ઘાટકોપર સરસ્વતીબેન છાટબાર તે સ્વ. કાનજી વેલજી છાટબારના ધર્મપત્ની (ઉં. વ. ૮૨) શુક્રવારના તા. ૬-૬-૨૫ના શ્રીરામશરણ પામેલા છે. મીનાક્ષી વિજય વિઠલાણી, સ્મિતા મનોજ ખત્રી, સ્વ. મુકેશ કાનજી છાટબારના માતુશ્રી. તે કુંદનબેન જયંતીલાલ છાટબાર, કસ્તુરબેન ગોપાલજી વીંછીના ભાભી. સ્વ. હંસાબેન શિવજી સોનેજીના સુપુત્રી. ઇશ્વરલાલ સ્વ. જીતુભાઇ ઝવેરીલાલ, નિર્મળાબેન, હેમલત્તાબેન, ઉષાબેનના બહેન. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૭-૬-૨૫ ૪.૩૦થી ૬. ઠે. પાંજી વાડી હોલ, કાંજુર વિલેજ રોડ, કાંજુર માર્ગ, સ્ટેશન પાસે, કાંજુરમાર્ગ (ઇસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

બુધેલ નિવાસી હાલ ઘાટકોપર તરુણાબેન મનહરલાલ શાહ તા. ૫-૬-૨૫ ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લલ્લુભાઇ, ચુનીલાલ શાહના પુત્રવધુ, સ્વ. મંજુલાબેન કાંતિલાલ શાહના દેરાણી. ભારતી ભરતભાઇ શાહ. પાયલ, મહેશભાઇ શાહ, કેતના વિકાસભાઇ શાહ, રેખાબેન દિપકભાઇ દેસાઇના કાકી. સ્વ. દ્વારકાદાસ દામજીભાઇ પારેખના સુપુત્રી. સ્વ. વિઠલભાઇ, સ્વ. વલ્લભભાઇ, સ્વ. ગોકુલભાઇ, સ્વ. મયુરભાઇ, સ્વ. સરસ્વતીબેનના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી જૈન**

દામનગર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. દલિચંદ ભગવાનજી શાહ (વધાણી)ની ધર્મપત્ની તારાબેન (ઉ.વ. ૮૭) તે રેણુકાબેન, કેતનભાઈ અને મિલનભાઈના માતુશ્રી. કિરીટભાઈ મકાણી, હીનાબેન, હેમાલિબેનના સાસુ. પીયરપક્ષ ગામ થોરડી દુર્લભદાસ વિઠ્ઠલદાસ સોલંકીની દિકરી, બુધવાર, તા. ૪/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા રવિવાર તા. ૮/૬/૨૫ ૧૦ કલાકે. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**શ્વેતાંબર દેરાવાસી મૂર્તિપૂજક જૈન**

નવસારી નિવાસી હાલ મુંબઈ, સ્વ. ચંદ્રાબેન ગુલાબચંદ સ્વરૂપચંદ શાહના પુત્ર ચંદ્રકાંત (બકુલ) ગુરુવાર, તા. ૫-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મયૂર, સ્વ. ભરત, પ્રદીપ, ભારતી ભરતકુમાર શાહ, નિમિષા નીતિનકુમાર મેહતાના ભાઈ. તે બ્રિજેશ, જીમી, હિતેન, વિશાલ, નીરવ, આશિષ, જિગ્નાના કાકા. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રદીપ ગુલાબચંદ શાહ, નાનુભાઈ દેસાઈ રોડ, રાજગોપાલ ભુવન, મુંબઈ-૪.

**પોરબંદર દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

પોરબંદર નિવાસી, હાલ વાશી (નવી મુંબઈ) શૈલેશભાઈ દોશી (ઉં.વ.૬૭) તા. ૬-૬-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. તારાબેન નવનીતલાલ દોશીના પુત્ર. મનીષાબેનનાં પતિ. અ.સૌ. કેતકી ઉમેશભાઈના પિતા. કેતનભાઈના ભાઈ. મોરબીનિવાસી સ્વ. ગુણવંતીબેન હરસુખભાઈ મહેતાના જમાઈ. સ્વ. દિનેશભાઈ, અનિલભાઈ, ભરતભાઈ અને પ્રફુલ્લાબેનના બનેવી. (લૌકિક વ્યવહાર બંધ છે)

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ઘાણીથર હાલે અંધેરી સ્વ. ઉમરશી આશા પાલણ નિસર (ઉં.વ. ૭૪) તા. ૫-૬-૨૫, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. ભાવલબેન આશાના પુત્ર. જીવતીબેનના પતિ. ધર્મેન્દ્ર, વિજય, નિલેશના પિતાશ્રી. ચંદ્રિકા, હેતલ, જીજ્ઞાના સસરા. ચાંપુબેનના ભાઈ. સ્વ. જમણાબેન ભચુ નરશી ગડાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૭-૬-૨૫, શનિવારના ૧૦થી ૧૧.૩૦. સ્થળઃ બરફીવાલા સ્કૂલ, ડી.એન.નગર, અંધેરી-(વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ભાણવડિયા નિવાસી હાલ સુરત રમાગૌરીબેન (ઉં.વ. ૯૦) ગુરુવાર, તા. ૫-૬-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. ચુનીલાલ હરિલાલ મોદીનાં પત્ની. બિપિન, મુકેશ, કમલેશ, ચંદ્રીકા, તરુબેન, દક્ષાના માતુશ્રી. અ.સૌ. પ્રીતિ, છાયા, હર્ષા, સ્વ. કિશોર, અનિલ, ભરતનાં સાસુ. સ્વ. તારાચંદ, મગનભાઈ, મુકુંદભાઈ, સ્વ. સવિતાબેન, નિર્મળાબેનના ભાભી. પિયર પક્ષે કાશીબેન બાવચંદભાઈ ગાંધીના પુત્રી. છોટુભાઈ અરવિંદભાઈ ગાંધીના બેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૮-૬-૨૫ના ૧૧થી ૧૨.૩૦. સ્થળઃ માણેકપુર સ્થા. જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલની પાછળ, વસઈરોડ (વેસ્ટ).

**દશાશ્રીમાળી જૈન**

ચાવંડ નિવાસી હાલ વસઈ, સ્વ. મધુકાંત ચીમનલાલ કાપડી (ઉ.વ. ૮૨) તે સ્વ. સુધાબહેનના પતિ. કૌશિક, જૈના દાણી તથા જલ્પા કોઠારીના પિતા. ઊર્વી, શરદકુમાર દાણી, વિજયકુમાર કોઠારીના સસરા. સ્વ. ચંદુભાઈ, સ્વ. બીપીનભાઈ, સ્વ.કિશોરભાઈ, સ્વ. મુકેશભાઈ, કોકીલાબહેન જીતેન્દ્રકુમાર બાટવીયા તથા પ્રતીભાબહેન મનસુખલાલ વોરાના ભાઈ. સ્વ. શિવલાલ ઠાકરશી દોશીના જમાઈ. મોહનલાલ અમિચંદ બાવીસીના ભાણેજ. બુધવાર તા. ૪-૬-૨૫ના સ્વર્ગવાસી બન્યા છે. પ્રાર્થનાસભા રવિવાર તા. તા. ૮-૬-૨૫ના શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ- માણેકપૂર. વસઈ પશ્ચિમ સાંજના ૪ થી ૬.

**નૂતન સાડત્રીસ વીશા શ્રીમાળી જૈન**

વિરમગામ નિવાસી, હાલ કાંદિવલી, કીર્તિકુમાર શાહ (ઉં.વ. ૭૪) ગુરુવાર તા. ૫-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન પાનાચંદભાઇ શાહના સુપુત્ર. સુર્યાબેનના પતિ. અર્ચના, મનિષા, અમીષના પિતા. ધીરેનકુમાર, ભાવીનકુમાર અને વૈશાલીબેનના સસરા. સ્વ. જશવંતભાઈ, દિનેશભાઈ, અનિલભાઈ, પંકજભાઈ, કમલેશભાઈના ભાઈ. ભાઇલાલભાઇ હીરાચંદ દોશી (ઝીંઝુવાડા)ના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી મૂ. પૂ.જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ કાંદીવલી, મંજુલાબેન મનુભાઈ ધરમશી વોરાના પુત્રવધૂ અ. સૌ. હર્ષાબેન મુકેશભાઈ વોરા (ઉં.વ. ૬૭), તે વીધી અંકિતભાઈ, હેમલ ક્ષિતિજભાઈ તથા મૌલિકના માતુશ્રી. ઉર્વીના સાસુ. કુંદનબેન કિશનભાઈ, નયનાબેન હેમેન્દ્રભાઈ, કિરણબેન સંઘવી તથા આકૃતિબેન ઉરેશભાઈના ભાભી. સુમતિભાઈ નરોત્તમદાસ તલસાણીયા તથા શારદાબેન જયંતીલાલ તલસાણીયાના દીકરી, તા. ૬/૬/૨૫ને શુક્રવાર અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૮/૬/૨૫ને રવિવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦. મહાવીર બેંકવેટ હોલ, પંચશીલ હાઈટની બાજુમાં, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

શ્રી સ્થા. છ કોટિ જૈન લીંબડી અજરામર સંપ્રદાયના પુ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તિની તથા સરલાત્મા શ્રી જવેરબાઈ મ.સ., ધનગૌરીબાઈ મ.સ.ના સંઘાડાના મંજુલાબાઈ મ.સ. શ્રી ગુણવંતીબાઈ મ.સ.ના સુશિષ્યા તેમજ જ્યોત-રશ્મી મ.સ.ના સુશિષ્યા સદ્‌ગુણાજી મ.સ. (ઉ.વ. ૭૩) સંથારા સાથે તા.૩-૬-૨૦૨૫ના કાળધર્મ પામ્યા છે. ખીમઈબેન ભચુભાઈ સાંયા સત્રા (સુવઈ-થાણા)ના સુપુત્રી તથા સ્વસુરપક્ષ-શ્રી ચંદુભાઈ ભાઈચંદ વિસનજી ગાલા (સુવઈ-થાણા).ગુણાનુવાદ સભા શ્રી અજરામર સ્થા.છ કોટિ જૈન સંઘ-થાણા સંચાલિત માતુશ્રી પુંજીબેન હરઘોર ભચુભાઈ કારિયા ધર્મસ્થાનકના ઉપક્રમે કાંતિ વિસરીયા હોલ, ગાંવદેવી મેદાન, નવપાડા-થાણા મધ્યે શનિવાર, તા. ૭-૬-૨૦૨૫, સવારના ૯.૩૦ થી ૧૧ કલાકે રાખવામાં આવેલ છે.

મુન્દ્રા હાલે બિદડાના લાલજી છેડા (ઉં.વ. ૮૨) તા. ૨-૬-૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન (હીરબાઈ) કેશવજી કુંવરજીના સુપુત્ર. ભુજપુરના કાનબાઈ અને રતનબેન પ્રેમજી ભેદા, વડાલાના સાકરબેન પ્રેમજી ગોગરી, ભુજપુરના ભાનુમતી બાબુલાલ દેઢિયાના ભાઈ. બિદડાના ઉમરબાઈ દેવજી વેલજીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. લાલજી કેશવજી, હરિયા સેનેટોરીયમ, બિદડા કચ્છ. ૩૭૦૪૩૫.

પુનડીના સુરેશ કાનજી મોતા (ઉ.વ. ૭૨) ૩-૬-૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ. કેસરબેન કાનજીના પુત્ર. સ્વ. ઝવેરબેનના પતિ. સ્વ. મોરારજી, સ્વ. જયંતીલાલ, લાખાપરના સ્વ. નિર્મળાબેન નાગજીના ભાઇ. પત્રીના સ્વ. ગંગાબાઇ ભીમશી કેશવજી સાવલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સમીર દેઢીયા, બી-૩, દેવકી એપાર્ટમેન્ટ, સુભાષ રોડ, આગરી સભાગૃહની બાજુમાં, ડોંબીવલી (વે.).


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# વીક એન્ડ

## સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com





# રોડ-શૉના રથની લગામ ખેંચો

## ૨૦૦૭માં અને ૨૦૨૪માં મુંબઈમાં લાખો લોકોએ વર્લ્ડ ચૅમ્પિયન ખેલાડીઓનું રસ્તાઓ પરની વિક્ટરી-પરેડમાં શાનદાર સ્વાગત કર્યું હતું, પણ બેંગલૂરુની દુર્ઘટના હવે સત્તાધીશોની આંખ ઉઘાડે તો સારું

એક તરફ મંગળવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મોડી રાત્રે એક લાખથી પણ વધુ પ્રેક્ષકોના ક્રાઉડે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની ઐતિહાસિક જીત માણી હતી અને બરાબર ૧૨ કલાક બાદ બેંગલૂરુમાં એ જ ચૅમ્પિયન આરસીબીની જીતની ઉજવણી માટે જમા થયેલું લાખોનું ક્રાઉડ અગિયાર ક્રિકેટપ્રેમીઓ માટે જીવલેણ નીવડ્યું. અમદાવાદમાં વિરાટ કોહલી અને કૅપ્ટન રજત પાટીદારની આગેવાનીમાં આરસીબીની વિજયી-પરેડ યાદગાર બની ત્યાં બીજી તરફ બેંગલૂરુની વિક્ટરી-પરેડ ચાર ટીનેજર સહિત ૧૧ લોકો માટે ઘાતક બની. ૧૮મી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં ૧૮ નંબરના જર્સીવાળા વિરાટ કોહલી અને તેના અસંખ્ય ચાહકોએ વિજયનું સેલિબ્રેશન હજી પૂરું માણ્યું પણ નહોતું ત્યાં ૧૮ કલાકની અંદર તો આરસીબી વગોવાઈ ગઈ.

કહેવાનો ભાવાર્થ એ છે કે જીતનો ઉન્માદ જ્યારે હદ વટાવી જાય ત્યારે કંઈક અજૂગતું બનતું જ હોય છે. કહેવાય છે ને કે ‘દરેક વાતની મર્યાદા હોય.’ જ્યારે મર્યાદા ઓળંગવામાં આવે ત્યારે અનિચ્છનીય બનતું જ હોય છે. આરસીબીનું કર્મસ્થાન અમદાવાદ, પણ ખરી ઉજવણીનું સ્થાન બેંગલૂરુ હતું એટલે એ માટે અગાઉથી પાક્કે પાયે પૂર્વતૈયારીઓ થવી જોઈતી હતી. મંગળવારની રાતના વિજયના આનંદને અકબંધ રાખવા બેંગલૂરુમાં પૂર્વ યોજના થવી જોઈતી હતી. આરસીબીની ટીમને તો રાબેતા મુજબ ૨૦૦ ટકા સુરક્ષા મળવાની જ હતી, પણ એનાથીયે વિશેષ મહત્ત્વનો મુદ્દો એ હતો કે ચૅમ્પિયન ખેલાડીઓને આવકારવા જમા થનારા હજારો ને લાખો લોકોના ક્રાઉડને કેવી રીતે કન્ટ્રોલમાં રાખવું. કમનસીબે એમાં જ કચાશ રહી, ૧૧ લોકોના જીવ ગયા તથા બીજા ૫૦થી વધુ લોકો ઘાયલ થયા, આરસીબીની ટીમના જશન પર પાણી ફરી વળ્યું અને એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં તથા એની આસપાસ જમા થઈ ગયેલા ત્રણ લાખ જેટલા લોકોમાં થયેલી નાસભાગ અને ધક્કામુક્કી માટે કોણ જવાબદાર એ વિશે ‘બ્લેમ ગેમ’ શરૂ થઈ ગઈ.

ક્યારેક એવું બને છે કે કોઈકની શહાદત કોઈ અભૂતપૂર્વ પગલાં માટે કારણભૂત બની જતી હોય છે. જેમ કાશ્મીરના પહલગામમાં બાવીસમી એપ્રિલે થયેલા પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદી હુમલામાં ૨૬ જણ શહીદ થઈ ગયા ત્યાર બાદ નરેન્દ્ર મોદી સરકારે સશસ્ત્ર દળોને છૂટો દોર આપ્યો અને તેમણે પાકિસ્તાનમાં આતંકવાદી મથકો તથા હવાઈ દળના મહત્ત્વનાં સ્થાનો સહિત અનેક સ્થળે હુમલા કરીને ખાત્મો બોલાવ્યો. ફરી બેંગલૂરુની આરસીબીવાળી ઘટનાની વાત પર આવીએ તો બની શકે કે ૧૧



ક્રિકેટપ્રેમીઓના મૃત્યુ પછી હવે બની શકે કે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) ચૅમ્પિયન ક્રિકેટ ટીમની વિક્ટરી-પરેડને લગતો નવો કાનૂન લાગુ કરે. બની શકે કે બીસીસીઆઇ હવે પછી વિક્ટરી-પરેડ કે રોડ-શૉ પર પ્રતિબંધ લાવશે.

ટીમ ઇન્ડિયાના હેડ-કોચ ગૌતમ ગંભીરે બે દિવસ પહેલાં જ કહ્યું હતું કે ‘ચૅમ્પિયન ટીમના સેલિબ્રેશન માટે રોડ-શૉ થવો જ ન જોઈએ. હું હંમેશાં એનો વિરોધી રહ્યો છું. ૨૦૦૭માં (ભારતે જ્યારે સૌપ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો ત્યારે) રોડ-શૉ સામે મારો વિરોધ હતો અને હજી પણ છે. સ્ટેડિયમમાં સેલિબ્રેશન રાખી શકાય, પણ રસ્તાઓ પરની ઉજવણીની ફેવરમાં હું નથી.’

૧૯૮૩માં કપિલ દેવના સુકાનમાં લૉર્ડ્સમાં વન-ડેના વર્લ્ડ કપની ફાઇનલમાં ભારતે (૫૪.૪ ઓવરમાં ૧૮૩/૧૦) વેસ્ટ ઇન્ડિઝ (બાવન ઓવરમાં ૧૪૦/૧૦)ને ૪૩ રનથી હરાવીને ઐતિહાસિક ટ્રોફી જીતી લીધી હતી ત્યારે (પચીસમી જૂને) મોડી રાત સુધી મુંબઈ સહિત દેશભરમાં અનેક રસ્તાઓ પર લાખો લોકોએ વિજયનું યાદગાર સેલિબ્રેશન કર્યું હતું. કપિલ દેવની વર્લ્ડ ચૅમ્પિયન ટીમે ભારતમાં આગમન કર્યું ત્યારે સ્વરસમ્રાજ્ઞી લતા મંગેશકર અને બીજી હસ્તીઓની હાજરી સાથેનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. બીજા પ્રોગ્રામો પણ યોજાયા હતા. જોકે ભારતીય ક્રિકેટમાં ખરા અર્થમાં વિજયી-પરેડનો ટ્રેન્ડ ૨૦૦૭માં લૉન્ગ-હેરવાળા મહેન્દ્રસિંહ ધોનીના સુકાનમાં ભારતે ફાઇનલમાં પાકિસ્તાનને હરાવીને સૌપ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપ જીતી લીધો હતો ત્યારે શરૂ થયો હતો. ભારતીય ખેલાડીઓ ૨૦૦૭ની ૨૪મી સપ્ટેમ્બરે જોહનિસબર્ગમાં જીતેલી ટ્રોફી લઈને સાઉથ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે દક્ષિણ મુંબઈમાં રોડ-શૉ યોજાયો હતો. ભરવરસાદે પણ લાખો લોકો ધોનીના ધુરંધરોને જોવા આ વિજયી-પરેડમાં જોડાયા હતા, ધોની તેમ જ સેહવાગ, ગંભીર, યુસુફ પઠાણ, ઉથપ્પા, રોહિત, યુવરાજ, ઇરફાન, હરભજન, જોગિન્દર, શ્રીસાન્ત, આરપી સિંહ, દિનેશ કાર્તિક, પીયૂષ ચાવલા તેમ જ (વર્તમાન ચીફ સિલેક્ટર) અજિત આગરકરે ઓપન-બસમાંથી ચાહકોનું અભિવાદન આવકાર્યું હતું અને અનેક ચાહકો સાથે હાથ મિલાવ્યા હતા.

૨૦૧૧માં ભારત ઘરઆંગણે જ વન-ડેનો વર્લ્ડ કપ જીત્યું હતું, પરંતુ ૨૦૨૪માં રોહિત સેનાના ખેલાડીઓ ટી-૨૦નો વર્લ્ડ કપ જીતીને મુંબઈ પાછા આવ્યા ત્યારે ફરી એકવાર રોડ-શૉ યોજાયો હતો. ત્યારે મરીન ડ્રાઇવ પર તેમ જ વાનખેડે સ્ટેડિયમની બહાર લાખો લોકો જમા થયા હતા અને ખેલાડીઓનું આગમન વિલંબમાં મુકાતાં થોડી અરાજકતા થઈ હતી, પણ બુધવારની બેંગલૂરુની ઘટના ભારતીય ક્રિકેટ માટે સૌથી કમનસીબ કહી શકાય.

૧૧ ક્રિકેટપ્રેમીઓનાં મૃત્યુનો આઘાત દેશની જનતાના દિલોદિમાગમાંથી ક્યારેય નહીં જાય, પરંતુ આશા રાખીએ કે ગેરવ્યવસ્થાને કારણે ફરી આવી કોઈ ઘટના ન બને. લાખો લોકોને આકર્ષવા જો જાહેર માર્ગો પર વિક્ટરી-પરેડ રાખવી જ હોય તો અગાઉથી પૂરતી વ્યવસ્થા થવી જોઈએ. નહીં તો આવા રોડ-શૉ પર કાયમ માટે પ્રતિબંધ જ મૂકી દેવો જોઈએ. હવે તો સોશિયલ મીડિયા મારફત ગણતરીની મિનિટોમાં લોકો સેલિબ્રેશન માટે રસ્તા પર આવી જવાની સંભાવના હોવાથી આયોજકોએ પાક્કે પાયે પૂર્વતૈયારી કરવી જ જોઈશે. આઇપીએલ દર વર્ષે રમાય છે અને ચૅમ્પિયન ટીમની ઉજવણી પણ થવાની જ. જોકે બેંગલૂરુ જેવું પુનરાવર્તન ન જ થયું જોઈએ. નહીં તો છેવટે ભારતને અને ભારતીય ક્રિકેટના નામને જ કલંક લાગશે. ■


## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@ bombaysamachar.com

# જિમ્બોચો-દુનિયાના સૌથી અનોખા બુક ટાઉનમાં...

જાપાન કોઈ વિષય પર ફોકસ કરે છે પછી તેને પૂરતો ન્યાય આપે છે. એટલે જ અહીં જાણે દરેક પ્રકારના ઇન્ટરેસ્ટ અને રોજિંદી જિંદગીની બાબતોને લગતા આખા ને આખા ડિસ્ટ્રિક્ટ છે. એવામાં જ્યારે ટોક્યો બુક ટાઉન જવાનો મોકો મળે તો એ તો ચૂકી જ ન શકાય. આ પહેલાં ન્યુયોર્ક અને બુએનોસ ઍરેસના પુસ્તક ભંડાર જોઈને ત્યાં મૂવ થઈ જવાની ઇચ્છા થઈ આવી હતી. તેમાંય ખાસ તો આર્જેન્ટિનાના કેપિટલમાં તો ૭૦૦ જેટલા બુક સ્ટોર્સ છે. ત્યાં આખા શહેરને બુક ડિસ્ટ્રિક્ટ કહી શકાય તેવું છે. ન્યુયોર્કનો કેસ જરા અલગ છે. ત્યાંના બુક સ્ટોર્સ જરા વધુપડતા લોકપ્રિય છે અને દુનિયાભરના વાચકોએ ન્યુયોર્કમાં આકાર લેતી કે ત્યાં વિષે વાત કરતી બુક વાંચી હોવાની શક્યતા જરૂર છે. એક રીતે જોવા જાઓ તો દુનિયાનો સૌથી લોકપ્રિય બુક સ્ટોર ‘શેક્સપિયર એન્ડ કંપની’ તો પેરિસમાં છે. કોલકાતાનો બુક ફેર પણ કંઇ ઓછો લેજન્ડરી નથી. ક્યાં વધુ બુક્સ મળે છે તે વાત કરવામાં પણ અનોખી મજા અને સંતોષ મળે છે.










એવામાં જિમ્બોચો તરફ જતી સબવેમાં પણ ત્યાં શું જોવા, વાંચવા, ખરીદવા મળશે તેની ઇંતેજારી હતી. ત્યાંના સબવે સ્ટેશનમાં પણ લાઇબ્રેરી કે બુક સ્ટોરના શેલ્ફનો ભાસ ઊભો કરતાં વોલપેપર લાગેલાં હતાં. ઓલમોસ્ટ દરેક સબવે સ્ટેશન તે વિસ્તારની ખાસિયતના કોન્ટેક્સ્ટમાં ડેકોરેટ કરેલું હતું. જિમ્બોચોમાં બુક ડિસ્ટ્રિક્ટ ઉપરાંત બીજું પણ ઘણું હતું. એવામાં સ્વાભાવિક છે બુક્સવાળાં વોલપેપર તરફ જવામાં અમને બુકસ્ટોર જોવા મળી જ ગયા. મોટાભાગના બુક સ્ટોરમાં કાફે, લાંબો સમય સુધી બેસવાની વ્યવસ્થા અને સુવિનિયર સેક્શન પણ હતાં. ઘણા સ્ટોર્સ તો ખુદ કોઈ આર્ટ ઇન્સ્ટોલેશન જેવા લાગતા હતા. જોકે ઘણા સાવ પસ્તી અને ભંગારની દુકાન જેવા પણ લાગતા હતા. એવામાં સૌથી મજેદાર જગ્યા પહેલી થોડી મિનિટોમાં જ જોવા મળી ગઈ.

એ હતી ટોક્યોની ખ્યાતનામ બુક હોટેલ. આ બુક થીમ્ડ હોટલ અમને હોટલ બુકિંગ વખતે કેમ દેખાઈ નહીં તે પ્રશ્ન થયો, પણ સમજી શકાય તેમ હતું કારણ કે જો કોઈને ખબર ન હોય કે તેઓ બુક હોટલ માટે સર્ચ કરી રહ્યાં છે, તો તેમને માત્ર બુક હોટલમાં અઢળક સર્ચ રિઝલ્ટ મળવાનાં જ. વળી આ હોટલને પણ ખાસ જાહેરાત કરીને લોકોને આકર્ષવામાં રસ ન હોય તેવું લાગતું હતું, પણ તેનો માહોલ ઘણો મજેદાર હતો. અમને ત્યાં રહેવા તો નહોતું મળવાનું પણ ત્યાં ઊભા રહીને તેના વિષે વાંચવામાં પણ મજા આવી ગઈ. બુક હોટલના દરેક રૂમમાં અને દરેક ખૂણામાં પુસ્તકો એવી રીતે ગોઠવેલાં છે કે ત્યાં વાચનનાં રસિકોને જલસા થઈ જાય. જોકે તેમને મોટાભાગે માત્ર જાપાનીઝ વાચકોમાં જ રસ હોય તેવું લાગ્યું. તેમના કોમન એરિયામાં તો માત્ર જાપાનીઝ બુક્સ જ હતી.

આ હોટલથી આગળ વધતાં અહીંનાં બીજાં અનોખાં પાસાં જોવા મળ્યાં. અહીં જ ટોક્યોની ‘લિટરેચર પ્રિઝરવેશન સોસાયટી’ અને ‘બુક બાઇન્ડિંગ ક્લબ’ પણ છે. સ્વાભાવિક છે બધે જ પુસ્તકો વેચાતાં નથી, અમુક નાની લાઈબ્રેરીઝ પણ છે. અહીં આખું વેકેશન ન વિતાવો તો પણ એક-બે દિવસ આ પુસ્તકિયા માહોલમાં વિતાવવાની શું મજા હશે તે જોવું જ રહ્યું. ક્યારેક કાન્જી વાંચતાં શીખીને મુરાકામીનાં પુસ્તકો તેના ઓરિજનલ સ્વરૂપમાં વાંચવાનું શક્ય તો નહોતું બનવાનું, પણ ત્યાં ઊભા રહીને તે કલ્પના કરવાની પણ મજા આવી. માત્ર અંગ્રેજી બુક્સનું ટારગેટ હોય તો જાપાનીઝમાં ‘યોશો’ એટલે કે વેસ્ટર્ન બુક્સની દુકાનો શોધવી રહી. અને અમને થોડી મળી પણ ખરી. માત્ર જાપાનીઝ બુક્સ વચ્ચે પણ આંટો મારીને સારું લાગતું હતું. ખાસ તો અહીં સ્ટોર ડેકોરેશનનું એસ્થેટિક પણ અલગ સ્તરનું હતું.


કિતાઝાવા અને કોમિયામામાં જ આખો દિવસ વિતાવી શકાય એવું હતું. જોકે અમે તે દિવસે ઝડપથી આગળ વધ્યાં. કોમિયામા તો બુક્સની સાથે આર્ટ ગેલેરી પણ છે. વચ્ચે કાફે આટારાક્સિયામાં માચા કોફી માટે રોકાયાં. ત્યાં પણ ડેકોરેશન તો બુક્સ, ગ્રામોફોન અને ઓલ્ડ જાપાનીઝ આર્ટનું જ હતું. જિમ્બોચોનું નામ બે સદી પહેલાં એડો સમયગાળામાં ખ્યાતનામ સામુરાય જિમ્બોના નામ પરથી પડ્યું હતું. આ વિસ્તારમાં બુકસ્ટોર અને લાઇબ્રેરી તો સદીઓથી છે. છેલ્લી બે સદીમાં તેના કારણે જ જાપાનની ઘણી ખ્યાતનામ કોલેજો આ વિસ્તારની ફરતે બની છે. જાકે ટાઉનને તેનું હાલનું સ્વરૂપ ૧૯૫૦નાં દશકમાં મળ્યું હતું. આજે ત્યાં બસોથી વધુ સેકન્ડ હેન્ડ બુક સ્ટોર છે. માત્ર બુક્સની વાતો વચ્ચે અચાનક જ અમે એક એલિયન શિપ જેવી બિલ્ડિંગ પાસે આવી પહોંચ્યાં. આ જિમ્બોચો થિયેટરની ઇમારત આ વિસ્તારને કોઈ અલગ જ દુનિયામાં લઈ જતી હતી.

આ વિસ્તાર ભલે બુક્સ માટે જાણીતો હોય, ત્યાંની વધુ એક ખાસિયત ત્યાંનાં કરી રેસ્ટોરાં છે. કરી આમ તો મોટાભાગે ભારતીય ક્વિઝીન સાથે જોડાયેલી છે, પણ અહીં ઇથિયોપિયન, જાપાનીઝ, સુમેરિયન અને દુનિયાના જે પણ ખૂણામાં કરી બને છે ત્યાંની કરી મળી જાય છે. સ્વાભાવિક છે જે લોકોને વાંચવું ગમે છે તેમને સ્વાદિષ્ટ ખાવાનું પણ ગમતું જ હોય. અમે તે દિવસે જાપાનીઝ કરી માટે ગોઠવાઈ ગયાં અને અહીં ફરી ફરીને આવવા માટેનું વધુ એક કારણ મળી ગયું. ત્યાંથી બહાર નીકળીને વધુ એક રાઉન્ડ એક બુકસ્ટોરમાં લગાવ્યો. ટોક્યોમાં લોકો જ્યાં પણ જાઓ ત્યાં ઉતાવળમાં લાગતાં હતાં. એવામાં આ એક માત્ર વિસ્તાર એવો હતો જ્યાં લોકો ઊભાં રહીને ટાઇટલ્સ વાંચતાં હતાં, બુક વાંચવા કે ખરીદવા રોકાતાં હતાં. અમને પણ લાગ્યું કે નેક્સ્ટ ટોક્યો વિઝિટ દરમ્યાન રોપોન્ગીને બદલે અહીં જ રહીશું, શાંતિથી બુક્સની વચ્ચે સમય વિતાવીને દુનિયાભરના સાહિત્યથી પરિચિત થઈશું. ખરેખર એવું કરી શકાશે કે નહીં એ તો ખબર નથી, પણ આવાં શહેરોની મજા જ એ છે કે ત્યાં આવનારા પ્રવાસના અલગ અલગ વર્ઝન મનમાં આકાર લેવા માંડે છે. હજી જાપાનમાં આવાં ઘણાં પ્રેરણા આપનારાં સ્થળો બાકી હતાં. ■

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# સિરિયલ કિલર જેફરી ડોમરઃ આજે ય ઉકેલ માગે છે આ કોયડો



‘આ એક પ્રોસેસ છે જે ઓવરનાઈટ (અચાનક) આકાર નથી લેતો. તમે કોઈ વ્યક્તિને જીવંત માણસ તરીકે નહિ, પણ તમારા પ્લેઝર માટેના ઓબ્જેક્ટ તરીકે જોવા માંડો છો. અને પછી તમારે જે કંઈ કરવું છે એ આસાનીથી કરી શકો છો.’

ચશ્માં પહેરેલો એક યુવાન ટીવી કેમેરા સામે ઇન્ટરવ્યૂ આપતી વખતે આ વાક્ય બોલે છે. પહેલી નજરે તમે આ યુવાનને કોઈ માનસશાસ્ત્રી કે સોફ્ટવેર એન્જિનિયર માની બેસો, પણ સામે બેસીને ઇન્ટરવ્યૂ લઇ રહેલી હોસ્ટના મગજમાં એ વખતે કેવી ઊથલપાથલ ચાલતી હતી એનો તમને ખ્યાલ સુધ્ધાં ના આવે કેમ કે પેલાની પાછળ લોડેડ ગન સાથે તૈયાર ઊભેલા પોલીસમેન તમને ટીવીની સ્ક્રીનમાં ન દેખાતા હોય!

અહીં જેની વાત થઇ રહી છે એ યુવાન એટલે જેફરી ડોમર (Jeffrey Dahmer) - નેવુંના દાયકાનો ચર્ચાસ્પદ સિરિયલ કિલર. મુલાકાત લેનાર હોસ્ટ એને આગળ સવાલ પૂછે છે :

‘તને ક્યારેય એવું ન થયું કે આ ખોટું છે? આ બધું બંધ કરવું જોઈએ?’

જેફરી ઊંડા શ્વાસ લઈને જે સહજતાપૂર્વક જવાબ આપે છે એનો ટૂંકસાર કંઈક આવો છે :

‘મને હંમેશથી ખબર હતી કે આ ખોટું છે. પહેલી હત્યા કોઈ આયોજનપૂર્વક નહોતી થઇ, પણ મારી કેટલીક ફેન્ટસી હતી. અલગારી રખડપટ્ટી પર નીકળેલ એક યુવાનને વિશ્વાસમાં લઈને હું ઘરે લઇ આવ્યો. એ પછી એના પર સંપૂર્ણપણે કબજો જમાવી દેવાનો મારો પ્રયાસ હતો!’



જેફરી ડોમર

૧૯૬૦માં જેફરી ડોમરનો જન્મ. તૂટતું જતું લગ્નજીવન વેઠતાં મા-બાપ ડિપ્રેશનમાંથી પસાર થતા હતા એટલે જેફરીનું બાળપણ એકલવાયું રહ્યું. જેફરીના મનમાં બહુ પહેલાથી જ જાતજાતની ગરબડ શરૂ થઇ ગયેલી. બાળપણમાં માણસોની અવેજીમાં એ પ્રાણીઓ તરફ આકર્ષાયો. કોઈ સમજાવવાવાળું હતું નહિ એટલે બાળપણથી જ કીડી-મંકોડા સહિતનાં પ્રાણીઓ સાથે ક્રૂરતા આચરતા શીખ્યો. અંતર્મુખી સ્વભાવનો આ છોકરો માત્ર ચૌદ વર્ષની ઉંમરે આલ્કોહોલિક બની ગયેલો. આ બધું ઓછું હોય એમ યુવાનીએ પહોંચતા સુધીમાં જેફરીને સમજાઈ ગયું કે એ નોર્મલ પુરુષ નથી, બલકે ગે છે.

એક દિવસ એની મુલાકાત સ્ટીવન હિક નામના એની જ ઉંમરના યુવાન સાથે થઇ. બિયર પીવાને બહાને બંને જેફરીના ઘરે પહોંચ્યા. સ્ટીવનને તો છોકરીઓમાં રસ છે એવું જાણ્યા પછી ગે સંબંધો બાંધવા આતુર જેફરીનો પિત્તો ગયો. એમાં વળી થોડું વધુ પી લીધા પછી હિકે વિદાય થવાની તૈયારી કરવા માંડી. જેફરી કોઈ પણ ભોગે હિકને જવા દેવા નહોતો માગતો. બીજું કશું સૂઝયું નહિ એટલે ઘરમાં પડેલું સાડા ચાર કિલોનું ડમ્બેલ ઉઠાવીને હિકના માથામાં જોશભેર ફટકારી દીધું! સ્ટીવન હિકના ત્યાં જ રામ રમી ગયા, પણ જેફરીની ઈચ્છા તો હજી અધૂરી જ હતી!

હિકના મૃતદેહને અનાવૃત્ત કરીને જેફરીએ હસ્તમૈથુન કર્યું. ઊભરો શમી ગયા બાદ ખ્યાલ આવ્યો કે આવેગમાં ને આવેગમાં હત્યા થઇ ગઈ છે. પહેલા તો જેફરીએ મૃતદેહને ઘરના બેઝમેન્ટમાં નાખ્યો. પછી બીજા દિવસે એમાંથી મોટી છરી વડે માંસ અને હાડકા કાપીને અલગ કર્યા. માંસના ઝીણા ટુકડા ટોઈલેટમાં ફ્લશ કર્યા અને હાડકાનો ભૂકો કરીને વગડામાં વિખેરી આવ્યો!

અત્યંત જુગુપ્સાપ્રેરક હતું આ બધું, પણ એ પછી તો જાણે જેફરીની હિંમત ખૂલી ગઈ. વર્ષ ૧૯૭૮ થી ૧૯૯૧ વચ્ચે જેફરીએ કુલ સત્તર જેટલી વ્યક્તિઓ સાથે આ જ પ્રકારની બર્બરતા આચરીને એમને મોતને ઘાટ ઉતાર્યા. આ હતભાગીઓમાં તરુણોથી માંડીને વયસ્ક પુરુષોનો સમાવેશ થતો હતો. મૃતકનાં અંગો કાપવા કે માંસ ખાવું જેવી વાત તો એના માટે સામાન્ય બની ગઈ! એક વાર એક યુવાન જેફરીની ચુંગાલમાંથી જીવતો ભાગી છૂટવામાં સફળ રહ્યો એમાં જેફરી પકડાયો. પછી એનાં સંખ્યાબંધ કુકર્મોનો જે ભાંડો ફૂટ્યો, એણે આખા અમેરિકાને હચમચાવી મૂક્યું. જેફરી ડોમરને કઠોર સજા અપાવવા માટે લોકોએ ઠેર ઠેર રેલીઓ કરી. કોર્ટ કેસ દરમિયાન અનેક પુરાવાઓ મળી આવવાથી જેફરીને પંદર વખત જનમટીપ ભોગવવાની સજા થઇ.

જેફરીને કોલમ્બિયા જેલમાં ધકેલવામાં આવ્યો. એકાદ વર્ષ સુધી જેલના હાઈસિક્યોરિટી ઝોનમાં એકાંતવાસ વેઠ્યા બાદ એને ઓછી સિક્યોરિટી ધરાવતા જેલ યુનિટમાં શિફ્ટ કરવામાં આવ્યો, સાથે જ ટોઇલેટ બ્લોક્સ અને જિમ્નેશિયમની સફાઈની ડ્યૂટી પણ સોંપવામાં આવી. જેફરીના સાથી કેદીઓમાં જેસી એન્ડરસન અને ક્રિસ્ટોફર સ્કાર્વર મુખ્ય હતા.

પાછળથી સ્કાર્વરે પોલીસને આપેલા નિવેદન મુજબ જેફરી જેલમાં ય સીધો નહોતો રહેતો. ડાર્ક હ્યુમર કરતા રહેવાની એની આદત ઘણાને ગમતી નહોતી. ઘણીવાર ખોરાકના ટુકડાઓને ભેગા કરીને જેફરી માનવ શરીરના અંગો જેવી રચના બનાવતો પછી એની ચીરફાડ કરીને દેખાડતો. વાસ્તવિક લોહીની ઇફેક્ટ માટે જેફરી ટોમેટો કેચઅપનો ઉપયોગ કરતો. જેફરીને આ બધું ગમતું -આનંદદાયક લાગતું, પણ બીજા કેદીઓને જુગુપ્સા થતી.

જેફરીના જેલ સાથી સ્કાર્વરના કહેવા મુજબ જેફરીને પોતાના કરતૂતો બદલ જરા સરખો ય પસ્તાવો નહોતો. મગજની કોઈક ભયંકર સ્થિતિએ પહોંચેલો વ્યક્તિ જ આવો હોઈએ શકે... જોવાની આ વાત એ કે આ સ્કાર્વરને પોતાને ય વળી અમુક સાઈકોલોજીકલ સમસ્યાઓ હતી. એને એવું લાગતું કે જેફરી જેવા પાપીનો વધ કરવા માટે ઈશ્વર એને સંકેત આપી રહ્યો છે. આખરે એક દિવસ વહેલી સવારે જિમ્નેશિયમની સફાઈ કરતી વખતે સ્કાર્વરે જેફરી અને એન્ડરસન બંનેના માથામાં લોખંડના પાઈપથી ઉપરાછાપરી ઘા મારી દીધા. પોલીસ હોસ્પિટલમાં લઇ ગઈ, જ્યાં જેફરીએ એકાદ કલાકમાં જ દમ તોડી દીધો. એન્ડરસન બે દિવસ રહીને મર્યો. જેફરીએ જે રીતે લોકોની હત્યા કરી એ જ રીતે એની પોતાની ય હત્યા થઇ ગઈ!

આ મગજ ફરેલા જેફરી ડોમરના જીવન ઉપરથી અનેક ફિલ્મો બની છે, પુસ્તકો લખાયા છે અને ટેલીવિઝન શ્રેણી પણ બની છે.

જેફરીના હત્યારા સ્કાર્વરે પોતાની જુબાનીમાં કહેલું કે જ્યારે મેં જેફરીના માથામાં લોખંડનો પાઈપ ફટકાર્યો ત્યારે એણે કોઈ ખાસ રીએક્શન નહોતું આપ્યું. એ બસ એટલું જ બોલ્યો હતો :

‘તું મને મારવા માગતો હોય તો આઈ ડોન્ટ કેર, ગો અહેડ એન્ડ કિલ મી!’

જેફરી જેવું જીવ્યો, જેવું ક્રૂર આચરણ કર્યું એના કારણે એની મનોસ્થિતિ માનસશાસ્ત્રીઓ માટે આજે ય એનો પેચીદો કેસ એક સ્ટડીરૂપે કોયડો બની રહ્યો છે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# આ દૂ...ર...ના સાળાની કઠણાઈ કોને કહેવી?




ચુનિયાએ સવાર સવારમાં જાણે મારી નસ ખેંચવાનું નક્કી કર્યું હોય તેમ મારી માથે આવી બેસે. હજી તો ઊંઘમાં હતો ત્યાં જ ઢંઢોળીને પ્રશ્ન પૂછ્યો કે, ‘નોકરી છે?’ મારું પણ કહેવું છે કે સવારમાં હજી Whatsapp ખોલ્યું ન હોય એટલે મગજથી હું તરોતાજા જ હોઉં. એટલે તરત જ મેં જવાબ મનમાં એને આપી દીધો (હકીકતમાં ચોપડાવી દીધો!) કે નોકરી હોત તો હું થોડો હાસ્ય કલાકાર હોત? કહેવાવાળા તો એમ પણ કહે છે કે ગાંધીજીની જો વકીલાત સરખી ચાલી હોત તો સત્યાગ્રહ ના કરત. આ વાતની જો અંગ્રેજોને ખબર હોત તો સામેથી આઠ-દસ કેસ દર મહિને મોકલતા રહેત. હજી પણ આપણે અંગ્રેજોના રાજમાં જલસા કરતા હોત.(આને જોક સમજવો કારણકે અત્યારે એવું થતું જાય છે કે માણસો શોધતા જ હોય છે કે કોણ કલાકાર ક્યાં ચિપટીમાં આવે છે.)

મૂળ વાત પર આવું કે આમ જુઓ તો સવાર સવારમાં ચુનિયો મને ક્યારેય હેરાન કરે નહીં. દિવસ આખાની વસ્તુ જુદી છે, પરંતુ આજ સવાર સવારમાં એણે મને હલાવી અને પૂછી નાખ્યું કે ‘નોકરી છે?’ એટલે તરત જ સ્વસ્થ થઇ અને તેના પ્રશ્ન પર ધ્યાન આપ્યું. ઉપર કાંઠે ખૂબ વરસાદ થયો હોય અને ડેમ ઓવરફ્લો થવાની તૈયારીમાં હોય એવા સમયે જો ડેમનો એકાદ દરવાજો ખોલો અને જે પાણીનો પ્રવાહ ચાલુ થાય તે જ રીતે માત્ર ચુનિયાના ખભે હાથ મૂકી અને મેં એટલું પૂછ્યું કે, ‘આ પ્રશ્ન કેમ પૂછવો પડ્યો?, અને કોના માટે પૂછવો પડ્યો?’ ત્યાં તો એની પાંપણના બંધ તૂટી ગયા. અંગત સગા ગુજરી ગયા ત્યારે પણ આવો ધ્રુસકે-ધ્રુસકે અમારો ચુનિયો રોયો ન હતો. માંડ મેં મારા ભાગમાંથી થોડી ચા ચખાડી એટલે તે શાંત થયો.

ચુનિયાએ માંડીને મને વાત કરી કે, ‘ભાઈ, તમે મારા માસીના નણંદના દેરના દીકરાને ઓળખો કે નહીં?’ મારો દૂરનો સાળો થાય. પાંત્રીસ વર્ષનો થયો છે એને ઠરીઠામ કરવો છે.’

મેં તરત જ કહ્યું કે ‘તો અહીંયા નહીં, મેરેજ બ્યુરોમાં નામ લખાવ’

ચુનિયો મને કે, ‘તંબુરો...! મેરેજ બ્યુરોમાં નામ લખાવું? ઠરીઠામ થાય એટલે પહેલા નોકરી એ વળગાડવો પડશે. અને નોકરી થોડોક સમય કરે પછી છોકરી જોગું થાય...’

હવે ચુનિયાને કેમ સમજાવવું કે નોકરી કાંઈ ડાળે નથી ઊગતી કે હાથ ઊંચો કરી અને તોડી લ્યો, પરંતુ સમજે તો ચુનિયો નહીં, મેં એને કહ્યું કે ‘અત્યારે નોકરી ગોતવી બહુ તકલીફવાળી વાત છે.’ એટલે તરત જ મારી ઉપર ભડકી ગયો. મને કહ્યું કે, ‘આટલી બધી તમારી ઓળખાણ છે તો એક નાનકડી નોકરી તમે ન અપાવી શકો તો અમારા મિત્ર શું કામના? સરકાર દર મહિને બે લાખ નોકરીઓ આપે છે. તો મારા દૂરના છતાં નજીકથી ગળે વળગેલા એવા સાળાને તમે નોકરીએ નહીં લગાડી શકો? ’

મેં તરત જ કહ્યું કે ‘ભાઈ ધીમે બોલ... જો એન્જિનિયરિંગ કોલેજના સ્નાતકો સાંભળી જશે તો હરખના માર્યા ગુજરી જશે. અત્યારે બેકારી એટલી બધી છે કે એક પોસ્ટ બહાર પડે અને તેના ફોર્મની ફી સો રૂપિયા હોય તો એટલા બધા ફોર્મ, ફી ભરાય છે કે એ પોસ્ટ માટે આજીવન મોટો પગાર આપે તો પણ એ ભરેલા ફોર્મની ફીમાંથી સરકાર એને આખી જિંદગી પગાર પૂરો પાડી શકે અને રિટાયર થયા પછી સારું પેન્શન પણ આપી શકે તેવી પરિસ્થિતિ છે.’ એટલે તરત જ ચુનિયાએ કહ્યું કે, ‘એની ચિંતા ના કરો મારો સાળો છે એ ચાર ચોપડી પાસ છે એટલે આવું બધું મગજમાં નહીં લે.’

મને પણ શાંતિ થઈ કે ચાલો બહુ ભણેલો નથી એટલે તરત નોકરી તો મળી જશે, પરંતુ અનુભવ વિશે હજી ચુનિયાને હું કાંઈ પૂછું તે પહેલાં જ ચુનિયાએ મારા મનની વાત જાણીને કહી દીધું કે, ‘તે નોકરી માટે અસંખ્ય જગ્યાએ ધક્કા ખાઈ ચૂક્યો છે એટલે ધક્કા ખાવાનો પૂરતો અનુભવ છે. ગમ્મે ત્યાં ધક્કા ખાવાની નોકરી હોય તો એને બહુ ફાવશે.,, ’

ખરેખર તો મગજ શાંત રાખીને કોઈ પણ બાબત માટે ધક્કા ખાવા તે મોટું કૌશલ્ય છે. અને આજકાલ ડિગ્રીનો જમાનો નથી. કોઈપણ કૌશલ્ય તમે કેળવ્યું હશે તો નોકરીમાં વાંધો નહીં આવે અને મને આ ધક્કા ખાવાનું કૌશલ્ય ખરેખર ગમ્યું. અત્યારના સંજોગોમાં માલ લઈને પૈસા રોકડા ચુકવતા નથી અને જ્યારે ચુકવવાની વાત આવે ત્યારે માલ દેવાવાળી પાર્ટીને ધક્કા ખાવાના હોય છે. જો આવા સમયે ચુનિયાનો સાળો નોકરીએ રહી જાય તો શાંત ચિત્તે રોજ દિવસમાં ચાર-પાંચ ધક્કા ખાઈને પણ એ સામેવાળો કંટાળે અને રૂપિયા આપી દે ત્યાં સુધી ધક્કા ખાઈ ઉઘરાણી પકવી દે. એટલે આ કૌશલ્ય ખરેખર જો કોઈ ધ્યાનમાં લે તો તરત નોકરી મળી જાય તેવું હતું.

ટ્રાયલ માટે એક જગ્યાએ ચુનિયાના સાળાને મેં મોકલ્યો... ડોબરમેનની જેમ છૂટ્યો અને સાંજ સુધીમાં ચાર-પાંચ ધક્કા ખાય પેલાની સામે બેસી અને ઉઘરાણી લઈ આવ્યો.!

બીજા દિવસે સવારે મેં મારા એક મિત્ર કલેકટર ઓફિસમાં નોકરી કરતા હતા એટલે ચુનિયાને કહ્યું કે, ‘ચાલો, કલેકટર ઓફિસે આપણે નોકરી માટે જવાનું છે.’ એટલે તરત જ ચુનિયાએ કહ્યું કે,

‘ના ના એમ સીધો કલેકટરના બનાવાય, એકાદ-બે મહિના બીજે નોકરી કરે પછી વાત!’

મારો ગુસ્સો શાંત થાય એ પહેલા જ સાળાના બાપુજીનો ફોન આવ્યો. અને ચુનિયો એમની પર ગરમ થઈ ગયો. એને શાંત પાડતા કહ્યું કે, ‘ગમે તેમ તો એ વડીલ છે ગુસ્સો ન કરાય’ મને કહે : ‘શું કામ ગુસ્સો ન કરું? હજી આને ડફોળને નોકરી મળતી નથી. અને એના બાપા એમ કહે છે કે એમના માટે પણ હું નોકરી ગોતુ. મેં એમને કહ્યું કે આ ઉંમરે નોકરી નહીં પેન્શનની ઉંમર છે. તો મને કહે છે કે ‘પેન્શન અપાવ.’ બોલો, હવે હું શું કરું?’

મેં તરત જ કહ્યું કે ‘સો રૂપિયા હું આપું રૂબરૂ જા અને એના બાપુજીને વઢવાની જગ્યાએ એકાદ ધબ્બો મારીને આવ.’

શું કરવું મિત્ર છે તેનું દુઃખ મારું દુઃખ. ક્યાંય નોકરીનો મેળ નહીં પડે તો એકાદ પક્ષનો કાર્યકર બનાવી દઈશું બીજું શું? પછી જેવી એની આવડત.■

**વિચાર વાયુ :**

***અભણ ભલે હોય પણ આવડત હશે તો ભણતર તમારે ત્યાં લાઈનમાં ઊભું રહેશે.***

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com


# કાચની દીવાલવાળું ક્વીન્સલેન્ડનું પરફોર્મિંગ આર્ટ સેન્ટર - ઓસ્ટ્રેલિયા

કુલ આશરે ૫૦૦૦ પ્રેક્ષકોની ક્ષમતાવાળા ચાર પ્રેક્ષાગૃહવાળું ક્વીન્સલેન્ડનું આ પરફોર્મિંગ આર્ટ સેન્ટર કેટલીક રીતે નોંધપાત્ર છે. આમ તો આ પ્રકારના થિયેટરની રચનામાં દર્શનની સુવિધા, આવન-જાવનમાં સરળતા, મેળાવડા માટેની મોકળાશ, ગીચ માહોલમાં જરૂરી ખુલ્લાપણું, સામાજિક સ્થાન તરીકે જરૂરી સગવડતા જેવી બાબતો મહત્ત્વની ગણાય, જેનું અહીં યોગ્ય રીતે નિર્ધારણ થયું છે. એક અંદાજ પ્રમાણે આ સમગ્ર મકાન સન ૨૦૨૫માં સંપૂર્ણતામાં કાર્યરત થશે.

આ શહેરની પરંપરાગત તથા ઐતિહાસિક બાબતોનો આદર કરીને પણ અહીં એક નવી છબી ઉભારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સાંપ્રત સમયમાં આ એક પ્રચલિત વલણ છે. પેરિસનું સેન્ટર પોમ્પિડું હોય કે લુવેર મ્યુઝિયમ, બધી જ રચનામાં ઐતિહાસિક ધરોહરને નુકસાન પહોંચાડ્યા વગર એક નવું જ સ્થાપત્યકીય વિધાન સ્થાપવાનો પ્રયત્ન થયો છે. અમુક લોકોને આ પ્રકારની રચનામાં સરળતા જણાય છે તો અમુક લોકો તેને વધારે પડકારરૂપ માને છે. એ તો સ્થપતિ જ નક્કી કરી શકે કે તેણે સરળતા માટે આ પ્રકારનો નિર્ણય લીધો છે એ જુદા જ પ્રકારના પડકાર ઝીલવા માટે. સાથે સાથે આજકાલ બધાં મકાનો માટે એવો દાવો કરવામાં આવે છે કે તે આજુબાજુની પરિસ્થિતિને અનુકૂળ છે, તે સાંસ્કૃતિક તથા પરંપરાગત મૂલ્યોને જાળવી રાખે છે, તે નજીકમાં આવેલી નદી જેવી કુદરતી પરિસ્થિતિને હકારાત્મક પ્રતિભાવ આપે છે, આ રચનાથી ઊર્જાની ખપતમાં ઘટાડો થવાની સંભાવના હોવાથી તે પર્યાવરણ વિશે સંવેદનશીલ છે, તે નવા સ્થાપત્યની સ્થાપના કરતી વખતે જૂનાનું મહત્ત્વ જાળવી રાખે છે - વાસ્તવમાં આ બધું થતું હોય છે કે કેમ તે સંશોધનનો વિષય છે. મોટાભાગના કિસ્સાઓમાં આ પ્રકારના પોકળ દાવા જ હોય છે. અહીં પણ આવા દાવા કરાયા છે.







સામાન્ય રીતે બનતું હોય છે તેમ, આ પરફોર્મિંગ આર્ટ સેન્ટરની ડિઝાઇન માટે પણ સ્પર્ધાનું આયોજન થયું હતું. અહીં ૧૯૮૫થી હેરિટેજમાં સૂચિબદ્ધ થયેલું એક જૂનું સેન્ટર હતું. તેમાં જરૂરી ઉમેરા માટે સ્થપતિ સ્નોહેટ્ટા અને બ્લાઇટ રેનરની રચના પસંદગી પામી. આ વિસ્તારનું આ મહત્ત્વનું પરફોર્મિંગ આર્ટ સેન્ટર હોવાથી અહીં ચહલપહલ વધુ રહે. આ પ્રકારની ચહલપહલથી એક પ્રકારની અનૌપચારિક્તા ઊભી થાય તો સાથે સાથે સેન્ટરના મૂળ હેતુમાં ઔપચારિકતાનું મહત્ત્વ ઓછું નથી. એમ કહી શકાય કે અહીં આ પણ જોઈએ છે અને તે પણ જોઈએ છે. એમ જણાય છે કે સ્થપતિ આ પ્રકારનું સંતુલન સાધવામાં મહદ્અંશે સફળ રહ્યો છે. આ કેન્દ્રને વધુ ઉપયોગી બનાવવા અહીં પરફોર્મન્સની સાથે વિવિધ પ્રકારની પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે જુદા જુદા સ્ટુડીઓ પણ બનાવાયા છે. આ એક સામાન્ય વાત થઈ.

એક અવલોકન તરીકે એમ કહી શકાય કે આ રચનાનો મુખ્ય આધાર તેની આગળ બનાવાયેલ કાચની દીવાલથી મળતી અભૂતપૂર્વ પારદર્શિતા છે. વળી, એક સમજ પ્રમાણે આ પ્રકારની રચના પાછળનો કન્સેપ્ટ ડિઝાઇન તેનાં અંતર્ગત મૂલ્યોનો આદર કરવા સાથે નવી સમકાલીન છબી બનાવવામાં સફળ થશે. આ કાચની દીવાલથી આ બિલ્ડિંગ રાત્રે તો ચમકશે જ પણ સાથે સાથે દિવસે પણ તેનાથી જે કિરણ પરાવર્તિત થશે તેની ચમક પણ ઓછી નહીં હોય. આ પ્રકારનું પરાવર્તન આજુબાજુની વસ્તી માટે ઇચ્છનીય રહેશે કે કેમ તે પ્રશ્ન તો છે જ.

કાચની દીવાલથી મકાનની અંદરના ફોયર જેવું દરેક સામાન્ય સ્થાન બહાર સાથે દ્રશ્ય સંકલ્પમાં આવી જાય છે. આનાથી વ્યક્તિને શહેર અને સમાજથી અલાયદા થઈ જવાની અનુભૂતિ નથી થતી. તેને કારણે અહીં અમુક પ્રકારની ગોપનીયતાનો પણ અભાવ રહે છે. બહારની દરેક વ્યક્તિ લગભગ જોઈ શકે કે કોણ ક્યાં છે. મજાની વાત એ છે કે આ કાચની દીવાલ સીધી - સપાટ નથી, વળાંકવાળી છે, પડદો જે રીતના વળેલો રહે તે પ્રમાણેની આ દીવાલ છે. આનાથી જે પ્રતિબિંબ ઊભું થાય તેમાં કંઈક વિકૃતિઓ આવતી રહે. આ એક એટલો સારો અનુભવ ન ગણાય.

આ પ્રકારની રચના કેટલાક મૂળભૂત પ્રશ્નો ઊભા કરે છે. જો આ મકાનમાં કાચની દીવાલ બનાવી ન હોય તો શું તેનું સ્થાપત્ય ક્ષેત્રમાં એટલું જ મહત્ત્વ હોત. આ પ્રકારની દીવાલ શું સર્વથા યોગ્ય ગણાય. અત્યાર સુધી થતું આવ્યું છે તેમ આ પ્રકારના થિયેટરમાં બહારની દીવાલ બંધિયાર બનાવી આંતરિક સ્થાને પોતાના વિશ્વનું સર્જન કરાતું. આ રચનામાં જાણે આ વિચારધારાનો સદંતર છેદ ઉડાડી દેવામાં આવ્યો છે. અહીં તો એવી પરિસ્થિતિ છે કે જો કરવું તો શત-પ્રતિશત કરવું નહીંતર શૂન્યની સ્થાપના કરી દેવી. ઘણા સંવેદનશીલ વ્યક્તિ એ પ્રશ્ન પૂછે છે કે શું આ બે વચ્ચેનો ઇચ્છનીય સંતુલિત માર્ગ પ્રયોજાય તે વધારે યોગ્ય ન ગણાય. એક તરફ અહીં પ્રાચીન અને આધુનિક વિચારધારા વચ્ચે સંવાદની વાત થાય છે તો બીજી તરફ આવો ચરમ-બિંદુ તરફનો નિર્ણય લેવાય છે.

પ્રશ્ન એ પણ થાય છે કે આ મકાનને ઐતિહાસિક પરંપરા સાથે જોડવાની જરૂરિયાત કેમ જણાઈ કે જ્યારે તેની રચનામાં પરંપરાગત સ્થાપત્યના કોઈપણ સિદ્ધાંતનું અનુસરણ નથી કરાયું. પ્રશ્ન એ પણ પૂછી શકાય કે નદી પ્રત્યેનો સ્થાપત્યકીય પ્રતિભાવ હકારાત્મક છે એવું કેવાં સંજોગોમાં માની શકાય. આ બધા સાથે ઉપયોગિતાની દ્રષ્ટિએ આ મકાન અસરકારક તો છે જ. મકાનનો જે મૂળ હેતુ પરફોર્મિંગ આર્ટને પ્રોત્સાહન આપવાનો છે તે હેતુ માટે પ્રશંસનીય કાળજી રાખવામાં આવી છે. ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# દિલ્હીની વગોવાયેલી તિહાર જેલઃ કોણ કોણ અહીં આવ્યાં-રહ્યાં ને ગયાં ?!

**ક્ષમતા કરતાં વધુ કેદીઓ તથા અનેક બદીઓ સાથે ખદબદતી દેશની સૌથી મોટી તિહાર જેલ અનેક કારણોસર બડી બદનામ છે. આમ છતાં કેદીઓને સુધારવાની જેલ પ્રવૃત્તિ માટે એના વખાણ પણ થાય છે. આવી આ જેલની સુરક્ષા વધુ ચુસ્ત બનાવવા અને કેદીઓને વધુ સુવિધા આપવા માટે એનું હવે સ્થળાંતર પણ થઈ રહ્યું છે...**




તિહાર : મુખ્ય પ્રવેશદ્વાર...



કેદીઓની ભીડભાડવાળી જેલ કોટડી...




કામધંધે લાગેલા કેદીઓ...

સૌથી ખૂનખાર અને રીઢા અપરાધીઓને જ્યાં સજારૂપે રાખવામાં આવે છે એવી વિશ્વની સૌથી વધુ સુરક્ષાવાળી ગણાતી ૧૦ કાળમીંઢ કારાગૃહમાં આપણાં પણ બે કારાવાસની ગણના થાય છે અને એમાં એક છે મુંબઈની 'આર્થર રોડ જેલ' અને બીજી, પાટનગર દિલ્હીની 'તિહાર જેલ'...

ગયા પખવાડિયે અમેરિકાની બડી બદનામ એવી 'અલ્કાટ્રઝ પ્રિઝન' વિશે આપણે લેટેસ્ટ જાણકારી મેળવી. એ જ રીતે, ગયા અઠવાડિયે આમચી મુંબઈની 'આર્થર રોડ જેલ' વિશે પણ આ કોલમમાં જાણ્યું.

૧૯૬૮માં બંધ કરીને એને જેલ મ્યુઝિયમમાં ફેરવી નાખ્યું હતું એ 'અલ્કાટ્રઝ પ્રિઝન' હમણાં ફરી સમાચારોમાં ચમક્યું છે, કારણ કે અમેરિકાના તરંગી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ આ જ બદનામ કારાવાસની હાઈએસ્ટ સિક્યુરિટી પ્રિઝન તરીકે કાયાપલટ કરીને પુન : કાર્યરત કરવા ઈચ્છે છે.

આ જ રીતે આપણાં 'જાણીતાં' જેલખાના આર્થર રોડ અને તિહાર પણ આજકાલ સમાચારમાં છે, કારણ કે એ બન્નેની પણ નજીકના ભવિષ્યમાં કાયાપલટ થવાની છે અને એ બન્નેને આંગણે ૩ નવા રીઢા ગુનેગાર 'આવું આવું' થઈ રહ્યા છે. એમાંથી એકે તો ગયા મહિને જ દિલ્હીની તિહાર જેલમાં એન્ટ્રી પણ લઈ લીધી છે....અને એ છે મુંબઈ બ્લાસ્ટ (૨૬/૧૧)નો એક નામચીન કાવતરાખોર તહવ્વુર રાણા...

ગયા મહિને જ અમેરિકાની સરકારે પ્રત્યાર્પણ સંધિ હેઠળ એને ભારત સરકારને સોંપી દીધો છે. દિલ્હીમાં અત્યારે આપણી 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી' (NIA) એની તિહાર જેલમાં ઊલટતપાસ લઈ રહી છે. એ પૂરી થતાં રાણાને મુંબઈની આર્થર રોડ જેલમાં શિફ્ટ કરવામાં આવશે. બીજા બે ભાગેડુ શ્રીમંત એવા નીરવ મોદી અને વિજય માલ્યાને પણ કોઈ પણે મિનિટે સ્વદેશી જેલમાં વસવાટ કરવો પડે એની પૂરતી તૈયારીઓ થઈ ગઈ છે. ખેર, આ ત્રણેય મુંબઈ આવશે એવા આર્થર રોડ જેલમાં પોંખાશે...

થોડા મહિના તિહાર જેલ અન્ય એક સમાચારને કારણે પણ સમાચારોમાં વિશેષ ચમકી હતી OTT પ્લેટફોર્મ પર રજૂ થયેલી એક ફિલ્મને લીધે. તિહાર જેલમાં ૩૫ વર્ષ સુધી જેલર રહ્યા હતા એવા સુનીલ ગુપ્તા અને એક પત્રકાર સુનિત્રા ચોધરી લિખિત પુસ્તક 'બ્લેક વોરંટ'માં રજૂ થયેલી કેટલીક સત્ય ઘટના પર એ ફિલ્મ આધારિત હતી. જેલર તરીકે સુનીલ ગુપ્તા બદનામ એવા સાતેક અપરાધીઓને અપાયેલી ફાંસીના સાક્ષી રહ્યા હતા.


આમ જૂઓ તો આપણાં દેશમાં નાની-મોટી અને વિશાળ કહી શકાય એવી કુલ ૧૩૦૬ જેટલી જેલ છે, જેમાં ૧૪૫ સેન્ટ્રલ-૪૧૩ ડિસ્ટ્રિક્ટ -૨૯ મહિલા જેલ ઉપરાંત ૪૪ સ્પેશિયલ કારાગૃહ, ઈત્યાદિ છે.


આમાં દેશની પાંચ સૌથી મોટી-વિશાળ જેલની વાત કરીએ તો એ લિસ્ટમાં દિલ્હીની તિહાર સહિત યરવડા (પુણે) નૈની (અલ્હાબાદ)-પુઝલ ( ચેન્નાઈ) અલિપુર (કોલકાતા)નો સમાવેશ છે.

આ બધા વચ્ચે, તિહાર દક્ષિણ એશિયાનું સૌથી મોટું જેલ સંકુલ ધરાવે છે. અંદાજે ૪૦૦ એકરમાં પથરાયેલા તિહાર સંકુલમાં ૯ સેન્ટ્રલ જેલ છે, જ્યાં ૫૨૦૦ કેદી સમાવવાની ક્ષમતા છે, પણ આજની તારીખે તિહારમાં ૧૪,૦૫૯ કેદીઓ ખદબદે છે !

૧૯૫૭થી કાર્યરત થયેલી તિહારનું સંચાલન શરૂઆતમાં પંજાબ રાજ્ય સરકાર સંભાળતું હતું. ૧૯૬૬થી એનું સુકાન કેન્દ્રશાસિત દિલ્હીને સોંપવામાં આવ્યું.

ક્ષમતાની મર્યાદા હોવા છતાં અનેકગણા વધુ કેદીઓ ધરાવતી તિહાર એની અતિ કડક સુરક્ષા માટે જાણીતી છે.. એનું મુખ્ય કારણ એ કે અનેક પીઢ અને ખૂનખાર અપરાધીઓની સાથે અહીં વિવિધ પ્રકારના ઉચ્ચ કક્ષાના હાઈ પ્રોફાઈલ રાજકીય કેદીઓની પણ આવન-જાવન રહે છે. એથી અહીં અતિ આધુનિક ટેક્નોલોજી સાથે બહુ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા સાથે એ- ગ્રેડ સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમનો સમાવેશ થાય છે.






સાત સાત ફાંસી જોઈ ચૂકેલા જેલર સુનીલ ગુપ્તાના પુસ્તક પર આધારિત ફિલ્મ 'બ્લેક વોરંટ'

જાંબાઝ અધિકારી તરીકે નામના મેળવનારાં IPS અધિકારી કિરણ બેદીની જેલના મહાનિરીક્ષક તરીકે નિમણૂંક થઈ પછી એમણે તિહારમાં અનેકવિધ સુધારા શરૂ કર્યા, જેમકે અહીંના કેદીઓ માટે સંગીત તાલીમના વર્ગ શરૂ કરાવ્યા. જેલનું પોતાનું રેડિયો સ્ટેશન છે, જે કેદીઓ દ્વારા ચલાવવામાં આવે છે. સ્ટાફ સહિત લાંબી સજા ભોગવી રહેલા કેદીઓ માટે અહીં મનની શાંતિ માટે વિપશ્યના વર્ગ પણ શરૂ કરવામાં આવ્યા.

એ જ રીતે, જેલસજા પામતા પહેલાં ઘણા કેદી અભ્યાસ કરતા હતા એમના લાભાર્થે જેલમાંથી પણ એ અભ્યાસ ચાલુ રાખી શકે એવી વિશેષ ગોઠવણ પણ કિરણ બેદીએ કરાવી હતી.

સુધારાત્મક સંસ્થા તરીકે કામ કરતા આ કારાવાસના સંચાલકોનો મુખ્ય ઉદ્દેશ્ય છે કેદીઓને અમુક પ્રકારનાં કામ શીખવવામાં આવે અને પછી એમનાં કૌશલ્યનો ઉપયોગ કરીને માલ-સામાન તૈયાર કરવામાં આવે છે. આમ ત્યાંની કાળમીંઢ દીવાલો પાછળ જેલ ઉદ્યોગ ચાલે છે. સંપૂર્ણપણે કેદીઓ દ્વારા સંચાલિત એ પ્રવૃત્તિ દ્વારા અનેક પ્રકારની પ્રોડ્ક્ટ્સ અહીં તૈયાર કરવામાં આવે છે, જે માર્કેટમાં TJ - તિહાર બ્રાન્ડ તરીકે ખાસ્સી એવી વેંચાય છે. આ એકમમાં ૭૦૦થી વધુ કેદી કામ કરે છે અને એમની કમાણીનો ૨૫% ભાગ એક વિશેષ ફંડમાં જમા કરવામાં આવે છે, જે કેદીઓના શિકાર બન્યા હોય એના પીડિત પરિવારોને વળતર પૂરું પાડે છે.

આવી અનેક સુધારક પ્રવૃત્તિઓને કારણે એક તબક્કે તો આ જેલ 'તિહાર આશ્રમ' તરીકે પણ ઓળખાતી હતી!

અનેક નામી અનામી ગુનેગારોથી ઊભરાતી દેશની આ સૌથી વિશાળ અને સૌથી ચુસ્ત સુરક્ષાવાળી તિહાર જેલ જે રીતે ત્યાં વધતી જતી કેદીઓની સંખ્યા અને કારાગૃહની વિકસતી જતી પ્રવૃત્તિઓને લીધે ત્યાં જગ્યાની સંકડાશ વધી રહી છે. લાંબા સમયથી ચાલી રહેલી આ સમસ્યાના ઉકેલ માટે અને જેલ વ્યવસ્થાને વધુ આધુનિક બનાવવા માટે તિહાર જેલને સ્થાનાંતરિત કરવાની યોજના ઘડાઈ રહી છે.

થોડાં વર્ષ પહેલાં શહેરથી દૂર એકાંત સ્થળે તિહાર જેલ હતી, પણ કાળક્રમે શહેરના વિકાસ સાથે જેલની આસપાસ બાંધકામ વધી ગયાં -વસતિ વધતી ચાલી, પરિણામે જેલની સુરક્ષા નબળી થતી ગઈ અને જેલમાં પણ કેદીઓની સંખ્યામાં એકધારો વધારો થતા સમગ્ર જેલનું સ્થળાંતર કરવાનું નક્કી થયું છે.

આજના ૧૪ હજારથી વધુ કેદીઓના સમાવેશ માટે હવે મૂળ ૪૦૦ વત્તા બીજાં ૨૦૦ એકર વિસ્તારની જગ્યા પર તિહાર કારાગૃહને કેદીઓના વસવાટથી લઈને સુરક્ષા સુધીની અપ-ટુ ડેટ ગોઠવણ કરવામાં આવશે. નવા તિહારની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર થઈ રહી છે અને એ માટે દિલ્હીનાં નવાં મુખ્ય મંત્રી રેખા ગુપ્તાએ આ વર્ષ માટે રૂપિયા ૧૦ કરોડનું બજેટ પણ ફાળવી દીધું છે. ■

## આ કારાગારના 'માનવંતા' મહેમાનો

દિલ્હીની આ તિહાર જેલની 'નામના' એવી છે કે અહીં અનેક ક્ષેત્રની જાણીતી અને વગોવાઈ ગઈ હોય એવી વ્યક્તિઓએ જેલ મહેમાનગતિનો લાભ લીધો છે. આમ તો આવા લોકોની નામાવલિ લાંબી પહોળી છે એટલે અહીં એની ઝલક માત્ર જોઈએ, જેમકે

- સંજય ગાંધીઃ ઇન્દિરા ગાંધીના પુત્ર - મેનકા ગાંધીના પતિ
- સતવંત સિંહ - કેહર સિંહઃ ઇન્દિરા ગાંધીની હત્યા બદલ ફાંસી આપવામાં આવી એ બે સુરક્ષા રક્ષક
- લાલુ પ્રસાદ યાદવ (ભૂતપૂર્વ બિહાર મુખ્ય મંત્રી)
- સુબ્રત રોય (સહારા ઈન્ડિયા)
- છોટા રાજન (ગેંગસ્ટર)
- પહેલવાન સુશીલ કુમાર (અન્ય એક પહેલવાનની હત્યાના આરોપી)
- ચાર્લ્સ શોભરાજ (એક આંતરરાષ્ટ્રીય સિરિયલ કિલર તિહાર જેલમાંથી આબાદ રીતે છટકી ગયો હતો, પરંતુ ફરીથી ઝડપાયો)
- રંગા બિલા (કુલજીત સિંહ જસબીર સિંહ ને ગીતા અને સંજય ચોપરાના અપહરણ બળાત્કાર કેસમાં ફાંસી)
- અફઝલ ગુરુ (આતંકવાદીને- ભારતીય સંસદ હુમલામાં માટે ફાંસી)
- મકબુલ ભટ (કાશ્મીરી આતંકવાદી-ફાંસી)
- નિર્ભયા- ગેંગરેપના ૫ આરોપીને ફાંસી
- લોરેન્સ બિશ્નોઈ (ભારતીય ગેંગસ્ટર)

-અને છેલ્લે એ પણ જાણી લો કે ભૂતપૂર્વ દોડવીર મિલ્ખા સિંહને પણ તિહાર જેલની ટૂંકી સજા થઈ હતી વગર ટિકિટે ટ્રેનમાં મુસાફરી કરવા બદલ!

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# આમ આદમી હાઝિર હોડડડડડ...



હું એની સામે ઊભો હતો. હા, જીવતો ઊભો હતો, પણ એણે મારા અસ્તિત્વને એકદમ નકારી જ નાખ્યું. તે એવું માનવા જ તૈયાર નહોતો કે 'હું'- 'હું' છું. અને જ્યાં સુધી એ ના માને ત્યાં સુધી મને ગવર્મેન્ટ ડિપાર્ટમેંટ પાસેથી રૂપિયા ના મળી શકે. 'હું તમારી સામે સાક્ષાત ઊભો છું!'

'પણ પૂરાવો શું છે?,' એણે પૂછ્યું.

'ઊભા હોવોનો પૂરાવો?'

ના પણ 'તમે'-'તમે' છો એ હું કઈ રીતે માની લઉં. મને પુરાવો જોઈએ.

'યાર, હું જીવતો છું! એ વાત કોઈ અફવા તો નહીં જ હોયને?'

'એ બધું મને નથી ખબર, મને પુરાવો આપો.'

'તમને ભારતીય સંસ્કૃતિ પર ભરોસો છે?,' મેં પૂછ્યું.

'હોઈ શકે! પણ એનાથી આ ઓફિસના કામમાં કોઈ લોચો ના પડવો જોઈએ, તો જ!'

'તો ઠીક છે. હું ઘરે જઈને, મારી પત્નીને લઈ આવું છું.'

'કેમ?'

'તમે એના કપાળ પર ચાંદલો જોઈલો. એની સેંથીમાં સિંદૂર છે. મારી પાસે મારા જીવતા હોવાનો એનાથી મોટો કોઈ પુરાવો નથી મારી પાસે?'

'કમાલ છે!'

'કઈ વાતની કમાલ?'

'તમે ભણેલા-ગણેલા થઈને પણ આવી વાતો કરો છો?'

'ભાઈ, ભારતીય સંસ્કૃતિમાં આને જ પુરાવો કહેવાય!'

એ થોડી વાર ચૂપ રહયો, પછી બોલ્યો, તમે પતિ છો?'

'જી હાં.'

'એ તમારી જ પત્ની છે?'

'નહીં તો શું?'

'શું પુરાવો છે કે એ તમારી પત્ની છે?'

'જુઓ, એ મારી એકમાત્ર પત્ની છે ને હું એનો એકમાત્ર પતિ છું, અમે શરીફ લોકો છીએ, ભાઈ!'

'એવું છે તો જાઓ તમારા એરિયાના પોલીસ ઈન્સપેકટર પાસે લખાવીને લાવો કે તમે 'શરીફ' માણસ છો!'

'અરે, તમે મારી કોલોનીમાં કોઈ પણ ને પૂછી લોને!'

'કેમ? તમે બહુ મોટા 'દાદા' છો તમારી કોલોનીના?'

'ના ભૈ ના શેના દાદા?'

'તો પછી કોલોનીનો દમ કોને દેખાડો છો? અરે હું સરકારી કામ કરું કે ગલી-

મહોલ્લામાં પૂછવા જાઉં? દરેક પુરાવો આ ટેબલ પર મને જોઈએ, મારા ટેબલ પર!'

'જુઓ ભૈ, રૂપિયા મારા નામે મંજૂર થયા છે. જે રૂપિયા તમારે મને દેવાના છે, એ દેવાના છે. હવે તમારી માણસાઈ એમાં જ છે કે.'

'શું? તમે માણસાઈની વાત કરો છો? જુઓ,આ સરકારી ઓફિસ છે!'

હું ચૂપ થઈ ગયો, હવે હું એને નવી રીતે સમજાવવા માંડ્યો, 'જુઓ દોસ્ત, તમે મને સારી રીતે ઓળખો છો, અનેક વાર મારા ઘરે આવી ચૂકયા છો, ચા પી ચૂકયા છો!'

'પીધી હશે યાર, અમારી તો જિંદગી જ બીજીની ચા પીવામાં ગુજરી છે, પણ હું તમને નથી ઓળખતો!'

'પણ કેમ?'

'મારી ફરજ છે, ભાઈ, હું ગવર્મેંટ સર્વન્ટ છું. આ ખુરશી પર બેઠા પછી હું મારા સગા બાપને નથી ઓળખતો! તમે તમારી ક્યાં માંડો છો!'

હું હારી ગયો. આ દલીલ અનંતકાળ સુધી ચાલી શકે એમ હતી અને એનું સમાપન કરવું અઘરું હતું. સરકારી ઓફિસમાં મેં જ્યારે જ્યારે કોશિશ કરી છે, હું આ જ રીતે હારી ગયો છું. ખેર, પણ કોશિશ કરે રાખવી મારી ફરજ હતી!

મેં એને ધીમેથી પૂછ્યું, 'તમે મને ઓળખવાના કેટલાં લેશો?'

'૨૫ રૂ.! એ જ અમારો ભાવ છે.'

'વધારે કહેવાય.'

'આનાથી ઓછામાં અમે કોઈને નથી ઓળખતા!'

'એક જમાનો હતો, તમે બે રૂ.માં ઓળખી લેતા!'

'આહ! એ પણ શું દિવસો હતા!' એ અચાનક ભાવુક થઈ ગયો, 'શું સોંઘવારીને સસ્તાઇના દિવસો હતા! સરકારી ઓફિસોમાં માણસની ઓળખ ૧-૨ રૂ.માં થઈ જતી. એ જમાનામાં તમે પણ ૧૦૦-૫૦૦થી વધારે આ વિભાગથી નહોતા મેળવી શકતા. આજે તમે હજાર-બે હજાર ડ્રો કરીને જાઓ છો, તો હું યે તમને ૨૫ રૂ.થી નીચે નથી ઓળખતો! ભગવાન કરે કે, તમે આમ જ પ્રગતિ કરતા રહો.. તમે લાખો રૂ. અહીંથી ડ્રો કરો, ને હું તમને હજારો લઈને ઓળખું!'

હું એને સાંભળી રહ્યો હતો. આ દેશમાં જે માણસ એકવાર ફિલોસોફીમાં પડી જાય છે, એકજાતની જીવન-દ્રષ્ટિ અપનાવી લે છે, પછી એ તરત એમાંથી ડગમગતો નથી. મેં ચૂપચાપ ૨૫ રૂ. કાઢયા અને એની સામે ધર્યા. એણે ખિસ્સામાં મૂકી દીધા. કેશ બોકસ ખોલ્યું અને હજાર રૂ. ગણવા માંડ્યો. ગણતાં ગણતાં કહેવા માંડ્યો, બાકી? બાળ-ગોપાળ સૌ ઘરમાં મજામાં ને? બહુ દિવસે આવવાનું થયું આંહી? ભાભી જી કેમ છે?' ■

વિશેષ
વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# યુદ્ધમાં અબોલ પ્રાણીનો શો વાંક?



બે દેશો વચ્ચે થતાં યુદ્ધમાં નિર્દોષ-અબોલ પ્રાણીની હાલત દયનિય થાય છે. માણસ-માણસ ઝઘડે એમાં પ્રાણીનો શો દોષ? યુદ્ધને કારણે નિર્દોષ લોકોની સાથે પશુ-પંખી, વૃક્ષો અને વનસ્પતિ પણ યાતના ભોગવે છે. પ્રજા તો સ્વબચાવ માટે કોઈ સલામત સ્થળ શોધી લે છે, પરંતુ મૂંગાં પ્રાણીઓ ક્યાં જાય? તેઓ એક જ સ્થળે રહીને યુદ્ધનો કેર ભોગવવા વિવશ હોય છે.

વર્તમાનમાં ભારત-પાકિસ્તાન વચ્ચે જે જંગ ખેલાયો એ તો માત્ર ૬ દિવસનો હતો, પરંતુ સીમા પર જે અંધાધૂંધી રહે, એના કારણે હજારો મૂંગાં જાનવરો, કીડી-મકોડા, નાની-નાની વનસ્પતિઓ અને મહાકાય વૃક્ષોએ પીડા ભોગવી હતી. એવામાં ૬ દિવસમાં યુદ્ધ વિરામ થતાં સૌએ નિરાંતનો શ્વાસ લીધો હતો.

બન્ને દેશોની સીમા પર જંગલ, નદીઓ અને ઘાસ વન્ય જીવોનું કુદરતી નિવાસ છે. ભારત અને પાક વચ્ચે યુદ્ધની સ્થિતિ નિર્માણ થઈ તો બન્નેએ પલટવાર કર્યા હતાં. એથી વન્યજીવોની દુનિયામાં હાહાકાર મચી ગયો હતો. યુદ્ધ દરમ્યાન વિશાળ અને જૂનાં ઝાડ સળગી ઉઠ્યાં. જમીન પર મોટા-મોટા ખાડાઓ પડવા માંડ્યા અને નદીનાં પાણીમાં બારુદ ભળવા લાગ્યો. એથી પ્રાણીઓની ખાવા-પીવાની અને રહેવાની સિસ્ટમ આખી બગડી ગઈ. આ યુદ્ધ જો મહિનાઓ સુધી હજી પણ ચાલ્યું હોત તો તેમને કેટલું નુકસાન થાત એની કલ્પના પણ શક્ય નથી.

નિષ્ણાતો મુજબ બન્ને દેશોની સીમા પર હથિયારમાંથી જે ધૂમાડો નીકળ્યો, જે તોપ અને બંદૂકમાંથી ગોળીઓ વરસાવવામાં આવી એને કારણે નાના જીવો રાખ થઈ ગયા.

આ કાંઈ પહેલી વખત નથી થયું. વાસ્તવમાં તો જ્યારે પણ હિંસક જંગ ખેલાય છે, તો એની કિમત અબોલ પ્રાણીઓને ચૂકવવી પડે છે. જોકે, જાનવર કે વૃક્ષો પોતાની સ્થિતિ વર્ણવી નથી શકતાં, એથી માનવજાતને તેમની પીડાનો કોઈ અંદાજો નથી. યુદ્ધ વિરામ બાદ દેશો પરસ્પર પોતાના નુકસાનની ભરપાઈ કરવાનો પ્રયાસ કરે છે. એવામાં પ્રાણીઓ અને વનસ્પતિને થયેલાં નુકસાનની ભરપાઈનો તો કોઈને ખ્યાલ પણ નથી આવતો. આજ સુધી તેમને થયેલા નુકસાનનું કદીપણ વળતર નથી મળ્યું, ના તો ક્યારેય તેમનાં વિશે વિચારવામાં આવ્યું છે. એનાંથી અંદાજો લગાવી શકાય કે માણસજાત સ્વાર્થમાં કેટલો અંધ બની જાય છે.

ગ્લોબલ વોર્મિંગને કારણે માણસને દેખાડી આપ્યું કે વનસ્પતિઓ અને વાતાવરણ પણ પોતાના પર થયેલા અત્યાચારની કિંમત માનવજાત પાસેથી વસૂલે છે. એથી યુદ્ધને કારણે પર્યાવરણશાસ્ત્રી અને જૈવ વૈજ્ઞાનિકને ચિંતા કોરી ખાય છે.

આ જ કારણ છે કે ભારત-પાક વચ્ચે ચાલેલો જંગ અટકી જવો એ સારી બાબત છે. જોકે આપણે હવે એ વાત પણ વિચારવાની રહેશે કે યુદ્ધમાં પશુઓ અને વનસ્પતિઓને પણ નુકસાન થાય છે. ■

## આજની ટૂંકી વાર્તા

# જરૂર આવીશ...

ઉર્વી હરિયાણી
feedback@bombaysamachar.com



'કોન્ગ્રેચ્યુલેશન્સ! તમે એક સુંદર બેબીના પિતા બન્યા છો.' લેડી ડૉક્ટરના આ વાક્યે પ્રશાંતનો ચહેરો ખીલાવી દીધો. પોતાના ડેડની સાથે સમાચારની રાહ જોઈ રહેલો દસ વર્ષીય વિરલ ઊછળી પડ્યો.

થોડી મિનિટો પહેલાં પૃથ્વી પર અવતરેલી એ નવજાત બાળકીને લઈ નર્સ ઓપરેશન રૂમની બહાર આવી. બંનેય બાપ-દીકરાએ પ્રફુલ્લ ચહેરે નવજાત બેબી પર નજર માંડી. એમનાં નેત્રો વિસ્ફારિત થયાં.

'ડેડ, આ તો અદ્દલોદલ મોમ જેવી લાગે છે.' વિરલ બોલ્યો. પ્રશાંતના ચહેરા પર સ્તબ્ધતા હતી. એના હોઠ ફફડ્યા, 'સુરીલી... આઈ કાન્ટ બિલીવ.' બીજી પળે એણે જાતને સંભાળતાં પ્રશ્ન કર્યો, 'સિસ્ટર, હાઉ ઈઝ માય વાઈફ?'

'શી ઈઝ ક્વાઈટ ઓકે!' નર્સે જવાબ વાળેલો.

વિરલ નાનીબહેન પાછળ ગાંડો થઈ ગયેલો. કોઈનેય પૂછ્યા વગર એણે નામ પાડી દીધેલું, 'સૂર'.

સ્મિતા અને પ્રશાંત વિરલની પ્રસન્નતાથી આનંદ પામતાં. માતા-પિતા તરીકે તેઓ પણ બાળકીને પામી ખુશ હતાં. અલબત્ત, પ્રશાંતના હૈયાના ખૂણે ક્યારેક સુરીલીની યાદ ટીસરૂપે ઊઠતી તો એ પ્રયાસપૂર્વક દબાવી દેતો, પરંતુ સૂરના આગમન બાદ અવારનવાર એવી ઘટનાઓ બનતી કે પ્રશાંતને સુરીલીની યાદ બમણા જોરે ઘેરી વળતી.

* * *

વહેતા ઝરણા જેવી અલ્લડ, દોડતા અશ્વ જેવી સ્ફૂર્તિલી અને પવનની લહેર જેવી ચંચળ સુરીલી પ્રશાંતની પ્રથમ પત્ની હતી. પ્રશાંત પ્રતિભાશાળી અને શાંત વ્યક્તિત્વ ધરાવતો. પરસ્પર વિરોધી સ્વભાવ ધરાવતાં પતિ-પત્ની વચ્ચે સ્નેહ અતૂટ હતો.

એક સાંજે વાત વાતમાં સુરીલીએ પ્રશાંત સામે દરખાસ્ત મૂકી. આમ તો એને દરખાસ્ત કહેવાય પણ એ એક અધિકારપૂર્ણ માગણી હતી. સુરીલીએ કહેલું, 'આવતી કાલે વેલેન્ટાઈન્સ ડે છે. આપણે મહાબળેશ્વર જઈએ.'

પ્રશાંતથી પુછાઈ ગયું, 'કાલે? આમ અચાનક?'

'હા, કાલે...' સુરીલીએ આંખો પટપટાવી હતી. પછી એ પ્રશાંતને વેલની માફક વીંટળાઈ ઊઠતાં બોલી, 'પ્લીઝ પ્રશાંત...'

'વેલ, મારે ઓફિસે જણાવવું પડશે...' પ્રશાંતે ઊંડો શ્વાસ લીધો.

'નથી જરૂર! મેં તારી સેક્રેટરીને મેસેજ આપી દીધો...' રમતિયાળ સ્મિત વેરતાં સુરીલીએ પ્રશાંતને પૂર્ણપણે માત કર્યો.

મહાબળેશ્વરની એ સફર જેટલી રોમાંચક બનેલી એટલી જ યાદગાર બની હતી. એ બે દિવસો દરમિયાન સુરીલીએ પ્રશાંતને મન મૂકીને પ્રેમ કરેલો. સુરીલીના પ્રેમમાં તરબોળ બની ગયેલા પ્રશાંતે કહ્યું હતું, 'સુરીલી, તને પામ્યા પછી મને કશાની ખેવના નથી રહી. અલબત્ત, તું મારી પાસે કંઈ ઈચ્છે છે?'

પ્રશાંતની છાતીમાં મોં છુપાવી દેતાં સુરીલીએ કહેલું, 'હા, આપણા સંસારબાગને પરિપૂર્ણ કરે એવા નવા પુષ્પના આગમનને હું ઈચ્છું છું. ઈચ્છું છું કે આપણા વિરલને એક બહેન મળે.' પ્રશાંત હસી પડેલો. એણે એના બાહુપાશમાં સુરીલીને જોરથી ભીંસી દીધેલી. એનેય એ મંજૂર હતું.

* * *

'ડેડ, આ સૂર તો બિલકુલ મોમની માફક મારા ગાલ ખેંચે છે.' વિરલ પ્રશાંત પાસે મીઠી ફરિયાદ કરતો.

'પ્રશાંત, તું જે વાયોલેટ કલરનું ફ્રોક ઉપાડી લાવ્યો છે, એ સૂર ધરાર નથી પહેરતી. એ ફરી-ફરીને પેલું જૂનું એનું એકમાત્ર યલો કલરનું ફ્રોક પહેરે છે.' સ્મિતાએ પણ સૂરની મીઠી ફરિયાદ કરી.

'વાઉ, સૂર અદલોદલ મમ્મી જેવી છે. રાઈટ ડેડ? મોમનેય વાયોલેટ કલર ન ગમતો. એની પાસે યલો રંગના ડ્રેસીઝની કેટલી બધી વેરાઈટીઝ હતી!' વિરલ જેટલી નિર્દોષતાથી સહજપણે કહી રહેલો, એટલી સહજતાથી પ્રશાંત માટે આ વાત પચાવવી સહેલી ન હતી. સૂર અને સુરીલી વચ્ચે આટલી હદ સુધીનું સામ્ય શી રીતે સંભવે? એ ચકરાવે ચડી જતો.

* * *

આનંદાશ્રમના અવધૂતગીરી સ્વામીની સન્મુખ સુરીલી અને પ્રશાંત બેઠેલાં. મહાબળેશ્વરની મિની પિકનિક બાદ પાછા ફરી રહેલ સુરીલીની નજર રસ્તામાં આનંદ આશ્રમ પર પડી હતી. એ પ્રશાંતને ત્યાં ખેંચી ગયેલી.

'બાબા, અત્યાર સુધીની મારી બધી ઈચ્છાઓ પૂર્ણ થઈ છે. હવે મારી એક માત્ર ઈચ્છા છે કે મારા પુત્ર વિરલને એક નાની બહેન મળે. શું એ ઈચ્છા પરિપૂર્ણ થશે?' સુરીલીએ જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન પૂછેલો. સ્વામીજી આંખો મીંચી ગયેલા. થોડી ક્ષણો બાદ એમણે આંખો ખોલી.

'બેટા, તારી એ ઈચ્છા જરૂર પૂર્ણ થશે. પરંતુ...' એમના ચહેરા પર અવસાદ હતો. કહું ના કહુંની અવઢવમાં મુકાયેલા. સુરીલીનું ધ્યાન એ તરફ ન હતું. મનવાંછિત શબ્દો સાંભળી આનંદિત થતાં એણે સ્વામીજીનાં ચરણોમાં શિશ નમાવી દીધેલું. 'મમ્મી...' વિરલે આપેલા સાદથી એ ત્યાંથી દોડી ગયેલી. સ્વામીજીના મુખભાવ કળી ગયેલ પ્રશાંતને હૈયે સહેજ ફડકો પડ્યો. એ બોલ્યા વગર ન રહી શક્યો.

'બાબા, તમે કંઈ કહેતાં અટકી ગયા...' નાછૂટકે સ્વામીજીએ એમને જે ભાવિનાં એંધાણ કળાયેલાં એ પ્રશાંતને જણાવવાં પડેલાં. એ જાણી પ્રશાંત સ્તબ્ધ બની ગયેલો.

* * *

ગાયનેકોલોજિસ્ટની કેબિનમાં પ્રશાંત સાથે બેઠેલી સુરીલીનો ચહેરો અપેક્ષિત પરિણામના સમાચાર સાંભળવા આતુર થઈ ઊઠેલો. મનોમન મલકી રહેલી સુરીલીને જબરદસ્ત આંચકો લાગ્યો હતો. ગાયનેકે અનપેક્ષિત સ્ફોટક સમાચાર સંભળાવ્યા હતા, 'મિ. પ્રશાંત, તમને જણાવતાં મને દિલગીરી થાય છે કે આપનાં વાઈફ પ્રેગ્નન્ટ નથી, એમને અંડાશયમાં ગાંઠ થઈ છે. જે ખાસ્સી વિકસી ચૂકી છે. આપણે તાત્કાલિક ઓપરેશન કરવું પડશે.'

ઓપરેશન બાદ બાયોપ્સી રિપોર્ટ આવ્યો ત્યારે સુરીલી અને પ્રશાંત બંનેય તૂટી પડેલાં. એ ગાંઠ કેન્સરની નીકળી હતી. સઘન સારવાર છતાં સુરીલીનાં બીજાં અંગોમાં કેન્સર ઝડપથી પ્રસરી ગયું.

પ્રશાંતને સ્વામીજીએ સુરીલીનું જે ભવિષ્ય ભાખેલું એ યાદ આવ્યું. સ્વામીજીએ વિષાદ સાથે જણાવેલું, 'હમણાં જે તરવરાટભરી અને તંદુરસ્ત લાગતી આપની ભાર્યા અહીંથી ગઈ છે, એ ખૂબ ઓછી આયુ લઈને આવી છે. એનું મૃત્યુ ઘણું નજીક છે.' ત્યારે પ્રશાંતને વિશ્વાસ બેઠો ન હતો.

સ્મિતા સુરીલીની બાળપણની સખી હતી. કૌટુંબિક અને આર્થિક કારણોસર તે કુંવારી રહી ગયેલી. સુરીલીની માંદગી દરમિયાન એણે સુરીલીનાં ઘરને અને વિરલને સંભાળી લીધેલાં.

દુનિયા ત્યજવાનો સમય જેમ-જેમ નજીક આવતો ગયો તેમ-તેમ સુરીલીની માયા પ્રશાંત તરફ વધતી ગઈ. એ પ્રશાંતને પળભર માટેય એની આંખોથી દૂર ન થવા દેતી. પ્રશાંત પણ અંદરથી તદ્દન વિખેરાઈ ચૂકેલો. અંતિમવેળાએ પ્રશાંતના હાથમાં સુરીલીનો કૃશકાય હાથ હતો. એની આંખો વિશેષ તેજથી ચમકી રહેલી. જેમાં અજબ જીજિવિષા હતી. સુરીલીના છેલ્લા શબ્દો હતા, 'પ્રશાંત, તને છોડીને જવાનું જરાય મન નથી. મૃત્યુ પછી મારે ક્યાં જવાનું છે, એની મને ખબર નથી. પણ તારા વગર ક્યાંય નહીં રહી શકું. હું તારી પાસે પાછી આવીશ. જરૂર આવીશ.'

સુરીલીની ચિરવિદાય પછી સગાં-સ્નેહીઓના અને

**વહેતા ઝરણા જેવી અલ્લડ, દોડતા અશ્વ જેવી સ્ફૂર્તિલી અને પવનની લહેર જેવી ચંચળ સુરીલી પ્રશાંતની પ્રથમ પત્ની હતી. પ્રશાંત પ્રતિભાશાળી અને શાંત વ્યક્તિત્વ ધરાવતો. પરસ્પર વિરોધી સ્વભાવ ધરાવતાં પતિ-પત્ની વચ્ચે સ્નેહ અતૂટ હતો**

ખાસ તો વિરલના આગ્રહથી પ્રશાંતે વરસ બાદ સાદાઈથી સ્મિતા સાથે લગ્ન કરેલાં. બીજી પત્ની બની સ્મિતા એના જીવનમાં પ્રવેશેલી.

* * *

સમયચક્ર ઝડપથી ફરવા માંડ્યું. સૂર યુવાનીના ઉંબરે આવી ઊભી રહી. એ આબેહૂબ સુરીલીની પ્રતિકૃતિ લાગતી. વિરલ ઓસ્ટ્રેલિયા ભણવા ગયો હતો. હવે તો પ્રશાંત પર જાણે સુરીલીનો એકાધિકાર પ્રવર્તતો. ક્યારેક સ્મિતાને કઠતું, કેમ કે સ્મિતા અને પ્રશાંત રાત્રે એમના બેડરૂમમાં ન જાય ત્યાં સુધી સૂર ક્ષણ પૂરતોય પ્રશાંતને રેઢો ન મૂકતી. સૂરના આવા વળગણથી પ્રશાંતને આશ્ચર્ય થતું. એ ક્યારેક કહેતો, 'સૂર, તું મિત્રો બનાવ. વિરલને ગર્લફ્રેન્ડ્ઝ છે. એમ તારે કોઈ બોયફ્રેન્ડ...'

'નો વે, મારા બોયફ્રેન્ડ તમે છો, પપ્પા!' સૂર ચહકતી. પ્રશાંત ભોંઠપ અનુભવતો.

એક રાતે હદ થઈ ગઈ. સુરીલીનો અંગત રૂમ બંધ રહેતો. સૂર નાની હતી ત્યારે વારંવાર તે રૂમમાં જતી. ત્યાંથી પાછી ન ફરતી. ત્યાંની તિજોરી ખોલવા જીદ કરતી. એથી કંટાળીને પ્રશાંત-સ્મિતાએ એ રૂમ લોક કરી દીધેલો. યુવાનીમાં પ્રવેશ્યા બાદ સૂર એ રૂમ પ્રત્યે પ્રબળ આકર્ષણ અનુભવવા લાગી. પરિણામે ખાંખાંખોળા કરી એણે એની ચાવી શોધી લીધેલી.

મધરાતે રણકી ઊઠેલા મોબાઈલથી પ્રશાંતની ઊંઘ ઊડી ગઈ. મોબાઈલમાં સૂરનો સ્વર પડઘાઈ રહેલો, 'ફોર એ મોમેન્ટ. રૂમની બહાર આવશો, પ્લીઝ...' શું પ્રોબ્લેમ હશે? એમ વિચારતા પ્રશાંત ઊઠીને બહાર આવ્યો. સ્મિતા તો ભર ઊંઘમાં હતી.

રૂમની બહાર પગ મૂકતાં જ પ્રશાંત ડઘાઈ ગયો. બરાબર એના રૂમની સામે સુરીલીનો રૂમ હતો જે અત્યારે ખુલ્લો હતો. અંદરથી ભરપૂર દૂધિયો પ્રકાશ રેલાઈ રહેલો. અચાનક એક ખાસ પ્રકારના પરફ્યુમની માદક સુગંધે એને ઝંકોરી મૂક્યો. એ સુરીલીના રૂમમાં પ્રવેશ્યો.

આ સુરીલી છે? ક્ષણભર માટે પ્રશાંત ચકરાઈ ગયેલો. નવોઢાનાં વસ્ત્રોમાં પૂર્ણ સજ્જ થઈ એની સામે જે ઊભી હતી એ આબેહૂબ સુરીલી હતી. એ પ્રશાંત તરફ આગળ વધી. અવશપણે એની કાયા પ્રશાંત સાથે ચંપાઈ. એ ઉન્મત્ત બની ઠેકઠેકાણે પ્રશાંતને ચૂમવા લાગી.

'તડાક્...' એક જોરદાર થપ્પડનો અવાજ વાતાવરણમાં ગુંજી ઊઠ્યો. એ ભોંય પર ફસડાઈ પડી. ગુસ્સાના આવેગમાં ધ્રૂજી રહેલો પ્રશાંત તત્ક્ષણ ત્યાંથી ચાલી ગયો.

સૂરને થોડી વાર પછી હોશ આવ્યા. નવોઢાનાં વસ્ત્રોમાં પોતાને જોઈ એને આશ્ચર્ય થયું. અને યાદ આવ્યું કે એ સુરીલીના રૂમમાં આવી હતી. તિજોરી ખોલી હતી. તિજોરીમાં સુરીલીનું પાનેતર અને ચૂંદડી જોઈ એને ન જાણે શું થઈ ગયેલું કે એ તે પહેર્યા વગર ન રહી શકી. ત્યાર બાદ શું થયું એ એને બરાબર યાદ ન હતું. અલબત્ત પ્રશાંતની ઝન્નાટેદાર થપ્પડનો એને અહેસાસ હતો. એ ધીમા પગલે તિજોરી પાસે ગઈ. આલબમમાં સુરીલીના ફોટોગ્રાફ્સ જોઈ એ સ્તબ્ધ બની. એ પોતાની જાતને આયનામાં સુરીલી સાથે સરખાવી રહી. એના હાથમાં સુરીલીની રોજનીશીની ડાયરી આવી. એ અધ્ધર શ્વાસે ડાયરી વાંચવા લાગી.

* * *

સ્વામી અવધૂતગીરી ધ્યાનથી પ્રશાંતને સાંભળી રહ્યા હતા. પ્રશાંત અને સ્મિતા વ્યથિત હતાં. સૂર વિશે તેઓ ભારે ચિંતિત હતાં. એ રાતે સુરીલીના રૂમમાં બનેલા બનાવ પછીની સવારથી સૂર ગાયબ હતી. એ વાતને પૂરું અઠવાડિયું વીતી ગયા બાદ પણ એના કોઈ સગડ મળ્યા ન હતા. પ્રશાંત જાણતો હતો કે સ્વામી અવધૂતગીરી પારલૌકિક શક્તિઓ ધરાવે છે. એમણે સુરીલીની આયુનું ભવિષ્ય ભાખ્યું હતું. તેઓ જરૂર એને સૂરના સગડ શોધવામાં મદદરૂપ બનશે એવી અપેક્ષાસહ તે આજે વર્ષો પછી આનંદ આશ્રમે આવેલો.

'સૂર જ્યાં છે ત્યાં બરાબર છે. એ સલામત છે. એ આપના ઘરે ક્યારેય પાછી નહીં ફરે. એની અને આપની આ જન્મની લેણદેણ પૂરી થઈ ગઈ. હરિ ૐ!' સ્મિતા અને પ્રશાંતની આંખોમાં અશ્રુઓ ધસી આવ્યાં. ભાંગેલા પગે પ્રશાંત સ્મિતાને લઈ આશ્રમની બહાર નીકળ્યો. એ પળે પ્રશાંતે સહજપણે પાછું વાળીને જોયું. એ આંચકો ખાઈ ગયો. સ્વામી અવધૂતગીરીની સાથે સંન્યાસિનીનાં ભગવાં વસ્ત્રોમાં સજ્જ થયેલી સૂર ઊભી હતી. પ્રશાંત દિગ્મૂઢ હતો. એના પગ યંત્રવત્ આગળ ચાલી રહેલા, જ્યારે અંતરપટ પર સુરીલીના અંતિમ શબ્દો ટકોરા દઈ રહેલા, 'હું તારી પાસે પાછી આવીશ, જરૂર આવીશ.' પ્રશાંતનું હૃદય ચિરાતું હતું. કદાચ સૂર એની સુરીલી હતી, પણ એ એને આ જન્મમાં ક્યારેય સુરીલી તરીકે સ્વીકારી શકે તેમ ન હતો.

* * *

એ રાતે સૂરને સુરીલીની રોજનીશી-ડાયરી વાંચતાં, પોતાની અને સુરીલી વચ્ચે રહેલી સામ્યતાનું અને વિચિત્ર વર્તણૂકનું રહસ્યમય કારણ થોડું ઘણું સમજાયેલું. એ ડાયરીમાંથી એને સ્વામી અવધૂતગીરીનું સરનામું મળેલું. પોતાના અંગે વધુ સ્પષ્ટ થવા એ સ્વામીજીને મળી હતી. સ્વામીએ ધ્યાનમાં જઈ સમજાવેલું કે પુરાણોમાં લખ્યા પ્રમાણે અતિજ્ઞાની અને મોક્ષાધિકારી ભરત ઋષિએ અંતિમ સમયે પોતે પાળેલ મૃગબાળનું સતત સ્મરણ કર્યું હોઈ એમને બંધનમાં મુકાઈ બીજો જન્મ મૃગરૂપે લેવો પડેલ. એ જ પ્રમાણે, ગયા જન્મની તારી પ્રશાંત સાથે રહેવાની પ્રબળ જીજિવિષાને કારણે તારો ફરી પ્રશાંતના જીવનમાં પ્રવેશ થયો, અલબત્ત પુત્રી સ્વરૂપે! તકલીફ ત્યાં થઈ કે તું પુત્રી હોવા છતાં ગયા જન્મમાં તેં પ્રશાંતને પતિરૂપે ચાહ્યો હોવાથી, તારું અંતરમન યુવાન થતાં જ એને એ જ રૂપમાં ઝંખવા લાગ્યું. જે આ જન્મમાં શક્ય નથી. સૂરે સ્વામીજી પાસે સંન્યસ્તની દીક્ષાની માગણી કરી. સ્વામીજીએ ધ્યાન લગાવતાં જોયું કે સૂર આ જન્મમાં અવિવાહિત રહેવા સર્જાયેલી છે. એમણે સૂરને દીક્ષા આપી હતી.

સૂર કહો કે સુરીલી, એ પ્રશાંતના જીવનમાંથી પાછી ફરી ન શકે એ રીતે હંમેશ માટે ચાલી ગયેલી. સન્યાસની દીક્ષા પામ્યા પછી એને પ્રશાંતનો મોહ રહ્યો છે કે નહીં, એ નથી ખબર! પરંતુ વરસો પછી આજેય સિત્તેરની વયે પહોંચી ગયેલા પ્રશાંતના કર્ણપટ પર સુરીલીના અંતિમ શબ્દો, 'જરૂર આવીશ...' પડઘાયા કરે છે. સુરીલી અને સૂરની મિશ્ર યાદોથી વ્યથિત બની એ કલાકો સુધી શૂન્યમાં ખોવાઈ જાય છે. (સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ભાનુ | તારકપુંજ |
| શશાંક | સૂરજ |
| વ્યોમ | ચંદ્ર |
| નક્ષત્ર | ખરતો તારો |
| ઉલ્કા | આકાશ |

### ઓળખાણ પડી?



ઉત્પાદક કંપનીના દાવા અનુસાર એક મિનિટમાં ૧૨૮ ટાર્ગેટ પર નિશાન સાધી શકનારા ફાઈટર હેલિકૉપ્ટરની ઓળખાણ પડી?

અ) APACHE બ) CHINOOK ક) PILATUS ડ) RUDRA

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ત | ડ | ૨ ક | ૩ ભ | ૪ ડ | ક | ■ | ૫ વા | ર | ૬ સ |
| હ | ■ | ૭ સ | મ | ર | ■ | ૮ વા | ઘ | ■ | હા |
| ૯ સ | ૧૦ બ | ક | ■ | ૧૧ પો | ૧૨ ખ | ર | ણ | ■ | નુ |
| ૧૩ ન | ળ | ■ | ૧૪ સા | ક | ર | ■ | ■ | ૧૫ વિ | ભૂ |
| ૧૬ હ | વા | બા | રી | ■ | ૧૭ લ | ૧૮ વા | ૧૯ દ | ■ | તિ |
| સ | ■ | ■ | ૨૦ ગ | ૨૧ મ | ■ | ૨૨ ર | ખ | ડુ | ■ |
| ■ | ૨૩ તા | ૨૪ જ | મ | હા | ૨૫ લ | ■ | લ | ■ | ૨૬ ત |
| ૨૭ સં | ત | તિ | ■ | ૨૮ ન | વા | ■ | ૨૯ અં | કુ | રો |
| ક | ■ | ■ | ૩૦ ટાં | ■ | ૩૧ જ | ર | દા | ■ | તા |
| ૩૨ ટ | પા | ટ | પી | ■ | મ | ■ | ૩૩ જ | ના | જા |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | | ૮ | | | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ■ | ૧૧ | | | ■ | |
| ■ | | ■ | ૧૨ | ૧૩ | | | ■ | ૧૪ | |
| ૧૫ | | | | | ■ | ■ | ૧૬ | | ■ |
| ૧૭ | | ■ | | ■ | ૧૮ | ■ | ૧૯ | | ૨૦ |
| ૨૧ | | ■ | ૨૨ | | | ૨૩ | | ■ | |
| | ■ | ૨૪ | ■ | ■ | ૨૫ | | ■ | ૨૬ | |
| ■ | ૨૭ | | ૨૮ | | | ■ | ૨૯ | | |
| ૩૦ | | | | ■ | ■ | ૩૧ | | | |

**આડી ચાવી**

૧. છતનું રંગબેરંગી કપડું (૪)
૪. સમૂહ, સંક્ષેપ (૪)
૭. નવાઇ પમાડે એવા (૬)
૯. ઢીલું, પોચું (૩)
૧૧. --- છે તો જીવી નાખો (૩)
૧૨. કરગરે (૪)
૧૪. --- ભોળું એટલે બાળક જેવું ભોળું (૨)
૧૫. કન્યાવિદાય વખતે બધાની આંખમાં --- આવે (૫)
૧૬. --- આવવો એટલે સચેતન થવું (૨)
૧૭. બાપા પછી ડેડી અને હવે --- (૨)
૧૯. --- ટપાલે જવાબ આપજો (૩)
૨૧. --- જાઓ ચંદનહાર લાવો (૨)
૨૨. તીખું કેવું ? (૫)
૨૫. પાયજામા, લેંઘાને બાંધવું પડે (૨)
૨૬. --- મામા કરવા એટલે ખુશામત કરવી (૨)
૨૭. એક રૂપિયાના વજન જેટલું (૫)
૨૯. ડગલાં (૩)
૩૦. નકામું, બેજવાબદાર (૪)
૩૧. પરંપરા, ચાલ, રિવાજ (૪)

**ઊભી ચાવી**

૧. સુગંધી, મોંઘું, લાકડું (૩)
૨. મહેરબાની, કૃપા (૩)
૩. યુદ્ધ (અં.) (૨)
૪. --- કરવું એટલે છુપાવી દેવું (૪)
૫. લગનમાં સાજન --- આવે (૩)
૬. રૂપાળું, સુંદર (૪)
૮. એક મેવો (૩)
૧૦. રઝળવાની મહેનત (૫)
૧૨. ઉજળું (૪)
૧૩. --- તેનો શોક ના હોય (૨)
૧૪. કાંટાવાળું વૃક્ષ (૩)
૧૫. મારામારી (૪)
૧૬. સજીવ, જીવંત (૩)
૧૮. વિજેતા (૪)
૨૦. ધનુષ્ય-બાણ (૫)
૨૩. મડદું, શબ (૨)
૨૪. પાપ કરનાર (૩)
૨૬. ---માં કમળ ખીલે (૩)
૨૭. પરંપરા (૨)
૨૮. સિંહની કેશવાળી (૨)
૨૯. ---ભલા, હો ભલા (૨)

### ગુજરાત મોરી મોરી રે

આદિ કવિ નરસિંહ મહેતાના જન્મ સ્થાન તેમ જ બૌદ્ધ ગુફાઓ માટે ગુજરાતનું કયું શહેર જાણીતું છે એ જણાવો.

અ) અમરેલી બ) ગોધરા ક) ગોંડલ ડ) તળાજા

### જાણવા જેવું

ઉલ્કાની બનાવટ બે જાતની હોય છેઃ ધાતુની અને પાષાણની. ધાતુનીમાં લોઢાનો ભાગ વધારે હોય, પણ તેની સાથે થોડું નિકલ, તાંબુ અને કલઈ પણ હોય. કેટલાક ઉલ્કા પાષાણમાં સોનું, હીરા, પ્લેટિનમ અને ઈરીડિયમ જેવી કિંમતી ધાતુ પણ હોય.

### સુડોકુ-૯૦૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૮ | ૯ | | ૨ | | |
| | | ૭ | | ૫ | ૨ | ૩ | | |
| ૩ | | | ૪ | ૧ | | ૯ | | ૮ |
| ૨ | | | | | | ૮ | ૯ | |
| | ૬ | ૩ | | | | ૪ | ૫ | |
| | ૯ | ૫ | | | | | | ૬ |
| ૧ | | ૯ | | ૩ | ૫ | | | ૪ |
| | | ૮ | ૨ | ૬ | | ૫ | | |
| | | ૬ | | ૪ | ૮ | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૮ | ૩ | ૪ | ૨ | ૭ | ૫ | ૧ |
| ૧ | ૨ | ૭ | ૮ | ૫ | ૯ | ૬ | ૩ | ૪ |
| ૪ | ૫ | ૩ | ૧ | ૬ | ૭ | ૮ | ૨ | ૯ |
| ૫ | ૩ | ૯ | ૪ | ૧ | ૬ | ૨ | ૮ | ૭ |
| ૭ | ૬ | ૪ | ૫ | ૨ | ૮ | ૧ | ૯ | ૩ |
| ૮ | ૧ | ૨ | ૭ | ૯ | ૩ | ૪ | ૬ | ૫ |
| ૯ | ૮ | ૫ | ૨ | ૭ | ૪ | ૩ | ૧ | ૬ |
| ૩ | ૭ | ૧ | ૬ | ૮ | ૫ | ૯ | ૪ | ૨ |
| ૨ | ૪ | ૬ | ૯ | ૩ | ૧ | ૫ | ૭ | ૮ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

માનવ વસાહતમાં નદીનું સ્થાન મહત્ત્વનું ગણાય છે. કયા દેશમાં એક પણ નદી નથી વહેતી એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) ઈઝરાયલ બ) બેહરીન ક) કોલંબિયા ડ) સુદાન

### નોંધી રાખો

બીજાને ઉદાહરણ આપવું બહુ આસાન છે, ખરી કમાલ તો જાતે ઉદાહરણરૂપ બનવામાં છે જે ઘણું મુશ્કેલ કામ છે.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૮, ૨૩, ૩૯, ૫૬, ૭૪, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૭૪ પછી કઈ સંખ્યા આવે?

અ) ૮૮ બ) ૯૩ ક) ૯૬ ડ) ૧૦૦

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| સાવધ | જાગ્રત |
| સાવજ | સિંહ |
| સારંગ | આકાશ |
| સાગર | દરિયો |
| સામંત | ઠાકોર |

ઓળખાણ પડી: GNAT

માઈન્ડ ગેમ: ૬૭

ચતુર આપો જવાબ, માથું ખંજવાળો: KYIV

ગુજરાત મોરી મોરી રે: વડોદરા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આશર (૮) પુષ્પા પટેલ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) કિશોર બી. સંઘરાજકા (૧૨) નૂતન વિપીન શાહ (૧૩) મીનળ કાપડિયા (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) મહેશ દોશી (૧૭) મહેશ સંઘવી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૩) પ્રવીણ વોરા (૨૪) પુષ્પા ખોના (૨૫) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૬) અલરા વાણી (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) વિણા સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) પુષ્પા ખોના (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) જગદીશ ઠક્કર (૩૩) અરવિંદ કામદાર (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) રશીક જુથાણી -ટોરંટો - કેનેડા (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) રમેશ દલાલ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) અંબરીષ ઓઝા (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નિતિન જયંતિલાલ બજરિયા (૪૮) ડાયના સંતોકે (૪૯) અતુલ જશુભાઈ શેઠ (૫૦) હિરા જે. શેઠ

# રેપો રેટમાં ઘટાડાથી બિલ્ડરોમાં આનંદ

## હોમલોનના વ્યાજદર ઘટતાં ઘરવાંચ્છુઓને પણ રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રિઝર્વ બૅન્ક દ્વારા રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૬ ટકાથી ૫.૫ ટકા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાથી હોમલોનના દર ઘટવાની શક્યતા હોવાથી ઘર ખરીદનારાઓને મોટી રાહત થઈ છે. આથી ઘરનાં વેચાણ વધવાની શક્યતાને જોતા બિલ્ડરોમાં પણ આનંદનું વાતાવરણ છે.

ભારતીય રિઝર્વ બૅંકની નાણાકીય નીતિ સમિતિ (એમપીસી) એ રેપો રેટમાં ૫૦ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરીને આર્થિક ગતિને પુનર્જીવિત કરવા માટે નિર્ણાયક પગલું ભર્યું છે, જે તેને ૫.૫ ટકા સુધી ઘટાડી રહ્યું છે, જ્યારે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)ને ૧૦૦ બીપીએસ સુધી ઘટાડી રહ્યું છે. આ પગલાં, ૩.૭ ટકાના સુધારેલા જીડીપી ફુગાવાનો અંદાજ અને નાણાંકીય વર્ષ ૨૬ માટે ૬.૫ ટકાના અંદાજિત વાસ્તવિક જીડીપી વૃદ્ધિ સાથે, વૃદ્ધિ અને ગ્રાહક વિશ્વાસને વેગ આપવા માટે એક આગળનો અભિગમ દર્શાવે છે.

મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશમાં રિયલ એસ્ટેટ ડેવલપર્સની સર્વોચ્ચ સંસ્થા એમસીએચઆઈ-ક્રેડાઈએ આરબીઆઈના બોલ્ડ અને વૃદ્ધિ-લક્ષી વલણનું સ્વાગત કર્યું હતું, ખાસ કરીને સસ્તા અને મધ્યમ આવકવાળા સેગમેન્ટમાં હાઉસિંગ માગણી વધવાની

(જુઓ પાનું ૪) ▶▶

# ભાજપના સર્વેથી શિંદે જૂથમાં ચિંતા

## મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા મોટી ઊથલપાથલ થવાના સંકેત?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સુપ્રીમ કોર્ટના આદેશ બાદ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓની તૈયારી શરૂ થઈ ગઈ છે. ભાજપે આ ચૂંટણીઓ માટે તૈયારીના ભાગરૂપે સર્વે શરૂ કરી દીધો છે. સૂત્રો પાસેથી એવી માહિતી મળી છે કે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે ભાજપ દ્વારા કરવામાં આવેલો સર્વે પાર્ટીના નેતાઓ સુધી પહોંચી ગયો છે અને આનાથી શિવસેના શિંદે જૂથની ચિંતા વધારી દીધી છે. બીએમસી માટે શિંદે જૂથ દ્વારા શરૂ કરવામાં આવેલી તૈયારીઓ માથે પડે એવા એંધાણ જોવા મળી રહ્યા છે.

આગામી બીએમસીની ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં ભાજપ દ્વારા કરવામાં આવેલા આંતરિક સર્વે બાદ ગઠબંધનમાં બેઠકોની વહેંચણીની ગણતરીઓ મુશ્કેલીમાં મુકાઈ રહી હોવાના સંકેતો મળી રહ્યા છે. ભાજપે તેના સર્વેમાં સંકેત આપ્યો છે કે તે ૧૫૦થી વધુ બેઠકો પર ચૂંટણી લડશે. આનાથી શિવસેના (શિંદે જૂથ)માં અશાંતિ વધી હોવાનું કહેવાય છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કુલ ૨૨૭ બેઠકો

(જુઓ પાનું ૪) ▶▶

### શું ભાજપ ૧૫૦ બેઠક પર ચૂંટણી લડશે?

ભાજપના સર્વે મુજબ, મુંબઈમાં જનમત ભાજપની તરફેણમાં છે અને તેથી ભાજપના નેતાઓને એવું લાગે છે કે પાર્ટી પોતાના દમ પર પાલિકામાં સત્તા હાસિલ કરવા સક્ષમ છે. સર્વે મુજબ, જો ભાજપ ૧૫૦ કે તેથી વધુ બેઠકો પર ચૂંટણી લડે છે, તો તેને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પોતાના દમ પર સરકાર બનાવવાની તક મળશે, પરંતુ જો ભાજપ ૧૫૦ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે તો મોટો સવાલ એ છે કે શિંદે જૂથ અને એનસીપી અજિત પવાર જૂથને કેટલી બેઠકો મળશે? મુંબઈમાં અજિત પવાર જૂથની તાકાત ખૂબ ઓછી હોવાથી અજિત પવાર જૂથ મહાયુતિમાં ઓછી બેઠકો પર ચૂંટણી લડવા માટે કદાચ તૈયાર થઈ શકે છે. ■

# કસારામાં ઝાડીઝાંખરામાં ફસાયેલી કારમાંથી મુંબઈના ત્રણ યુવકના કોહવાયેલા મૃતદેહ મળ્યા

**ત્રણેય મિત્ર ત્ર્યંબકેશ્વર જવા નીકળ્યા હતાઃ ઘટનાસ્થળના નિરીક્ષણ પરથી કારને અકસ્માત નડ્યાનો પોલીસનો અંદાજ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ-નાશિક હાઈવે પર શાહપુર તાલુકાના કસારા નજીક એક નાળા પાસેના ઝાડીઝાંખરાંમાં ફસાયેલી કારમાંથી મુંબઈમાં રહેતા ત્રણ યુવકના કોહવાયેલા મૃતદેહ મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. ત્ર્યંબકેશ્વર જતા હોવાનું કહીને ત્રણેય મિત્ર મુંબઈથી નીકળ્યા બાદ ગુમ થઈ ગયા હતા. ઘટનાસ્થળના નિરીક્ષણ પરથી કારને અકસ્માત નડ્યો હોવાનો અંદાજ પોલીસે વ્યક્ત કર્યો હતો.

કસારા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સુરેશ ગાવિતે જણાવ્યું હતું કે મૃતકોની ઓળખ ખારમાં રહેતા યજ્ઞેશ વાઘેલા (૨૭), પવઈના પ્રવીણ કુમાર સિંહ (૨૭) અને કુર્લામાં રહેતા રઝબઅલી શેખ (૨૯) તરીકે થઈ હતી. કાર વાઘેલા ચલાવી રહ્યો હોવાથી તેનું શબ ડ્રાઈવિંગ સીટ પરથી મળી આવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ કસારાના ઉંબરમાળી

(જુઓ પાનું ૪) ▶▶

# મીઠી નદી કૌભાંડ: મુંબઈ-કેરળમાં પંદરથી વધુ સ્થળે ઈડીની રેઈડ

**અભિનેતા ડિનો મોરિયાનું નિવાસસ્થાન, પાલિકાના અધિકારી, કોન્ટ્રેક્ટરોનાં રહેઠાણ-ઓફિસનો પણ સમાવેશ**



મુંબઈઃ મીઠી નદીમાંથી ગાળ કાઢવાના ૬૫.૫૪ કરોડ રૂપિયાના કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઇડી) શુક્રવારે મુંબઈ અને કેરળમાં પંદરથી વધુ સ્થળે રેઇડ પાડી હતી, જેમાં બોલીવૂડના એક્ટર ડિનો મોરિયાના બાંદ્રાના નિવાસસ્થાનનો સમાવેશ હતો.

મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ ગયા મહિને દાખલ કરેલા એફઆઇઆરમાં આરોપી તરીકે જેમના નામ આપવામાં આવ્યાં હતાં, એ પાલિકાના અધિકારીઓ, કોન્ટ્રેક્ટરો, વચેટિયાના રહેઠાણો તથા ઓફિસ સહિત પંદરથી વધુ સ્થળે ઇડીએ રેઇડ પાડી હતી. શિવસેના (યુબીટી)ના આદિત્ય ઠાકરેના નજીકના મિત્ર ડિનો મોરિયાના બાંદ્રા પશ્ચિમના નિવાસે પણ સર્ચ હાથ ધરવામાં આવી હતી. આર્થિક ગુના શાખાની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે (એસઆઇટી) ડિનો મોરિયાને ગયા મહિને બે વખત પૂછપરછ માટે બોલાવ્યો હતો.

મુંબઈ ઉપરાંત કેરળમાં પણ સર્ચ હાથ ધરવામાં આવી હતી, કારણ ડિસ્ટિલિંગ મશીન પૂરી પાડતી

(જુઓ પાનું ૪) ▶▶



### મશીનરી સપ્લાય કરનાર વચેટિયાને જામીન મળ્યા

મીઠી નદીમાંથી ગાળ કાઢવાના કૌભાંડમાં ધરપકડ કરાયેલા વચેટિયા જય જોશીને સેશન્સ કોર્ટે ગુરુવારે જામીન આપ્યા હતા. એડિશનલ સેશન્સ જજે એક લાખના પર્સનલ બોન્ડ પર જય જોશીની જામીન અરજી મંજૂર કરી હતી. મેજિસ્ટ્રેટ કોર્ટે જામીન અરજી ફગાવી દીધા બાદ જોશીએ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી.

જોશીના વકીલોએ કોર્ટને જણાવ્યું હતું કે તેમનો અસીલ આ કૌભાંડ સાથે જોડાયેલો નથી, કારણ કે તેનો પાલિકા સાથે કોઇ સીધો સંબંધ નથી.

વકીલોએ દલીલ કરી હતી કે તેમનો અસીલ મશીન સપ્લાયર હતો અને તેણે નેધરલેન્ડથી મશીન આયાત કરી હતી. તેણે માર્ચ-એપ્રિલ, ૨૦૧૯માં આ મશીનો ખરીદવા માટે આઠ કરોડથી વધુ રૂપિયા ચૂકવ્યા હતા.

બાદમાં તેણે કોન્ટ્રેક્ટરોને લીઝ પર આપ્યાં હતાં. બીજી તરફ ફરિયાદ પક્ષે જામીન અરજીનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે તપાસ તેના પ્રારંભિક તબક્કામાં છે અને દસ્તાવેજી પુરાવા એકઠા કરવાનું કામ ચાલુ છે. દરમિયાન બંને પક્ષને સાંભળ્યા બાદ કોર્ટે જોશીના જામીન મંજૂર કર્યા હતા. ■

# મુંબ્રામાં બિલ્ડિંગની સુરક્ષા ભીંત તૂટી પડી

થાણેઃ થાણે જિલ્લાના મુંબ્રામાં ભારે વરસાદને પગલે ગુરુવારે મોડી રાતે એક બિલ્ડિંગની ૧૦ ફૂટ લાંબી અને પાંચ ફૂટ ઊંચી સુરક્ષા ભીંત તૂટી પડી હતી. થાણે ડિઝાસ્ટરના જણાવ્યા મુજબ મુંબ્રા દેવી રોડ પર નોબલ હાઉસ નામની બિલ્ડિંગ આવેલી છે. ગુરુવારે રાતના સાડા નવ વાગે બિલ્ડિંગની સુરક્ષા દિવાલ અચાનક તૂટી પડી હતી. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. આ બનાવ બાદ થાણે પાલિકાએ દિવાલના બાકીના હિસ્સાને તોડી પાડ્યો હતો. ■

# ‘મહારાષ્ટ્રના લોકો જે ઈચ્છે તે જ થશે’

## ઉદ્ધવે રાજ ઠાકરે સાથે સંભવિત જોડાણ અંગે સકારાત્મક સંકેત આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે કહ્યું હતું કે ‘મહારાષ્ટ્રના લોકો જે ઈચ્છે છે તે જ થશે,’ તેમની પાર્ટી અને તેમના અલગ થયેલા પિતરાઈ ભાઈ રાજ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) વચ્ચેના સંભવિત જોડાણો અંગે ચાલી રહેલી અટકળો વચ્ચે આવું નિવેદન કરીને બંને વચ્ચેની યુતિ માટે સકારાત્મક સંકેત આપ્યો હતો.

મીડિયા સાથે વાત કરતા મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે બંને પક્ષના કાર્યકરોમાં કોઈ મૂંઝવણ નથી.

‘અમારા અને અમારા શિવસૈનિકોના મનમાં કોઈ મૂંઝવણ નથી. તેમના (મનસે) (જુઓ પાનું ૪) ▶▶

### ભાજપને દૂર રાખવા માટે સેના યુબીટી-મનસે ગઠબંધનનું સ્વાગતઃ કૉંગ્રેસ

મહારાષ્ટ્ર કોંગ્રેસે શુક્રવારે જણાવ્યું હતું કે જો રાજ્યના હિતમાં અને ‘કોમી’ ભાજપને દૂર રાખવા માટે શિવસેના (યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) વચ્ચેના ગઠબંધનનું સ્વાગત કરશે. વિમુખ થયેલા પિતરાઈ ભાઈઓ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે સંભવિત સમાધાનની અટકળો વચ્ચે કૉંગ્રેસ પાર્ટીનું આ નિવેદન આવ્યું છે કારણ કે તેમની તાજેતરની ટિપ્પણીઓ દર્શાવે છે કે બંને (જુઓ પાનું ૪) ▶▶

# હાઈ કોર્ટના બનાવટી આદેશથી અસીલ સાથે છેતરપિંડી કરનાર વકીલના જામીન નામંજૂર

મુંબઈઃ હાઈ કોર્ટના બનાવટી આદેશો આપીને અસીલ પાસેથી રૂ.૨.૫૭ કરોડની છેતરપિંડી કરવાના આરોપસર પકડાયેલા શહેરના એડવોકેટના જામીન મુંબઈની અદાલતે નામંજૂર કરી તેનું આચરણ યોગ્ય ન હોવાની ટિપ્પણી કરી હતી.

આઈએએસ અધિકારી તરીકે રજૂ કરીને લોકો સાથે છેતરપિંડી કરવાના આરોપસર આરોપી વિનય ખાતુ સામે પહેલેથી જ બે કેસ નોંધાયેલા છે અને તેની તરફેણમાં કોઈ પણ આદેશ ‘‘સમાજને ખોટો સંદેશ આપશે’’ એમ કોર્ટે નોંધ્યું હતું. તેમની જામીન અરજી ત્રીજી જૂને એડિશનલ સેશન્સ જજ વી.જી. રઘુવંશીએ નામંજૂર કરી હતી.

ગયા વર્ષે ૧૯ ઓક્ટોબરે ખાતુની ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તે જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર ફરિયાદી ઉર્મિલા તાલ્યારખાને પોતાના કેસ સંભાળવા ખાતુને રોક્યો હતો, જેમાં કેટલીક સંપત્તિની બાબતોનો પણ સમાવેશ થાય છે. ખાતુએ બોમ્બે હાઈકોર્ટના બનાવટી આદેશોથી તેની સાથે ૨.૫૭ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો આરોપ ઉર્મિલા તાલ્યારખાને કર્યો હતો.

બચાવ પક્ષે દલીલ કરી હતી કે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે અને ખાતુ પાસેથી વધુ કંઈ પણ કબજે કરવાની જરૂર નથી. તેમાં એવો દાવો પણ કરવામાં આવ્યો હતો કે તાલ્યારખાન મુકદ્દમા નોંધવાનો ખાસ્સો અનુભવ ધરાવે છે છે અને પોતાના વકીલો વિરુદ્ધ ફરિયાદો કરવા માટે જાણીતાં છે. (પીટીઆઈ) ■

# યુવકને નામે સાત વર્ષથી કંપની ધમધમતી હતીઃ ૨.૯૦ કરોડની આઈટીની નોટિસ!

મુંબઈઃ સામાન્ય નોકરી કરતા ડોમ્બિવલીના યુવકને નામે સાત વર્ષથી કંપની ધમધમતી હતી અને એ વાતની ખુદ યુવકને જાણ નહોતી. આવકવેરા વિભાગે ૨.૯૦ કરોડ રૂપિયા ભરવાની નોટિસ મોકલતાં યુવકને આંચકો લાગતાં તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અજાણ્યા શખસે યુવકના દસ્તાવેજોનો ઉપયોગ કરીને બોગસ કંપની શરૂ કરી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

ડોમ્બિવલીમાં ઘનશ્યામ ગુપ્તે માર્ગ ખાતે રહેતા ૨૮ વર્ષના યુવકે નોંધાવેલી ફરિયાદને આધારે વિષ્ણુનગર પોલીસે બુધવારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર જુલાઈ, ૨૦૧૭થી માર્ચ, ૨૦૨૪ દરમિયાન કથિત ઠગાઈ થઈ હતી. ફરિયાદી યુવકના આધાર, પૅન કાર્ડ જેવા મહત્ત્વના દસ્તાવેજોને આધારે અજાણ્યા શખસે એક કંપની શરૂ કરી હતી. આ બાબતની જાણ ફરિયાદીને નહોતી.

સંબંધિત કંપનીના માધ્યમથી વિવિધ પ્રકારના આર્થિક વ્યવહાર કરવામાં આવ્યા હતા. આ આર્થિક વ્યવહારને લગતી રકમ આવકવેરા વિભાગમાં ચૂકવવામાં આવી નહોતી. બધા આર્થિક વ્યવહાર ઑનલાઈન કરાયા હોવાથી તેની જાણ ફરિયાદીને થઈ નહોતી.

ફરિયાદ અનુસાર સંબંધિત કંપની ટૅક્સ ભરતી ન હોવાનું આવકવેરા વિભાગના ધ્યાનમાં આવ્યું હતું. કંપની ચલાવનારનું સરનામું ફરિયાદીના ઘરનું હોવાથી આવકવેરા વિભાગે ફરિયાદીને નોટિસ મોકલી હતી. ૨૦૨૨માં ફરિયાદીને મળેલી નોટિસમાં ૨.૯૦ કરોડ રૂપિયા ટૅક્સ ભરવાનું જણાવાયું હતું.

નોટિસ જોઈ યુવકને આંચકો લાગ્યો હતો. તેણે આવકવેરા વિભાગમાં નોટિસ અંગે ફરિયાદ કરી હતી. તપાસમાં યુવકના દસ્તાવેજોને આધારે બોગસ કંપની ખોલીને અજાણ્યા શખસે આર્થિક વ્યવહાર કર્યા હોવાનું સામે આવ્યું હતું. પરિણામે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ■

# ઘોડબંદર પર ચાર દિવસ ટ્રાફિકમાં ફેરફાર

થાણેઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ચાલી રહેલા મેટ્રોના પ્રોજેક્ટમાં ગર્ડર બેસાડવાનું કામ હાથ ધરવાનું હોવાથી આગામી ચાર દિવસ માટે ઘોડબંદર લાઇન પર મોટા ટ્રાફિક ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે.

કાસરવડવલી અને કપૂરબાવડી વિસ્તારમાં આ કાર્ય હાથ ધરવામાં આવશે. તેથી કાસરવડવલી વિસ્તારમાં સવારે પાંચ વાગ્યા સુધી અને કપૂરબાવડી વિસ્તારમાં શનિવારે રાતે ૧૧ વાગ્યાથી રવિવારે સવારે ૧૦ વાગ્યા સુધી અને રવિવારે રાતે ૧૧ વાગ્યાથી સોમવારે સવારે છ વાગ્યા સુધી ટ્રાફિકમાં ફેરફાર લાગૂ કરાશે.

▶ થાણે ઘોડબંદર લાઇન પર ડોંગરીપાડા ખાતે સ્ટીલ ગર્ડર ચઢાવવાના હોવાથી ઘોડબંદર તરફ જતા તમામ પ્રકારના વાહનો માટે પાટલીપાડા ફ્લાયઓવરના લેન્ડિંગના આગળ ‘નો એન્ટ્રી’ રહેશે. આ તમામ પ્રકારના વાહનો પાટલીપાડા ફ્લાયઓવર લેન્ડિંગ પછી ખોલવામાં આવેલા સેન્ટ્રલ ડિવાઇડર કટ દ્વારા

(જુઓ પાનું ૪) ▶▶

### કાપુરબાવડી વિસ્તારમાં નીચેના ફેરફારો કરવામાં આવશે

▶ થાણે ઘોડબંદર સ્લિપ રોડથી કાપુરબાવડી સર્કલ થઈને ઘોડબંદર તરફ જતા તમામ પ્રકારના વાહનોને કપુરબાવડી સર્કલ પર ‘નો એન્ટ્રી’ રહેશે.

**વૈકલ્પિક માર્ગ**

▶ ઉપરોક્ત માર્ગ પરથી પસાર થતા તમામ પ્રકારના વાહનો કાપુરબાવડી સર્કલથી બ્રિજ નીચે નળપાડા સિગ્નલથી જમણો વળાંક લેશે અને નંદી બાબા ચોક, ઢોકાલી થઈને ઇચ્છિત સ્થળ પર જશે.

▶ ઉપરોક્ત માર્ગ પરથી પસાર થતા તમામ પ્રકારના વાહનો રવિ સ્ટીલ નાકાથી ડાબો વળાંક લેશે અને પોખરણ રોડ નંબર ૨, ગાંધી ચોક તરફ જમણો વળાંક લઇ ખેવરા સર્કલ થઈને ઇચ્છિત સ્થળ પર જશે.

▶ નળપાડાથી નીકળતા અને ફિલોસોફી યુનિવર્સિટી થઈને ઘોડબંદર તરફ જતા તમામ પ્રકારના વાહનોને નળપાડા પાઇપ લાઇન પાસે ‘નો એન્ટ્રી’ રહેશે. ■

# ભિવંડીમાં ઘરમાં ઘૂસીને યુવતી પર હુમલોઃ બે જણની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં ઘરમાં ઘૂસીને ૧૯ વર્ષની યુવતી પર હુમલો કરવા બદલ પોલીસે બે જણની ધરપકડ કરી હતી.

ભિવંડી વિસ્તારમાં બુધવારે મોડી રાતે બે વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. યુવતી તેના ઘરમાં સૂઇ રહી હતી.

આરોપી દિલીપ માનજી અને ધીરજ ધાકલે મોડી રાતે યુવતીના ઘરના દરવાજા પર જોરથી લાત મારી હતી, જેમાં દરવાજાની કડી તૂટી ગઇ હતી.

નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે અંદર ઘૂસ્યા બાદ એક આરોપીએ યુવતીને પકડી લીધી હતી, જ્યારે બીજાએ તેને પોતાની તરફ ખેંચી હતી.

દરમિયાન યુવતીએ પ્રતિકાર કરતાં આરોપીએ તેને લાફો માર્યો હતો અને બાદમાં તેના પર હુમલો કર્યો હતો, જેમાં તેને ઇજા પહોંચી હતી.

આ ઘટના બાદ પોલીસે બંને આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરી હતી.

યુવતી અને આરોપી એકબીજાને ઓળખતા હતા અને તેમની વચ્ચે કોઇ વિવાદ હતો કે કેમ એ અંગે પોલીસે કોઇ સ્પષ્ટતા કરી નહોતી. (પીટીઆઇ) ■

# ₹૧૯,000 કરોડની ૯0૩ સિંચાઈ યોજનાને તાળું

## વિપક્ષો માટે ચૂંટણી પહેલા મહત્ત્વનો મુદ્દો બનશે

મુંબઈઃ ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ સરકારે રાજ્યમાં ૯૦૩ નાની સિંચાઈ યોજનાઓને રદ કરી દીધી છે. આ નિર્ણય આ વર્ષના અંતમાં યોજાનારી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી પૂર્વે વિરોધ પક્ષો માટે મહત્ત્વનો રાજકીય મુદ્દો બની જાય તેવી શક્યતા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે ૧૯ હજાર ૭૨૧ કરોડ રૂપિયાની સિંચાઈ યોજનાઓની મંજૂરી રદ કરી દીધી હતી, કારણ કે તેમાંથી એક પણ શરૂ નહોતી થઈ. ૨૦૨૦ અને ૨૦૨૩ ની વચ્ચે મંજૂર કરવામાં આવેલી આ યોજના પૈકી કેટલીક યોજનાને તો અગાઉની મહા વિકાસ અઘાડી (એમવીએ) સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

આમાંના મોટાભાગના પ્રોજેક્ટો પશ્ચિમ મહારાષ્ટ્ર અને વિદર્ભમાં છે, જે મહદ અંશે વિરોધ પક્ષના નેતાઓના મતવિસ્તારોમાં છે. એમાંથી આશરે અડધોઅડધ ૪૧૬ પ્રોજેક્ટ અહિલ્યાનગર (અગાઉ અહમદનગર) જિલ્લામાં છે. આ પ્રોજેક્ટને અગાઉની એમવીએ સરકારે મંજૂરી આપી હતી. જમીન અને જળ સંરક્ષણ વિભાગ દ્વારા જારી કરાયેલા સરકારના ઠરાવમાં જણાવ્યું છે કે ‘જમીન સંપાદન કરવામાં નિષ્ફળતા, ગ્રામજનો દ્વારા વિરોધ અને કામ શરૂ કરવામાં કોન્ટ્રાક્ટરોની નિષ્ફળતા જેવા કારણોસર પ્રોજેક્ટ્સ શરૂ નહોતા થઈ શક્યા. ■

# મેટ્રો-થ્રીનાં સ્ટેશનો પર અસ્વચ્છતા, પીવાના પાણીની અછત

મુંબઈઃ થોડા સમય અગાઉ શરૂ કરાયેલ કોલાબા-બાન્દ્રા-સીપ્ઝ મેટ્રો-થ્રી પ્રોજેક્ટ શરૂઆતથી જ મુસાફરો માટે માથાના દુખાવા સમાન સાબિત થઈ રહ્યો છે. વિવિધ કારણોસર વારંવાર ખોરવાતી મેટ્રો સેવા, મેટ્રો સ્ટેશનો પર પાણીનું લીકેજ, ટેકનિકલ ખામી વગેરે જેવી અસુવિધાઓને કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

મેટ્રો સ્ટેશનોમાં અસ્વચ્છ શૌચાલય, ભરાયેલા બેસિન અને કેટલાક સ્ટેશનોમાં પીવાના પાણીના મશીનો બ્લોક થવાને કારણે મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. દરમિયાન એવું પણ જાણવા મળ્યું કે મોટાભાગના સ્ટેશનો પર એર કન્ડિશનિંગ સિસ્ટમ લીક થઈ રહી હતી. આ બધા કારણે મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન સતત ટીકાનો સામનો કરી રહ્યું છે.

કોલાબા-બાન્દ્રા-સિપ્ઝ મેટ્રો-થ્રી રૂટ પર આરે-બીકેસીના ૧૨ કિ.મી. લાંબા પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન પાંચમી ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ રૂટ શરૂ થયાના થોડા દિવસોમાં, વિવિધ સમસ્યાઓ સામે આવી છે. થોડા દિવસો પછી, બીજો તબક્કો બીકેસી - આચાર્ય અત્રે ચોક, વરલી પણ શરૂ કરવામાં આવ્યો. તેથી, ટ્રાફિક ઓછું થવાની આશા હતી, પરંતુ આચાર્ય અત્રે ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનમાં વરસાદના પહેલા દિવસે જ પાણીથી ભરાઈ ગયું હતું. મેટ્રો વહીવટીતંત્રે તાત્કાલિક સંબંધિત સ્ટેશનો પર મેટ્રો સેવાઓને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી હતી, જેના કારણે મુસાફરોને ભારે અસુવિધા થઈ હતી. બાદમાં, સમારકામ કાર્ય પૂર્ણ થયા પછી, મેટ્રો સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. ■

# બકરી-ઈદના બીજા દિવસે રવિવારે બેસ્ટ દોડાવશે વધારાની બસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ વર્ષે બકરી-ઈદની ઊજવણી શનિવાર સાત જૂનના થવાની છે, તો રવિવાર આઠ જૂનના બાસી બકરી-ઈદના દિવસે મોટી સંખ્યામાં વરલી હાજી અલી અને ગેટ-વે ઓફ ઈન્ડિયા જેવા પર્યટન સ્થળે લોકોનો ઘસારો થશે. પ્રવાસીઓના ઘસારાને પહોંચી વળવા માટે બેસ્ટ ઉપક્રમ દ્વારા રવિવારે મુંબઈના જુદા જુદા ડેપોમાંથી વધારાની બસ દોડાવવામાં આવશે. મુખ્યત્વે માહિમમાં આવેલા હાજી અલી દરગાહ તથા ગેટ-વે ઓફ ઈન્ડિયા, ભાયખલામાં આવેલા રાણીબાગ, જુહુ ચોપાટી માટે વધારાની બસ દોડાવવામાં આવશે.

બેસ્ટ ઉપક્રમ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ નેવી નગરથી જીજામાતા ઉદ્યાન માટે વધારાની ત્રણ, હુતાત્મા ચોકથી શિવાજી નગર ટર્મિનસ માટે ત્રણ, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી જે.વી.પી.ડી. બસ સ્ટોપ માટે ત્રણ, વરલીથી વેસાવે યારી રોડ સુધી વધારાની બે બસ, ધારાવી ડેપોથી મીરા રોડ સ્ટેશન માટે બે, ભાયખલા સ્ટેશન(પશ્ચિમ)થી ઑગસ્ટ ક્રાંતી મેદાન માટે ચાર વધારાની બસ, કોલાબા બસ ડેપોથી વરલી ડેપો વચ્ચે ત્રણ વધારાની બસ જુહુથી અંધેરી સ્ટેશન પશ્ચિમ માટે વધારાની બે, બોરીવલી સ્ટેશન (પશ્ચિમ) જુહુ બીચ વચ્ચે ત્રણ, સાંતાક્રુઝ સ્ટેશન

(જુઓ પાનું ૪) ▶▶

# સંસ્થા સમાચાર

## મુંબઈના ૮મા ધોરણના ત્રણ વિદ્યાર્થીઓએ કોડવોર ૬.૦માં બીજું સ્થાન મેળવ્યું



માહી સ્માતે અને ટીમ નિર્વાન મહેતા અને આરવ ચૌધરીએ પહેલા રિજનલ સ્પર્ધા અને પછી નેશનલ સ્પર્ધા જીત્યા બાદ ૧૬-૧૭મી મે ૨૦૨૫ના રોજ સૌથી મોટી આંતરરાષ્ટ્રીય રોબોટિક્સ સ્પર્ધામાં ભાગ લીધો.

.કોડવોર ૬.૦ દ્વારા દોહા કતાર ખાતે આયોજિત ટ્રેક ૧-ઈનોવેશન અને એન્ટ્રેપ્રેન્યોરશિપ જુનિયર કેટેગરિમા બીજું ઇનામ જીત્યું અને ટ્રોફી અને સિદ્ધિ પ્રમાણપત્રના હકદાર બન્યાં. તેઓએ પિક્ટો બ્લોક્સ કોડિંગ પ્લેટફોર્મ પર કામ કર્યું.

એઆઈ અને રોબોટની મદદથી આઈ-જીપીટી સ્ટ્રેબિસ્માસ, આંખોના મિસ એલાઇનમેન્ટ પર સારવારની વિવિધ રીતો અને તેનો ઉપચાર દર્શાવેલા.

સ્ટ્રેબિસ્માસ આંખોના મિસ એલાઇનમેન્ટ પર તેમના સંશોધનથી ૩ થી ૭ વર્ષની વય જૂથના બાળકોની બીમારીને દૂર કરવામાં ખૂબ મદદરૂપ થઈ શકે છે. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ૨૩ દેશો અને ૧૫૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો.

જેમાં, મુંબઈના જુહુ વિલે પાર્લે ખાતે આવેલી ઉત્પલ સંઘવી ગ્લોબલ સ્કૂલના માહી સ્માતે, નિર્વાન મહેતા અને આરવ ચૌધરીએ ટ્રોફી અને સિદ્ધિ પ્રમાણપત્ર પ્રાપ્ત કરીને શાળા અને દેશ માટે ગર્વની ક્ષણ ઉભી કરી છે.

## ધોરણ ૧૧ અને ૧૨ માટે શૈક્ષણિક સહાય

શ્રી ચંદાબેટીજી મહારાજ મદનમોહનજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સહાય માટે અરજી મગાવવામાં આવી રહી છે.

ધોરણ ૧૧ અને ૧૨મા અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે તેમના પેરન્ટ્સ અરજી કરી શકે છે. એના માટે વિદ્યાર્થીએ ૫૫ ટકા કે તેથી વધુ માર્ક્સ મેળવેલા હોવા જોઈએ. એનાથી ઓછા ટકા મેળવનાર વિદ્યાર્થીએ અરજી કરવી નહીં. આપેલી લિંક https://cbmmadanmohanlalji.org/form.php પરથી ફોર્મ ડાઉનલોડ કરવાનું રહેશે.

ફોર્મમાં જરૂરી વિગતો ભરીને ૩૧ જુલાઈ સુધી ટ્રસ્ટની ઑફિસમાં પોસ્ટ કે કુરિયર દ્વારા પહોંચાડવાનું રહેશે.

## ચાતુર્માસ પ્રવેશ

પ.પૂ. આધ્યત્મયોગી આ.દે. શ્રી વિ.કલાપૂર્ણસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન આત્મહિતદેશક પ.પૂ. ગુરુદેવ આ. ભ. શ્રી વિ.તીર્થભદ્રસૂરિશ્વરજી મ.સા.ના ઓજસ્વી પ્રવચનકાર શિષ્યો પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થતિલક વિજયજી આદિ થાણા-૬નો ચાતુર્માસ પ્રવેશ ૧૫ જૂને પંતનગર ઘાટકોપરમાં, પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થસુંદરવિજયજી આદિ થાણા-૫નો ચાતુર્માસ પ્રવેશ ૧૯ જૂને થાણાના નેવપાડા શ્રી વાગડવિસા ઓસવાલ શ્વે.મૂર્તિ, જૈન સંઘના મામા-ભાણેજ કલાપૂર્ણસૂરી આરાધના ભવનમાં, પ.પૂ. મુનિરાજ તીર્થચૈતન્યવિજયજી આદિ થાણા-૪નો ચાતુર્માસ પ્રવેશ ૧૯ જૂને મહારાષ્ટ્રના સોલાપુર શહેરમાં થશે.

## શ્રી વિશા ઓસવાલ મૂર્તિ જૈન સંઘ દહિસરમાં કુંભ સ્થાપના

પ.પૂ. આધ્યત્મયોગી આ. ભ. કલાપૂર્ણસૂરીજી મ.સા.ના શિષ્ય રત્ન પ.પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રી તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના સુશિષ્ય ઓજસ્વી પ્રવચનકાર મુનિરાજજી શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા. આદિ થાણા-૩ શ્રી સંઘમાં વિહાર કરતા પધાર્યા. ત્રણ દિવસની સ્થિરતામાં વ્યાખ્યાન, પ્રેરણાદાયી પ્રવચન અને કુંભસ્થાપનાની પ્રેરણા આપી.

શ્રીસંભવનાથ સ્વામી જૈન મંદિરમાં તેમણે સમાજની પ્રગતિ માટે કુંભસ્થાપના કરાવ્યું હતું.

## સંસ્કાર સિંચન ચાતુર્માસ

પ.પૂ. આધ્યત્મયોગી આ.દેવ શ્રી વિજય કલાપૂર્ણસૂરિશ્વરજી મ.સાહેબના શિષ્ય રત્ન પ્રશાંતમૂર્તિ પ.પૂ. ગુરુદેવ આ. ભગવંત શ્રી વિજય તીર્થભદ્રસૂરીશ્વરજી મ. સાહેબને ૧૬ વર્ષથી સતત એકધારી ચાતુર્માસ માટે વિનંતી કરનારા શ્રી ધાણીથર વિશા ઓસવાલ શ્વે. મૂર્તિ જૈન સંઘ ગામ ધાણીથર (તાલુકા રાપર કચ્છ)ની વિનંતી સ્વીકારી પ્રશાંતમૂર્તિ પ.પૂ. ગુરુ આ. ભગવંત શ્રી વિજય તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. પ.પૂ. પન્યાસ પ્રવર શ્રી તીર્થરતિવિજયજી મ.સા. ધાણીથર ગામના લાડલા પુત્રરત્ન પ.પૂ. શ્રી તીર્થરુચીવિજયજી મ.સા. તથા પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થઘોષવિજયજી મ.સા. આદિ થાણા-૧૭, પ.પૂ. સાધ્વીજી શ્રી તત્ત્વપૂર્ણાશ્રીજી મ.સા. ધાણીથર ગામની લાડલી સુપુત્રી પ.પૂ. સાધ્વીજી શ્રીપૂર્ણાશ્રેયાશ્રીજી મ.સા. આદિ થાણાનો 'સંસ્કાર સિંચન ચાતુર્માસ'નો પ્રવેશ ૧૦ જૂને મંગળવારે સવારે ૮ કલાક થશે.

## શ્રી વિસા સોરઠિયા વણિક 'યુવક મંડળ'ની કારોબારી સમિતિ

૧૯૮૫માં યુવકો દ્વારા સ્થપાયેલા શ્રી વિસા સોરઠીયા વણિક 'યુવક મંડળ' કાંદિવલીની ૨૦૨૫-૨૦૨૭ વર્ષની નવી કારોબારી સમિતિ નિમવામાં આવી છે. આ મંડળ સતત ૨૩ વર્ષથી મુખ્ય દાતાના સહયોગથી રાહતદરે નોટબુકનું વિતરણ કરે છે.


## કેપિટલ ગેઈન વિશે માર્ગદર્શન સત્રનું આયોજન

ઑલ ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ દ્વારા કેપિટલ ગેઈન વિષય ઉપર કાઉન્સિલના સભ્યો માટે માર્ગદર્શન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. કેપિટલ ગેઈનની ગણતરી કઈ રીતે કરવી અને નવા-જૂના ટૅક્સની આકારણી કઈ રીતે કરવી એ વિશે સચોટ માહિતી આપવામાં આવી.

## 'કવિતાનો કંસાર'નું સમાપન

કલાગુર્જરી અને આનંદમયી ફાઉન્ડેશનના સથવારે 'કવિતાનો કંસાર' કાર્યક્રમ ૩૧ મેએ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ કવિઓએ પોતાની રચનાઓ રજૂ કરી હતી. સુંદર રચનાઓ સાંભળીને હાજર શ્રોતાઓ અને સાહિત્યપ્રેમીઓએ તેમને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધા હતા. તમામ કવિઓને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# બેંગલૂરુની દુર્ઘટનાના કિસ્સામાં વિરાટ કોહલી વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ



બેંગલૂરુ: બુધવારે અહીં એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની નજીક રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના ચૅમ્પિયનપદના સેલિબ્રેશન વખતે થયેલી નાસભાગ અને ધક્કામુક્કીની દુર્ઘટનાના કિસ્સામાં એચ. એમ. વેન્કટેશ નામના વરિષ્ઠ સામાજિક કાર્યકરે વિરાટ કોહલી વિરુદ્ધ કબ્બન પાર્ક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

કબ્બન પાર્ક પોલીસ સ્ટેશનમાં ક્રાઇમ નંબર ૧૨૩/૨૦૨૫ હેઠળ અગાઉ વેન્કટેશ દ્વારા જે ફરિયાદ કરવામાં આવી હતી એમાં તેમની આ નવી ફરિયાદ જોડી દેવામાં આવી છે. બુધવારની ધક્કામુક્કીની ઘટનામાં ૧૧ જણે જીવ ગુમાવ્યા હતા અને અનેક ઘાયલ થયા હતા. પોલીસમાં થઈ રહેલી ફરિયાદો પરથી સ્પષ્ટ થાય છે કે સ્થાનિક પોલીસ વિરાટ કોહલી વિરુદ્ધ થયેલી ફરિયાદને પણ ગંભીરતાથી લઈ રહી છે.

જોકે કોહલી વિરુદ્ધની ફરિયાદ કેવા પ્રકારની છે એ હજી સ્પષ્ટ નથી કરાયું.

બેંગલૂરુના નાસભાગના બનાવમાં ત્રણ એફઆઇઆર નોંધવામાં આવી છે. સી. વેણુ નામનો વિદ્યાર્થી ઘાયલ થયો હતો. એફઆઇઆર મુજબ છ નંબરના ગેટ પર મોટા પાયે ભાગદોડ થતાં બેરિકેટ પડતાં તેના (વેણુના) પગમાં ગંભીર ઈજા થઈ હતી. વેણુએ આરોપ મૂક્યો છે કે આરસીબી, કાર્યક્રમના આયોજક ડીએનએ એન્ટરટેઇનમેન્ટ તથા કર્ણાટક સ્ટેટ ક્રિકેટ ઍસોસિયેશન લોકોની ભીડને નિયંત્રિત કરવામાં નિષ્ફળ રહ્યા હતા, પૂરતી સુરક્ષા વ્યવસ્થા નહોતી કરી. સોશિયલ મીડિયામાં ભ્રામક જાણકારી અપાઈ હોવાનું પણ ફરિયાદમાં લખાયું છે. એમાં એવો દાવો કરાયો હતો કે વિના ટિકિટે પ્રવેશ આપવામાં આવશે જેને કારણે હજારો ક્રિકેટપ્રેમીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા.

# બુમરાહ કઈ ત્રણ ટેસ્ટ રમશે? હેડ-કોચ ગૌતમ ગંભીર કહે છે કે 'અમે હવે પછી નક્કી કરીશું'



મુંબઈ: ભારતની ઇંગ્લૅન્ડ સામેની પાંચ મૅચવાળી આગામી ટેસ્ટ-સિરીઝ ૨૦મી જૂને શરૂ થશે, પરંતુ ભારતનો સર્વોત્તમ બોલર અને ટેસ્ટ જગતનો નંબર-વન જસપ્રીત બુમરાહ આ પાંચમાંથી કઈ ત્રણ ટેસ્ટ રમશે એ હજી નક્કી નથી થયું.

બુમરાહ પાંચેય નહીં, પણ ત્રણ જ ટેસ્ટ રમશે એ ઘણા દિવસથી નક્કી છે, પરંતુ હેડ-કોચ ગૌતમ ગંભીરે ઇંગ્લૅન્ડનો પ્રવાસ શરૂ થતાં પહેલાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું છે કે 'ઇંગ્લૅન્ડ સામેની આગામી ટેસ્ટ-શ્રેણીમાં બુમરાહ કઈ ત્રણ ટેસ્ટ રમશે એ હજી નક્કી નથી. અમારી મીટિંગમાં એ વિશે હજી નિર્ણય નથી લેવાયો. અમે (ગંભીર અને કૅપ્ટન શુભમન ગિલ) આ બાબતમાં બુમરાહ સાથે ચર્ચા કરવાના છીએ. સિરીઝની પરિણામ કઈ દિશામાં જઈ શકે એને ધ્યાનમાં લઈને અમે અંતિમ નિર્ણય લઈશું. મને ખાતરી છે કે આ બાબત તેના ધ્યાનમાં હશે જ.'

ગયા મહિને ચીફ સિલેક્ટર અજિત આગરકરે ટીમની જાહેરાત કરતી વખતે પત્રકારોને જણાવ્યું હતું કે 'બુમરાહ વિશે વર્ક-લૉડ મૅનેજમેન્ટને ધ્યાનમાં લેતાં તેને વધુપડતી ટેસ્ટ રમાડવાનું જોખમ ન લેવું જોઈએ એવી મેડિકલ સ્ટાફે સલાહ આપી છે.'

બુમરાહને જાન્યુઆરીમાં સિડનીમાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં પીઠની ઈજા નડી હતી. ત્યાર પછી તે નહોતો રમી શક્યો અને છેક આઇપીએલની ચાર મૅચ બાદ ફરી મેદાન પર ઊતર્યો હતો.

ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝના બીજા ચાર સ્પેશિયલિસ્ટ પેસ બોલરમાં મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, આકાશ દીપ અને અર્શદીપ સિંહનો સમાવેશ છે. નીતીશ કુમાર રેડ્ડી અને શાર્દુલ ઠાકુર ટીમમાં બીજા બે સીમ બોલિંગ ઑલરાઉન્ડર છે.

ગંભીરે પત્રકારોને એવું પણ કહ્યું કે 'મેં ચૅમ્પિયન્સ ટ્રોફી (જે ભારતે બુમરાહ વગર જીતી લીધી હતી) દરમ્યાન પણ કહ્યું હતું કે બુમરાહની ગેરહાજરીમાં જો કોઈ પેસ બોલરને રમવા મળે તો તેણે એ તકનો લાભ લઈ લેવો જોઈએ. બુમરાહ ઉત્કૃષ્ટ ફાસ્ટ બોલર છે, પણ ભારત પાસે પેસ ટૅલન્ટની તંગી નથી.'

રોહિત શર્મા, વિરાટ કોહલી અને આર. અશ્વિનની નિવૃત્તિ પછી ભારતની આ પહેલી જ ટેસ્ટ-શ્રેણી છે.

# બે વર્લ્ડ કપ જીતનાર પીઢ સ્પિનર પીયૂષ ચાવલાએ બે દાયકાની કરીઅરને છેવટે ગુડબાય કરી

### ડોમેસ્ટિક ક્રિકેટમાં ૪૪૬ વિકેટ લીધી અને ૫,૪૮૬ રન કર્યા

નવી દિલ્હી: પીઢ લેગ-સ્પિનર પીયૂષ ચાવલાએ બે દાયકાની લાંબી કારકિર્દી બાદ છેવટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. ભારત ૨૦૦૭માં જે ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧માં વન-ડે વર્લ્ડ કપ જીત્યું હતું ત્યારે ભારતીય ટીમમાં ચાવલાનો સમાવેશ હતો. તેણે શાનદાર કરીઅર બદલ તેના પરિવારજનો, આઇપીએલની ટીમોનો અને ચાહકોનો આભાર માન્યો છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં તે ઉત્તર પ્રદેશ વતી રમ્યો હતો.

ચાવલાએ જણાવ્યું હતું કે 'મારા પિતાએ મને ક્રિકેટમાં પગદંડો જમાવવા જે સપોર્ટ કર્યો હતો એને કારણે જ હું એક મૅચમાં ૧૬ વર્ષની ઉંમરે સચિન તેન્ડુલકરની વિકેટ લઈને અને વિશ્વ સ્તરે અસરદાર બોલિંગ સ્પેલ રજૂ કરીને મજબૂત કારકિર્દીનો પાયો નાખી શક્યો હતો.'

ચાવલા આઇપીએલમાં કિંગ્સ ઇલેવન પંજાબ, ચેન્નઈ સુપર કિંગ્સ, કોલકાતા નાઇટ રાઇડર્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વતી રમ્યો હતો. આઇપીએલના ઇતિહાસમાં તેની ૧૯૨ વિકેટ ચોથા નંબરે છે.

### ભારત વતી ૧૩ વર્ષથી નહોતું રમવા મળ્યું



ગૂગલી અને ઝડપી બૉલ ફેંકીને બૅટ્સમૅનને મુશ્કેલીમાં મૂકવા માટે જાણીતા પીયૂષ ચાવલાને ભારત વતી માત્ર ત્રણ ટેસ્ટ, પચીસ વન-ડે અને સાત ટી-૨૦ રમવાનો મોકો મળ્યો હતો.

જોકે ભારત વતી તેને (૨૦૧૨ બાદ) ૧૩ વર્ષથી નહોતું રમવા મળ્યું. છેલ્લે તે ડિસેમ્બર, ૨૦૧૨માં વાનખેડે સ્ટેડિયમમાં ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦માં રમ્યો હતો.

ફર્સ્ટ -ક્લાસ ક્રિકેટમાં તેણે નવેમ્બર, ૨૦૨૪ સુધી રમવાનું ચાલુ રાખ્યું હતું. હવે તે ઘણી વાર કૉમેન્ટરી-બૉક્સમાં જોવા મળે છે.

### ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૪૪૬ વિકેટ લીધી

પીયૂષ ચાવલા ૩૬ વર્ષનો છે. તેણે ટૂંકી આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં કુલ માત્ર ૪૩ વિકેટ લીધી હતી, પરંતુ રણજી ટ્રોફી સહિતની ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં તેનો પર્ફોર્મન્સ દમદાર હતો. તેણે ૧૩૭ મૅચમાં કુલ ૨૬,૬૮૬ બૉલ ફેંકીને ૧૪,૬૪૧ રનના ખર્ચે ૪૪૬ વિકેટ લીધી હતી. ત્રણ વખત તેણે મૅચમાં ૧૦ કે વધુ વિકેટ અને ૨૩ વખત દાવમાં પાંચ કે વધુ વિકેટ લીધી હતી. ૪૬ રનમાં છ વિકેટ તેનો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ હતો.

એટલું જ નહીં, તેણે ઘણી વખત ઑલરાઉન્ડરની ભૂમિકા પણ ભજવી હતી અને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં તેણે છ સેન્ચુરી તથા ૩૬ હાફ સેન્ચુરીની મદદથી ૭,૮૧૯ બૉલમાં કુલ ૫,૪૮૬ રન કર્યા હતા.

# ૧૨ વર્ષે ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં નંબર-વન વિરુદ્ધ નંબર-ટૂ

### ૨૦૧૩માં શારાપોવાને હરાવીને સેરેના ચૅમ્પિયન બની હતી: શનિવારે કૉકો-સબાલેન્કા વચ્ચે ટક્કર



પૅરિસ: ફ્રેન્ચ ઓપન ટેનિસમાં શનિવારે અમેરિકાની ૨૧ વર્ષીય કૉકો ગૉફ અને બેલારુસની ૨૭ વર્ષની અરીના સબાલેન્કા વચ્ચે મહિલાઓની સિંગલ્સની ફાઇનલ રમાશે અને એ સાથે ૧૨ વર્ષ બાદ ફરી એક વખત આ ચૅમ્પિયનશિપના નિર્ણાયક મુકાબલામાં વર્લ્ડ નંબર-વન અને વર્લ્ડ નંબર-ટૂ ખેલાડી વચ્ચે ટક્કર થશે.

૨૦૧૩માં ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં નંબર-વન અને નંબર-ટૂ અનુક્રમે સેરેના વિલિયમ્સ અને મારિયા શારાપોવા વચ્ચે ફાઇનલ રમાઈ હતી જેમાં સેરેનાએ એક કલાક અને ૪૬ મિનિટ સુધી ચાલેલી એ મૅચમાં ૬-૪, ૬-૪થી વિજય મેળવ્યો હતો. ત્યારે સેરેનાનું એ બીજું ફ્રેન્ચ ઓપન ટાઇટલ હતું.

જોકે વર્લ્ડ નંબર-વન સબાલેન્કાને અને નંબર-ટૂ કૉકો ગૉફને પહેલી વાર ફ્રેન્ચ ઓપન જીતવાનો મોકો મળ્યો છે. કુલ ત્રણ ગ્રૅન્ડ સ્લૅમ સિંગલ્સ ટાઇટલ જીતી ચૂકેલી સબાલેન્કાને ૨૦૨૩ની યુએસ ઓપનની ફાઇનલમાં કૉકોએ જ હરાવીને ટાઇટલ જીતી લીધું હતું એટલે હવે સબાલેન્કાને તેની સામે શનિવારે એ હારનો બદલો લેવાની તક છે.

સેમિ ફાઇનલમાં સબાલેન્કાએ ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ઇગા સ્વૉન્ટેકને ૭-૧, ૪-૬, ૬-૦થી હરાવી દીધી હતી, જ્યારે બીજી સેમિમાં કૉકોનો વિશ્વની ૩૬૧મા નંબરની ફ્રાન્સની લૉઇસ બૉઇસનને ૬-૧, ૬-૨થી પરાજિત કરીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

સબાલેન્કા અને કૉકો વચ્ચે ૧૦ મુકાબલા થઈ ચૂક્યા છે અને બન્ને પ્લેયર ૫-૫થી બરાબરીમાં છે. શનિવારે તેમની વચ્ચે નવો હિસાબ શરૂ થશે. હજી ગયા મહિને મૅડ્રિડ ઓપનમાં સબાલેન્કાએ કૉકોને હરાવી હતી.

# પુજારાની વિકેટ એટલે માથાનો દુખાવો, મારો ચહેરો બદલાઈ જતો: રોહિત

મુંબઈ: ચેતેશ્વર પુજારાની પત્ની પૂજાએ લખેલા પુસ્તક 'ધ ડાયરી ઑફ અ ક્રિકેટર્સ વાઇફ'ના ગુરુવારે મુંબઈમાં અનાવરણ પ્રસંગે ભૂતપૂર્વ ટેસ્ટ ખેલાડી રોહિત શર્માએ કહ્યું હતું કે 'મને બરાબર યાદ છે, જુનિયર ક્રિકેટના દિવસોમાં અમે (મુંબઈની ટીમ) જ્યારે સૌરાષ્ટ્ર સામે રમતા ત્યારે પુજારાને કેવી રીતે આઉટ કરવો મોટા ભાગે એ જ ચર્ચા અમારી ટીમ મીટિંગોમાં થતી હતી અને જો અમે તેને આઉટ નહોતા કરી શકતા તો પછી અમારે પરાજય જોવો પડતો હતો.'

પુજારા ૩૭ વર્ષનો છે. તેને બે વર્ષથી ભારત વતી નથી રમવા મળ્યું. રોહિત શર્મા અને વિરાટ કોહલી ટેસ્ટમાંથી નિવૃત્ત થઈ જતાં તેને ફરી રમવાનો મોકો મળશે એવું માનવામાં આવતું હતું, પરંતુ ઇંગ્લૅન્ડ સામેની આગામી સિરીઝમાં પણ તેને તક નથી અપાઈ.

રોહિતે જુનિયર ક્રિકેટની વાત કરતા વધુમાં કહ્યું હતું કે 'હું ૧૪ વર્ષનો હતો અને પુજારાની સૌરાષ્ટ્રની ટીમ સામે રમતો ત્યારે તે અમને એટલો બધો થકવી નાખતો કે વાત ન પૂછો. તે બે-ત્રણ દિવસ બૅટિંગ કરતો અને અમે સૂરજની અસહ્ય ગરમીમાં ફીલ્ડિંગ કરતા રહેતા હતા. મારી મમ્મી મને કહેતી કે તું ઘરેથી જાય છે ત્યારે તારો ચહેરો જેવો હોય છે એની તુલનામાં તું અઠવાડિયા બાદ રમીને પાછો આવે ત્યારે સાવ બદલાઈ ગયો હોય છે. હું તેમને કહેતો કે જુઓને, ચેતેશ્વર પુજારા નામનો બૅટ્સમૅન ત્રણ-ત્રણ દિવસ સુધી બૅટિંગ કર્યા કરે તો અમે શું કરીએ?'



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) આકાશ કાપુરી | ૧૬ | ૪૦,૦૦૦ |
| ૨) સરોજ દેવી | ૫૪ | ૨૦,૦૦૦ |
| ૩) બાબુલાલ મિસ્ત્રી | ૬૧ | ૨૫,૦૦૦ |
| ૪) રેખાબાઈ ધનરાજ સુરવાડે | ૩૮ | ૫૦,૦૦૦ |
| ૫) અરુણ રામચંદ્ર કમ્બલે | ૨૭ | ૨૫,૦૦૦ |
| ૬) રિના બિસ્વાસ | ૪૩ | ૧,૫૦,૦૦૦ |
| ૭) સંધ્યા દાસ | ૪૪ | ૪૦,૦૦૦ |
| ૮) સ્વર્ગ રાની | ૬૨ | ૪૦,૦૦૦ |
| ૯) આશા જરસ્વાલ | ૪૩ | ૮૦,૦૦૦ |
| ૧૦) માનીક દાસ | ૫૫ | ૩૨,૦૦૦ |
| ૧૧) તાપન ઘોષ | ૪૯ | ૩૦,૦૦૦ |
| ૧૨) રામકેવાલ ચૌહાણ | ૪૪ | ૨,૦૦,૦૦૦ |
| ૧૩) નેતાઈ મલ્લિક | ૫૭ | ૪૦,૦૦૦ |
| ૧૪) ત્રિશણા બર્મન | ૧૮ | ૨,૦૦,૦૦૦ |
| ૧૫) તારાની સેન | ૫૧ | ૨,૧૦,૦૦૦ |
| ૧૬) વજ્જવળ મિડયા | ૩૮ | ૧,૫૦,૦૦૦ |
| ૧૭) પવન યાદવ | ૫૫ | ૪૦,૦૦૦ |
| ૧૮) લતિકા રોય ચૌધરી | ૫૩ | ૨,૬૦,૦૦૦ |
| ૧૯) અસલતા લેટ | ૫૭ | ૨૫,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૨૦) આરુષ શ્રીકાંત ધોને | ૦૨ | ૪,૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# ભારત-ઈંગ્લૅન્ડ ટેસ્ટ સિરીઝ હવે 'ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી'ના નામે રમાશે

### અગાઉ બન્ને દેશ વચ્ચેની શ્રેણી 'પટૌડી ટ્રોફી' તરીકે રમાતી હતી

લીડ્સ: ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતો સચિન તેન્ડુલકર નિવૃત્ત થયો એને ૧૨ વર્ષ થઈ ગયા એમ છતાં દેશના કરોડો ક્રિકેટપ્રેમીઓના દિલો-દિમાગમાં તેની પ્રતિભા અગાઉ જેવી જ અકબંધ છે અને હવે તો એક ટ્રોફીને તેનું નામ મળી રહ્યું હોવાથી તેનું નામ સદા ગૂંજતું રહેશે. વાત એવી છે કે હવેથી ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચેની ટેસ્ટ સિરીઝ સચિન તેન્ડુલકર અને જેમ્સ ઍન્ડરસનના નામે ઓળખાશે.

ભારત-ઈંગ્લૅન્ડ ટેસ્ટ સિરીઝ અત્યાર સુધી 'પટૌડી ટ્રોફી' તરીકે ઓળખાતી હતી. જોકે હવેથી 'ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી' તરીકે ઓળખાશે.

અત્યાર સુધી આ સિરીઝ ભારતના બે ભૂતપૂર્વ કેપ્ટન ઇફ્તિખાર અલી ખાન પટૌડી અને તેમના પુત્ર મન્સૂર અલી ખાન પટૌડીના નામ પરથી 'પટૌડી ટ્રોફી'ના નામે ઓળખાતી હતી. ભારતમાં ઈંગ્લૅન્ડ સામેની ટેસ્ટ શ્રેણી વખતે આ ટ્રોફી 'ઍન્થની ડિ'મેલો ટ્રોફી' તરીકે જાણીતી હતી. ઍન્થની ડિ'મેલો બીસીસીઆઈના સ્થાપકોમાંથી એક હતા.

### ટ્રોફીનું બુધવાર, ૧૧મીએ બપોરે અનાવરણ

એવું જાણવા મળ્યું છે કે ૧૧મી જૂને લૉર્ડ્સમાં ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઈનલના પ્રસંગે સચિન તેન્ડુલકર અને જેમ્સ ઍન્ડરસન પોતાના નામવાળી ટ્રોફીનું અનાવરણ કરશે. આ ફાઈનલ મૅચ ૧૧મી જૂને ભારતીય સમય મુજબ બપોરે ૩.૩૦ વાગ્યે શરૂ થશે.

### બન્ને લેજન્ડની કરીઅર પર એક નજર

સચિને ૨૪ વર્ષની ટેસ્ટ કારકિર્દીમાં હાઈએસ્ટ ૨૦૦ ટેસ્ટ રમીને સૌથી વધુ ૧૫,૯૨૧ રન કર્યા હતા જેમાં હાઈએસ્ટ ૫૧ સેન્ચુરી સામેલ હતી. ઈંગ્લૅન્ડના ફાસ્ટ બોલર જેમ્સ ઍન્ડરસને ૨૧ વર્ષની કરીઅરમાં ૧૮૮ ટેસ્ટ રમીને ૭૦૪ વિકેટ લીધી હતી જે વિશ્વભરના પેસ બોલર્સમાં હાઈએસ્ટ છે.

### ભારત-ઈંગ્લૅન્ડ સિરીઝ ૨૦મી જૂનથી

ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચે પાંચ મૅચની ટેસ્ટ સિરીઝ ૨૦મી જૂને શરૂ થશે. પ્રથમ ટેસ્ટ લીડ્સમાં હેડિંગ્લી ગ્રાઉન્ડ પર રમાશે.

### બીજી બે ટ્રોફીને લેજન્ડ્સના નામ મળ્યા છે

ઉલ્લેખનીય છે કે ઈંગ્લૅન્ડ અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની ટેસ્ટ સિરીઝ 'ક્રો-થોર્પ ટ્રોફી'ના નામે ઓળખાય છે, જયારે ભારત-ઑસ્ટ્રેલિયા સિરીઝ 'બોર્ડર-ગાવસકર ટ્રોફી'ના નામે રમાય છે.

# રિઝર્વ બૅન્કનો જમ્બો રેટ કટનો બુસ્ટર ડૉઝઃ સેન્સેક્સમાં ૭૪૭ પૉઈન્ટની રેલી, નિફ્ટીએ ૨૫૨ પૉઈન્ટની તેજી સાથે ફરી ૨૫,૦૦૦ની સપાટી અંકે કરી

## એફઆઈઆઈની ₹ ૧૦૦૯ કરોડની અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ₹ ૯૩૪૨ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે નાણાનીતિની સમીક્ષાની ત્રણ દિવસીય બેઠકનાં અંતે આશ્ચર્ય સર્જતા રિપો રેટમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરવાની સાથે આર્થિક વૃદ્ધિને ટેકો આપવા માટે કેશ રિઝર્વ રેશિયોમાં ૧૦૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે વ્યાજદરથી સંવેદનશીલ એવા બૅન્કિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રના શૅરોમાં વ્યાપક લેવાલી નીકળતા સેન્સેક્સમાં એક તબક્કે જોવા મળેલો ૩૦૧.૯૩ પૉઈન્ટનો અને નિફ્ટીમાં જોવા મળેલો ૭૯.૪૫ પૉઈન્ટનો ઘટાડો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે સેન્સેક્સ ૭૪૬.૯૫ પૉઈન્ટના સુધારા સાથે અને નિફ્ટી ૨૫૨.૧૫ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહેવાની સાથે પુનઃ ૨૫,૦૦૦ની સપાટી અંકે કરી હતી. વધુમાં રિઝર્વ બૅન્કની નીતિ સ્પષ્ટપણે વૈશ્વિક પડકારો સામે વૃદ્ધિલક્ષી અને રોકાણલક્ષી હોવાનું જણાતા આજે સાર્વત્રિક સ્તરેથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાથી બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં માત્ર ઈન્ડસ્ટ્રિયલ અને કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આ સિવયના તમામ ઈન્ડાઈસીસ વધીને બંધ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં ૭૩૭.૯૮ પૉઈન્ટ અથવા તો ૦.૯ ટકાનો અને નિફ્ટીમાં ૨૫૨.૩૫ પૉઈન્ટ અથવા તો એક ટકાનો સુધારો જોવા મળ્યો છે.

વધુમાં રિઝર્વ બૅન્કના આ નિર્ણયને પગલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૫,૨૦૮.૪૩ કરોડની ખરીદી સામે રૂ. ૧૪,૧૯૮.૭૨ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૦૦૯.૭૧ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. તેમ જ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૯૩૪૨.૪૮ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૧,૪૪૨.૦૪ના બંધ સામે સાધારણ નરમાઈ સાથે ૮૧,૪૩૪.૨૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૧,૧૪૦.૧૧ અને ઉપરમાં ૮૨,૨૯૯.૮૯ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૭૪૬.૯૫ પૉઈન્ટ અથવા તો ૦.૯૨ ટકા વધીને ૮૨,૧૮૮.૯૯ની સપાટીએ બંધ રહ્યો હતો. તેમ જ નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૭૫૦.૯૦ના બંધ સામે ૨૪,૭૪૮.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૬૭૧.૪૫ અને ઉપરમાં ૨૫,૦૨૯.૫૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૨૫૨.૧૫ પૉઈન્ટ અથવા તો ૧.૦૨ ટકા વધીને ૨૫,૦૦૩.૦૫ના મથાળે બંધ રહ્યો હતો.

રિઝર્વ બૅન્કની નાણાનીતિની સમીક્ષાની બેઠકની ફળશ્રુતિ પૂર્વે એકંદરે આજે બજારમાં સત્રના આરંભે સાવચેતીનું વલણ જોવા મળ્યું હતું, પરંતુ રિપો રેટમાં ૫૦ બેસિસ પૉઈન્ટની અને કેશ રિઝર્વ રેશિયોમાં ૧૦૦ બેસિસ પૉઈન્ટની કપાતની જાહેરાતની સાથે જ બજારે યુ ટર્ન લઈને સુધારાતરફી માર્ગ અપનાવ્યો હતો. જોકે, ત્યાર બાદનાં સત્રમાં બજાર રેન્જ બાઉન્ડ રહી હોવાનું રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગનાં સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી




દિવસોમાં પણ રિઝર્વ બૅન્કના આ નિર્ણયની બજાર પર સકારાત્મક અસર જોવા મળી શકે છે. ખાસ કરીને વ્યાજસંવેદનશીલ શૅરો ઉપરાંત રેલવે જેવાં ક્ષેત્રના શૅરો પણ રોકાણકારોનાં રડાર પર રહી શકે છે.

હાલનાં તક્કે અર્થતંત્ર સામે ખાસ કરીને અમેરિકી ટૅરિફની નીતિ અને વૈશ્વિક વેપારમાં તણાવ તેમ જ ભૂરાજકીય જેવાં પડકારજનક બાહ્ય પરિબળોના જોખમો હોવાથી સ્થાનિક આર્થિક વૃદ્ધિને ધ્યાનમાં લેતા હળવી નાણાનીતિ આવશ્યક હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર ધિરજ રિલ્લીએ જણાવતાં ઉમેર્યું હતું કે પ્રવાહિતામાં વધારો થવાની સાથે ધિરાણ ખર્ચમાં ઘટાડો થવાથી આર્થિક વૃદ્ધિ જળવાયેલી રહેશે અને બજારમાં પણ સુધારાને ટેકો મળશે. રિઝર્વ બૅન્કના આ નિર્ણયથી રોકાણકારોમાં વિશ્વાસનો પુનઃ સંચાર થયો હોવાથી આજે ખાસ કરીને વ્યાજ સંવેદનશીલ શૅરોમાં રોકાણકારોએ આક્રમક લેવાલી જોવા મળી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે આ બુસ્ટર ડૉઝથી ભારતીય ઈક્વિટી માર્કેટ હાલની ટ્રેડિંગ રેન્જમાંથી બહાર આવ્યું છે અને નિફ્ટીએ ફરી ૨૫,૦૦૦ની સપાટી અંકે કરી છે અને હવે આગળ મહત્ત્વનું લેવલ ૨૬,૨૦૦ હોઈ શકે.

દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૪૧૫૬ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૧૯૪ શૅરના ભાવ વધીને, ૧૮૩૨ શૅરના ભાવ ઘટીને અને ૧૩૨ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૧૯ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૪૩ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે રહ્યા હતા, જેમાં પાંચ શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર ભારતી એરટેલમાં ૦.૪૯ ટકાનો અને સનફાર્મામાં ૦.૨૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાયના તમામ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા. જેમાં સૌથી વધુ ૪.૯૩ ટકાનો ઉછાળો બજાજ ફાઈનાન્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એક્સિસ બૅન્કમાં ૩.૧૫ ટકાનો, મારુતિમાં ૨.૭૭ ટકાનો, ઈન્ડ્સઈન્ડ બૅન્કમાં ૨.૫૦ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૨.૩૬ ટકાનો અને ઈટર્નલમાં ૨.૧૦ ટકાનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૪૬ શૅરના ભાવ વધીને અને ચાર શૅરના ભાવ ઘટીને બંધ રહ્યાના અહેવાલ હતા. તેમ જ આજે બીએસઈ ખાતેનાં મિડકેપ ઈન્ડેક્સ ૦.૯૧ ટકાના અને સ્મોલકેપ ઈન્ડેક્સ પણ ૦.૪૩ ટકાના સુધારા સાથે રહ્યા હતા.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૪.૭૪ ટકાનો ઉછાળો આ વ્યો હતો. આ સિવાય ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન્ડેક્સમાં ૧.૭૯ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૧.૫૬ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૧.૫૦ ટકાનો, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સમાં ૧.૩૮ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૩૦ ટકાનો બૅન્કેક્સમાં ૧.૨૫ ટકાનો સુધારો આવ્યો હતો. જોકે, આજે માત્ર ઈન્ડસ્ટ્રિયલ અને કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં જ ઘટાડો જોવા મળ્યો હતો.

આજે વિશ્વ બજારમાં ખાસ કરીને એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઈ કોમ્પોઝિટ ઈન્ડેક્સ સુધારા સાથે બંધ રહ્યો હતો, જ્યારે હૉંગકૉંગનો હૅંગસૅંગ નરમાઈના ટોને બંધ રહ્યો હતો. જોકે, યુરોપના બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

# રિઝર્વ બૅન્કે આશ્ચર્યજનક રેટ કટ કરતાં ડૉલર સામે રૂપિયામાં ૧૩ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે આર્થિક વૃદ્ધિદરને ટેકો આપવા માટે રિપો રેટમાં આશ્ચર્યજનક રીતે અપેક્ષા કરતાં વધુ ૫૦ બેસિસ પૉઈન્ટનો અને કેશ રિઝર્વ રેશિયોમાં ૧૦૦ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કર્યો હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસાના સુધારા સાથે ૮૫.૬૬ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, રિઝર્વ બૅન્કના આ નિર્ણયની સાથે ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાને કારણે રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૯૧ની સપાટીએ ખૂલ્યા બાદ નીચામાં ૮૬ અને ઉપરમાં ૮૫.૬૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૩ પૈસા વધીને ૮૫.૬૬ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો આઠ પૈસા વધીને બંધ રહ્યો હતો. હાલમાં ભૂરાજકીય અને ટેરિફની અનિશ્ચિતતા જેવા પડકારો હોવાથી આર્થિક વૃદ્ધિ તેમ જ બજારમાં પ્રવાહિતા વધારવા માટે રિઝર્વ બૅન્કે આજે રિપો રેટમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો અને કેશ રિઝર્વ રેશિયોમાં ૧૦૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકીને બજારમાં આશ્ચર્ય સર્જ્યુ હતું. તેમ જ વર્તમાન નાણાકીય વર્ષ માટે ૬.૫૦ ટકાના જીડીપી વૃદ્ધિદરનો અંદાજ જાળવી રાખ્યો હતો. આ ઉપરાંત નાણાનીતિ માટે હાલનું વલણ જે સુસંગત અથવા તો એકોમોડેટિવ હતું તે બદલીને તટસ્થ અથવા તો ન્યૂટ્રલ રાખવામાં આવ્યું હોવાનું રિઝર્વ બૅન્કના ગવર્નર મલ્હોત્રાએ જણાવ્યું હતું.

રિઝર્વ બૅન્કના આ નિર્ણયને આવકારતા યુટીઆઈ એએમસીનાં ફિક્સ્ડ ઈન્કમ વિભાગના હેડ અનુરાગ મિત્તલે જણાવ્યું હતું કે રિઝર્વ બૅન્કે નીતિનાં વલણમાં બદલાવ કર્યો હોવાથી હવે નજીકના ભવિષ્યમાં રેટ કટની શક્યતાઓ ઓછી થઈ છે.

સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૪૬.૯૫ પૉઈન્ટનો અને ૨૫૨.૧૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

# સોનામાં નફારૂપી વેચવાલીએ ₹ ૧૦૧૮ની પીછેહઠ, ચાંદી વધુ ₹ ૬૧૦ ઉછળી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શિ જિનપિંગ વચ્ચેની વેપાર અંગેની વાટાઘાટોનો આશાવાદ ફળીભૂત ન થવાની સાથે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાનાં રોજગારીના ડેટા પર હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીમાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૬૧૦નો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૧૪થી ૧૦૧૮નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે વૈશ્વિક બજારમાં ખાસ કરીને ચાંદીમાં આક્રમક લેવાલી રહેતાં ભાવ વધીને ઔંસદીઠ ૩૬ ડૉલરની સપાટી પાર કરી ગયાના અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની જળવાઈ રહેલી સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ વધુ કિલોદીઠ રૂ. ૬૧૦ના ઉછાળા સાથે રૂ. ૧,૦૫,૨૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની વેચવાલી તથા જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ શુષ્ક રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૧૪ ઘટીને રૂ. ૯૬,૭૫૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૧૮ ઘટીને રૂ. ૯૭,૧૪૫ના મથાળે રહ્યા હતા.



દરમિયાન ટ્રેડ વૉરની ચિંતા હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦. ૨ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૩૩૫૯.૨૬ ડૉલર અને ૩૩૮૨.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં હાજરમાં સોનાના ભાવમાં ૨.૧ ટકાનો વધારો નોંધાયો છે. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના વધ્યા મથાળેથી સાધારણ ૦.૧ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૬.૧૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ટ્રમ્પ અને શિ જિનપિંગની ફોન પર થયેલી વાતચીતમાં મહત્ત્વના ખનીજ બાબતના વેપારની વાટાઘાટોમાં વિવાદ થવાની સાથે અન્ય મુદ્દાઓ પર પણ કોઈ નિરાકરણ ન થયું હોવાના અહેવાલો સાથે ટ્રેડ વૉર વકરે તેવી ભીતિ સપાટી પર આવતા આજે સોનાના ભાવમાં સુધારાને ટેકો મળ્યો હોવાનું કેસીએમ ટ્રેડનાં વિશ્લેષક ટીમ વૉટરરે જણાવ્યું હતું.

વધુમાં ગત સપ્તાહે અમેરિકા ખાતે રોજગારી ભથ્થું મેળવવા માટેના અરજદારોની સંખ્યા વધીને સાત મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હતી. જોકે, હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ છે. રૉઈટર્સના સર્વેક્ષણમાં અર્થશાસ્ત્રીઓએ મે મહિનામાં નોન ફાર્મ પે રૉલમાં રોજગારોની સંખ્યામાં ૧.૩૦ લાખનો વધારો થવાનો અને બેરોજગારીનો દર ૪.૨ ટકાના સ્તરે રહેવાનો અંદાજ મૂક્યો છે.

અગાઉ અમેરિકી ફેડરલ રિઝર્વના નીતિઘડવૈયાઓએ શ્રમ બજારમાં ફુગાવો મુખ્ય ચિંતાનો વિષય રહેવાની શક્યતા વ્યક્ત કરવાની સાથે ઊંચા વ્યાજદર લાંબા સમયગાળા સુધી જળવાઈ રહે તેવો સંકેત આપ્યો હતો. જોકે, તાજેતરમાં સોનાના ભાવમાં ઉછાળા આવ્યા હોવાથી એશિયન મથકો પર સોનાની હાજર માગ નબળી પડી હોવાનાં તેમ જ ભારતમાં સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં એક મહિનાના ઊંચા ડિસ્કાઉન્ટમાં ડીલરો ઓફર કરી રહ્યાના અહેવાલ હતા.

# વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ધાતુમાં સુધારો



મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૧૦૦ની નીચેની સપાટી આસપાસ જળવાઈ રહ્યો હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારો જળવાઈ રહ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી પાંચનો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં નિરસ માગે અનુક્રમે ભાવમાં કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ટનદીઠ ૯૭૨૮.૨૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આમ વિશ્વ બજારના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં મુખ્યત્વે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૬૩, રૂ. ૬૦૦ અને રૂ. ૯૧૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીન અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૨૮૨૦ અને રૂ. ૮૨૨ના મથાળે અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૫૦, રૂ. ૮૩૭ અને રૂ. ૧૩૪૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૪૩ અને રૂ. એક ઘટીને રૂ. ૨૫૬ના મથાળે અને ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૫૦, રૂ. ૨૦૨ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં પીછેહઠ

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની નબળી ગુણવત્તા અને વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૬થી ૩૯૭૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ અને માલની ગુણવત્તા સાધારણ નબળી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૬૨માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી રહેતાં બન્ને ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૨૦માં થયાના અહેવાલ હતા.



# સોયા રિફાઈન્ડમાં નરમાઈ, વેપાર પાંખાં



મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૬ સેન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૪ રિંગિટનો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં માત્ર આયાતી તેલોમાં માત્ર સોયા રિફાઈન્ડમાં ધીમો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ સરસવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો. જોકે, આજે હાજર. ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં હોવાથી અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન ગઈકાલે સરકારે આયાત માટેનાં કસ્ટમ્સના વિનિમય દર જો ડૉલર સામે રૂ. ૮૬.૪૦ હતા તે વધારીને ૮૬.૭૫ નિર્ધારિત કરતાં સ્થાનિકમાં ટનદીઠ ક્રૂડ પામતેલની આયાત જકાત ટનદીઠ રૂ. પંચાવન, આરબીડી પામોલિનની આયાત જકાતમાં ટનદીઠ રૂ. ૧૨૮નો અને સોયા ડિગમની જકાતમાં ટનદીઠ રૂ. ૬૩નો વધારો થયો છે.

વધુમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોનાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૨૦ અને રૂ. ૧૧૨૫, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૩૫ અને રૂ. ૧૧૪૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૩૦, રૂ. ૧૧૪૫ અને રૂ. ૧૩૪૦, રૂચીના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૫૦, રૂ. ૧૧૭૦ અને રૂ. ૧૩૪૦ અને જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, સિંગતેલના રૂ. ૧૩૭૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સરસવના રૂ. ૧૪૫૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૦માં ટકેલા ધોરણે થયા હતા. આ સિવાય આજે જયપુરની મંડીમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૬૫૦થી ૬૬૭૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



(તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

રાજકોટ પોલીસ દ્વારા ચાઈલ્ડ ટ્રાફિકિંગ મામલે સૌથી મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે ૨૦ જેટલા બાળકોને શોધી કાઢ્યા હતા.

# અંજારના મેઘપરમાં સ્પા સેન્ટરમાં કામ કરતી યુવતી પર છ શખ્સોએ એસિડ હુમલો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અંજાર અને ગાંધીધામ શહેરમાં દેહવ્યાપારનો પર્યાય બનેલા સ્પા પાર્લરોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે તેવામાં અંજારના મેઘપર બોરીચીમાં સ્થિત એક સ્પા સેન્ટરમાં ૩૦ વર્ષિય મેનેજર યુવતી પર અન્ય સ્પા સેન્ટર સાથે જોડાયેલા છ શખ્સેએ ઍસિડ વડે હુમલો કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બહાર આવતાં ખળભળાટ મચ્યો હતો. અંજાર પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, એ-વન સ્પાના ભાગીદારો કમ સંચાલક કલ્પેશ દેસાઈ અને શબ્બિર બાયડ સાથે તેમના સાગરીતો ફિરોઝ લંઘો, મયૂર ઠક્કર, વસંત કોલી અને એક અજાણ્યા યુવક મળીને કુલ છ શખ્સે રાત્રે ઍસિડ એટેકનો ભોગ બનનાર યુવતીના સ્પામાં આવ્યા હતા.

અંજારના મેઘપર બોરીચી વિસ્તારમાં કષ્ટભંજન ગેસ્ટ હાઉસ નજીક એ-વન સ્પામાં મેનેજર યુવતી પર ઍસિડ વડે એટેક કરવામાં આવ્યો હતો. તાજેતરમાં પહાડી વિસ્તારની યુવતી નોકરીએ લાગી હતી ત્યારે આ યુવતીને જ બોલાવવા અને તેની પાસે જ મસાજ કરાવવાની માગણી કરીને માથાકૂટ કરવા લાગ્યા હતા. મેનેજર યુવતીએ સ્પાનો સમય પૂરો થતા અંદર આવવાનો ઈન્કાર કરતા મામલો બિચક્યો હતો. આ વેળાએ બળજબરીથી અંદર ઘુસીને રીસેપ્શન પાસે અન્ય બે યુવતી સાથે વસંત કોલી અને ફિરોઝ લંઘાએ શારીરિક અડપલાં કર્યા હતા. મેનેજર યુવતી અન્ય બે યુવતીનો બચાવ કરવા વચ્ચે પડી ત્યારે બે શખ્સેએ તેણીના હાથ પકડી લીધા હતા. વધુ માહિતી પ્રમાણે અન્ય શખ્સે મેનેજર યુવતીના વાળ ખેંચીને કલ્પેશ દેસાઈએ થેલીમાંથી ઍસિડની બોટલ કાઢીને ધમકી આપી હતી. 'આ ઍસિડ છે અને હું તારો ચહેરો બગાડી નાખીશ' કહીને તેના ચહેરા પર ઍસિડ ઉડાડ્યું હતું.

# ભુજ તાલુકાના લોરિયા અને ખાવડાની કોટડા ચેકપોસ્ટ પાસે બે યુવકનાં અપમૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજ તાલુકાના લોરિયા ગામની ચેકપોસ્ટ નજીક આવેલા ઢાબાની બહાર ખાટલો નાખીને નિંદ્રાધીન ઝુરાના ૪૫ વર્ષીય હાસમ ઉમર સુમરા નામના યુવક ઉપર ટ્રક ફરી વળતાં તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. તેમજ ખાવડાની કોટડા ચેકપોસ્ટ પાસે એક હાઇડ્રોલિક ટ્રેઇલર જીવતા વીજતારને અડકી જતાં ૪૪૦ વોલ્ટનો વીજ કરંટ લાગવાથી મૂળ બિહારનો હાલ ગાંધીધામ રહેતા ૪૨ વર્ષીય મકબુલ ઉર્ફે બલુ ભૂરેખાનનું તત્કાળ મોત નિપજ્યું હતું.

માધાપર પોલીસે જણાવ્યા મુજબ, ભુજના ઝુરાના ભાનુશાલીવાસમાં રહેતો હાસમ સુમરા નામનો યુવક લોરિયા ચેકપોસ્ટ પાસે આવેલા જય બાબેરી ઢાબાની બહાર ખાટલા ઉપર સૂતો હતો. આ દરમ્યાન વહેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં ત્યાં આવેલો ટ્રક (નં. જી.જે.-૧૨-બીઝેડ ૨૫૭૨) ઉપર ફરી વળતાં તેનું ગંભીર ઈજાઓના પગલે ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. માધાપર પોલીસે બેદરકારી દાખવનારા ટ્રકચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે બીજી તરફ, ગુરુવારે મોડી સાંજના અરસામાં ખાવડા ખાતેની કોટડા ચેકપોસ્ટ પાસે અપમૃત્યુનો બનાવ બન્યો હતો, જેમાં એક હાઇડ્રોલિક ટ્રેઇલર વીજ તારને અડકી જતાં ચાલક મકબુલ ઉર્ફે બલુને જોરદાર વીજકરંટ લાગતાં તેનું તત્કાળ મૃત્યુ થયું હતું. આ બનાવ સંદર્ભે ખાવડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માંડવીના ગઢશીશાના રાતા તળાવમાં રૂપકડી માછલીઓના મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: માંડવી તાલુકાના ગઢશીશા ખાતે આવેલા રાતા તળાવમાં અસંખ્ય રૂપકડી માછલીઓના મોત થતા જીવદયા પ્રેમીઓની લાગણી દુભાઈ હતી. માંડવી તાલુકાના ગઢશીશાના ઐતિહાસિક રાતા તળાવના કિનારે લોકો ફરવા માટે આવે છે, પરંતુ હાલ દુર્ગંધના કારણે અહીંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે. આ રમણીય તળાવમાં વરસાદી પાણીના કારણે બારે મહિના પાણીથી ભરેલું રહે છે, જે જળચરો માટે જીવાદોરી સમાન બન્યું છે. આ તળાવની જાળવણી માટે ગ્રામજનો તથા પ્રકૃતિ પ્રેમી સતત સક્રિય પણ રહે છે, પરંતુ હાલમાં આ તળાવમાં અજ્ઞાત કારણોસર પાણી દૂષિત થતાં અસંખ્ય નાની-મોટી માછલીઓનાં મૃત્યુ થયા છે.

ફિશરીઝ વિભાગના અધિકારીના મત મુજબ, તળાવમાં દૂષિત પાણી અને માછલીઓની સંખ્યા પણ વધારે હોવાથી ઓક્સિજનની માત્રા ઘટી જવાથી જળચરોના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરી હતી, જ્યારે બીજી તરફ, જાણીતા બાયોલોજીસ્ટ ડૉ. પ્રણવ પંડ્યાએ જણાવ્યું હતું કે, હાનિકારક તત્ત્વોથી મિશ્રિત પાણી પણ જળાશયમાં જમા થતું રહેતું હોય છે તેમ જ પાણીમાં રહેલા શેવાળ અને અન્ય પરિબળો ઓક્સિજન ગ્રહણ કરતા હોવાથી જળાશયમાં ઓક્સિજનના લેવલમાં નોંધપાત્ર રીતે ઘટાડો થવાથી અનેક માછલીઓના મોત થવાની શક્યતા છે. માછલીના મૃતદેહનું લેબ-ટેસ્ટિંગ કર્યા બાદ જ સાચું કારણ જાણવા મળે તેમ તેમણે ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગ્રામજનોએ ચોમાસા પહેલા જળાશયની સાફસફાઈ થાય તેવી માગ કરી હતી.

# ભાવનગરમાં પેટ્રોલ પંપના કર્મચારીએ પિતા-પુત્ર પર પાઈપ વડે હુમલો કર્યો: બે આરોપી ઝડપાયા



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરમાં કાળિયાબીડ વિસ્તારમાં પેટ્રોલપંપમાં પેટ્રોલ પુરાવા આવેલા ગ્રાહક સાથે સામાન્ય બાબતે બોલચાલ થતા પેટ્રોલપંપના કર્મચારીએ ઝઘડો કરી ગ્રાહકના છ વર્ષના બાળક ઉપર પણ લોખંડનો પાઇપ મારતા લોકોમાં રોષની લાગણી ફેલાઈ હતી. આ મામલે પોલીસે ત્રણ આરોપી પૈકી બે વ્યક્તિને ઝડપી લીધા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરના સરદારનગર વિસ્તારમાં રહેતા અને પાનમસાલાનો વેપાર કરતા હિતેશભાઈ કનૈયાલાલ બાલચંદાની (ઉં.૪૪) ગુરુવારે રાત્રે તેમના પત્ની અને બાળકોને લઈ બહાર નીકળ્યા હતા. તે સમયે કાળિયાબીડ રામમંત્ર મંદિરની સામે આવેલા પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવવા ગયા હતા ત્યારે એક્ટિવાની ટાંકીનું ઢાંકણું ખોલવા બાબતે બોલાચાલી થતા પેટ્રોલપંપના કર્મચારીઓએ લોખંડના પાઇપ વડે હુમલો કરતા વેપારી અને તેના છ વર્ષના પુત્રના માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હૉસ્પિટલમાં ખસેડાયા હતા.

આ બનાવ અંગે હિતેશભાઈએ નીલમબાગ પોલીસ સ્ટેશનમાં પેટ્રોલપંપના ત્રણ કર્મચારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, પેટ્રોલ પૂરાવતા સમયે એક્ટિવાની પેટ્રોલની ટાંકીનું ઢાંકણું ખોલવા કહ્યું હતું. ઢાંકણું ખુલ્લું જ છે તેમ કહેતા પેટ્રોલ પંપનો કર્મચારી જેમ-તેમ બોલી અને અન્ય કર્મચારીઓ પણ ગાળો દેવા લાગ્યા હતા. વેપારીએ ગાળો ન બોલવાનું કહેતા કર્મચારીઓ ઉશ્કેરાય જતા લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. વેપારી તેમ જ તેના છ વર્ષના પુત્ર પર લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો.

આ બનાવની જાણ થતા જ લોકોમાં રોષ ફેલાયો હતો. સિંધી સમાજના યુવાનો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. આ દરમિયાન પોલીસે પ્રવીણ ચૌહાણ અને મનજીભાઈ ગોહિલને ઝડપીને બનાવ સ્થળે ક્રાઈમ રી-કન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું, જ્યારે ત્રીજો હુમલાખોર નાસી ગયો છે. આ બનાવ અંગે નીલમબાગ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગરના તળાજામાં નશામાં ધૂત યુવકનું ટ્રક નીચે ચકદાઈ જતા મોત



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરના તળાજામાં પરપ્રાંતીય યુવક રોજીરોટી કમાવા આવ્યો હતો. આ યુવક દારૂનો વ્યસની બની ગયો હતો. આ યુવાન દારૂ પીને બપોરે ટ્રકના ટાયરની પાછળ સૂઈ ગયો હતો. આ યુવક નશામાં ધૂત હતો કે ટ્રક ચાલુ થયો તે પણ તેને ખબર ન પડી. મૃતકના ખિસ્સામાંથી દારૂની કોથળી મળી આવી હતી.

આગ્રા જિલ્લામાંથી ટાઈલ્સ ચોંટાડવાની મજૂરી કામ માટે અનિલ રામકીશન આવ્યો હતો. આ ઈસમ બપોરના સમયે આશાપુરા હોટેલના મેદાનમાં પાર્ક કરેલા ડમ્પર ટ્રકના પાછળના ટાયર પાસે સૂઈ ગયો હતો. ડમ્પરના ચાલકે રિવર્સ લેતા અનિલ ચકદાઇ ગયો હતો. તેમનું ત્યાં જ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત થતી વિગતો મુજબ એકઠા થયેલા ટોળામાંથી જાણવા મળ્યું હતું કે, ઇસમે બહુ દારૂ પીધો હતો કે તેમને ક્યાં સૂતો છે તેનું પણ ભાન ન હતું. પોલીસે ઘટનાસ્થળે તપાસ કરતા તેના ખિસ્સામાંથી દારૂની કોથળી મળી આવી હતી. આ ઘટનાએ ફરીને સવાલ ઊભા કર્યા હતા કે યુવકના મોત પાછળ જવાબદાર કોણ? પોતે નસેડી હતો એ કે દારૂ વેચનાર કે પછી ખુલ્લેઆમ દારૂ વેચવાનો પરવાનો આપનાર કોણ છે?

# પાટણ નજીક ફેક્ટરીમાં આગ: બે મજૂરો દાઝ્યા, સારવાર માટે મહેસાણા ખસેડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ફરી એક વખત આગ લાગવાની ઘટના પ્રકાશમાં આવી હતી. સિદ્ધપુર-પાટણ હાઈવે પર નેદરા-કનેસરા રોડ પર આવેલી ઈસબગુલની આતિશ ફેક્ટરીમાં આજે બપોરના સમયે એટીઓ મશીનમાં આગ લાગતા બે મજૂરો દાઝી ગયા હતા. તેમને તાત્કાલિક સિદ્ધપુર સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે મહેસાણા ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ફેક્ટરીમાં મજૂરો એટીઓ મશીનમાં સિલિનિયમ નામની ભૂકીની બોરીઓ ભરી રહ્યા હતા. તે દરમિયાન સિલિનિયમની ભૂકીની બોરીઓ ટ્રકમાં ભરવા માટે એટીઓ મશીનનો દરવાજો ખોલવામાં આવતા અજાણ્યા કારણોસર એકાએક આગ ભભૂકી ઉઠી હતી.

આ ઘટનામાં ૫૦ વર્ષીય સરદારસિંહ કેસરીલાલ મીણા અને ૨૫ વર્ષીય અજય પરમદેવ પાસવાન નામના બે મજૂરો હાથ, પગ અને શરીરના અન્ય ભાગે દાઝી ગયા હતા. ફેક્ટરીમાં હાજર અન્ય લોકોએ તાત્કાલિક ફાયર સેફ્ટીની બોટલોનો ઉપયોગ કરીને આગને કાબૂમાં લીધી હતી. ઈજાગ્રસ્ત બંને મજૂરોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિદ્ધપુર સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં પ્રાથમિક સારવાર મળ્યા બાદ તેમની ગંભીર હાલત જોતા વધુ સારવાર અર્થે મહેસાણા રિફર કરવામાં આવ્યા છે. જો કે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબી મનપા દ્વારા મિલકત વેરો ભરવા અપીલ: ૩૭૫૦ મિલકતો ધારકોને વોરંટ ફટકાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોરબી મહાનગરપાલિકા દ્વારા સાત મિલકતોને સીલ કરવામાં આવી હતી. ટેક્સ શાખા દ્વારા તા. ૧ એપ્રિલ થી ૪ જૂન સુધી ૧૦ થી ૧૫ હજાર સુધીની બાકી રકમ ધરાવતા ૩૭૫૦ મિલકત ધારકોને વોરંટ જાહેર કરવામાં આવ્યું હતું. તેમજ સિલ કરાયેલી મિલકતની ટૂંક સમયમાં હરાજી કરીને બાકીની રકમની વસૂલાત કરવામાં આવશે.

ટેક્સ વિભાગ દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી રકમ ભરપાઈ ન કરનારને પણ વોરંટ આપવામાં આવ્યું હતું.

જો ટેક્સની ભરપાઈ નહીં કરવામાં આવે તો મિલકત જપ્ત કરી સીલ મારવામાં આવશે. મિલકત વેરાની ચુકવણી ઓનલાઈન પણ કરી શકાશે. આ સિવાય ઓફલાઈન વેરો ભરવા માટે સિવિક સેન્ટર, પહેલા માળે, રેલવે સ્ટેશન પાસે અને મોરબી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં ટેક્સ ભરી શકાશે. આથી મોરબી શહેરની જનતાને બાકી વેરો તાત્કાલિક ભરપાઈ કરવા માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# મુખ્ય પ્રધાને રાજકોટમાં ૫૫૭ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું, વિરોધ કરતા કોંગી કાર્યકરોની અટકાયત



(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા રાજકોટ શહેર-જિલ્લામાં થયેલા રૂ. ૩૪૩.૩૯ કરોડના ૧૩ વિકાસ કામોનાં લોકાર્પણ તથા રૂ. ૨૧૩.૭૯ કરોડના ૨૮ વિકાસ કામોનાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આમ શહેર-જિલ્લાને કુલ રૂપિયા ૫૫૭.૧૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ મળી હતી. રાજકોટના પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે સાંજે યોજાયેલા લોકાર્પણ-ખાતમુહૂર્તનો કાર્યક્રમમાં જળસંપત્તિ પ્રધાન કુંવરજીભાઈ બાવળીયા, મેયર નયનાબેન પેઢડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સાંસદ પરષોત્તમ રૂપાલા, રામભાઈ મોકરિયા, કેસરીદેવસિંહ ઝાલા, તમામ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મહાનગરપાલિકાના રૂ. ૫૬.૪૨ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂ. ૫.૯૦ કરોડના ખર્ચે રેસકોર્સ સંકુલમાં નવનિર્મિત 'ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી તેમજ એક્ઝિબિશન હોલ'નું લોકાર્પણ તથા રૂ. ૫૦.૫૧ કરોડના જુદા જુદા ૧૭ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટ જિલ્લાના છ રસ્તાઓ અને ૨ પુલના ખાતમુહૂર્ત અને ખીરસરાથી લોધિકા સુધીના રસ્તાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લાને આર્થિક, સામાજિક અને આંતરમાળખાકીય રીતે વધુ મજબૂત બનાવવા મુખ્ય પ્રધાનના હસ્તે માર્ગ મકાન વિભાગ હસ્તકના રૂ.૧૧૨ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામનાર પાંચ રોડ અને ૨ પુલનું ખાતમુહૂર્ત તથા ૧ રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જ્યારે રૂડા હેઠળના તરઘડીથી બાઘી ગામ સુધીના ગાડા માર્ગને આધુનિક રસ્તો બનાવવાના રૂ. ૬ કરોડથી વધુના કામનો પણ મુખ્ય પ્રધાનના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો.

રાજકોટ જિલ્લાના શહેરી, ગ્રામીણ, વાણિજ્ય, ઔદ્યોગિક તથા કૃષિ વિસ્તારોને અવિરત વીજ પુરવઠો પુરો પાડવા, ગુજરાત ઊર્જા પરિવહન નિગમ દ્વારા રૂ. ૨૩૮.૧૧ કરોડના ખર્ચે ૬૬ કે.વી.ના નવા સાત સબ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જિલ્લાના છેવાડાના વિસ્તારોના નાગરિકોને દરરોજ માથાદીઠ ૧૦૦ લિટર પાણી મળી રહે તે માટે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા રૂ.૮૪.૨૯ કરોડના ખર્ચે મોવિયા, મચ્છુ-૧ અને પડધરી એમ ત્રણ જૂથ પાણી પુરવઠા યોજનાના વિસ્તરણનાં કામો સંપન્ન થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્ય પ્રધાનના કાર્યક્રમ સ્થળે ખાનગી શાળાઓની મનમાનીના વિરોધમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ મુખ્ય પ્રધાનને રજૂઆત સાથે વિરોધ કરવા પહોંચ્યા હતા. જ્યાં કોંગ્રેસ પ્રવક્તા રોહિત રાજપૂત સહિત તમામ કાર્યકરોની ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ટીંગાટોળી કરી અટકાયત કરાઈ હતી.

# દેવભૂમિ દ્વારકામાં ગોમતી નદીમાં નાહવા પર પ્રતિબંધ: જિલ્લા કલેક્ટરનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેવભૂમિ દ્વારકામાં ગુરુવારે ગોમતી નદીમાં નાહવા ગયેલા સાત લોકો પાણીમાં ડૂબ્યા હતા. આ ઘટનામાં સ્થાનિકોએ બચાવ કામગીરી હાથ ધરી લોકોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. તે દરમિયાન એક યુવતીનું મૃત્યુ થયું હતું. અવારનવાર ડૂબવાની ઘટનાને લઈને કલેક્ટર દ્વારા ગોમતી નદીમાં નાહવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

દ્વારકાના પ્રસિદ્ધ મંદિરે લાખો લોકો દર્શનાર્થે આવે છે. ત્યારે લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દ્વારકા જિલ્લા કલેક્ટર દ્વારા ગોમતી નદીમાં નાહવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગોમતી ઘાટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ગોમતી ઘાટથી લોકોને દૂર રાખવા કડક પગલાં લીધાં છે. પ્રતિબંધનો કડક અમલ કરાવવા સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ચાંપતી નજર રખાશે. આ સિવાય જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, તેઓ આ આદેશનું પાલન કરે અને ગોમતી નદીમાં ન્હાવાનું ટાળે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. આ ઉપરાંત લોકોની સુરક્ષા માટે વધુ જાગૃતિ લાવવા અને સલામતીનાં પગલાં લેવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

# જામનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિકાસના કાર્યોનું આજે લોકાર્પણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ શનિવારે જામનગર પ્રવાસે છે ત્યારે તંત્ર સફાળું જાગ્યું છે. જામનગરમાં મુખ્ય પ્રધાનના હસ્તે શનિવારે જનરલ બોર્ડના રૂમનું લોકાર્પણ તથા અનેક વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. મુખ્ય પ્રધાનના જામનગરમાં આગમનથી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જામનગરના જાહેર માર્ગોના પેચવર્ક તેમજ નવા કલર કામ સાથેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જામનગરના એરપોર્ટથી લઈને ટાઉનહોલ સુધીના માર્ગો તેમજ સંભવિત કાર્યક્રમને અનુરૂપ શરૂ સેક્શન રોડ, કલેક્ટર કચેરી, તેમ જ ગુલાબનગર સહિતના રોડ પર સાફ-સફાઈની કામગીરી ચાલી રહી છે. આ સિવાય ગૌરવ પથ પરની રેલિંગ તૂટી ગઈ હતી તેનું તાત્કાલિકના ધોરણે સમારકામ કરી તેને કલર કરવામાં આવ્યો હતો. આ સિવાય નવા ડામરના રોડ અને પેચવર્કની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. અડચણરૂપ સ્પીડબ્રેકરો પણ દૂર કરવામાં આવ્યા હતા. મુખ્ય પ્રધાન જે માર્ગ પરથી પસાર થશે તેવા માર્ગો ઉપરથી જાહેરાતના હોર્ડિંગ્સના દબાણો દૂર કરી માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો.

જામનગર મહાનગરપાલિકા દ્વારા જાહેર માર્ગો પર રેકડી, કેબીનો અને અન્ય દબાણો તાત્કાલિક ધોરણે દૂર ખસેડાયા હતા. મુખ્ય પ્રધાનના આગમનને લઈને જામનગરનું તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. જામનગરના સર્કીટ હાઉસ તથા ટાઉનહોલમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. રેન્જ આઈજી અશોક યાદવના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ, સિટી ડીવાયએસપી, ગ્રામ્ય ડીવાયએસપી, હેડકવાર્ટર ડીવાયએસપી સહિતના અધિકારીઓના વડપણ હેઠળ એલસીબી, એસઓજી તથા તમામ પોલીસ મથકના મુખ્ય અધિકારીઓ, સ્ટાફ દ્વારા મુખ્યમંત્રીના આગમનના રસ્તાથી માંડીને સર્કીટ હાઉસ થઈ ટાઉનહોલ સુધી ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.